સુરતની સહેલ

(કાશ્મીરથી—એક કવિ સુરતી)

કુદરત

પહેલે પરિચ્છેદ—

૧	ભાષા—કુદરત અને કવિઓની	૧
૨	કિલ્લાની બહાર	૮
૩	સુરતની ખાડીની	૨૩
૪	બીજ	૩૧
૫	પુનઃ સુરત	૪૭

બીજે પરિચ્છેદ—

નિવેદન

સુરત પરત્વે હળવી લેખમાળા લખ્યા પછી દ્વિભાર્યા પ્રતિબંધક કાયદો મુંબઈ રાજ્યમાં થયો. પણ દ્વિપ્રસ્તાવના પ્રતિબંધક કાયદો અસ્તિત્વમાં થયેલાનું જાણવામાં નથી. એટલે આ પુસ્તકની બે પ્રસ્તાવના—બે આગમાં પ્રસ્તાવના—આપવાનો નિર્ણય કર્યો છે. લેખમાળાના લેખો ૧૯૪૭થી ૧૯૪૯ની આસપાસ કે તે પહેલા લખાયેલા અને ૧૯૪૯માં તો તેને બહાર પાડવાની સંપૂર્ણ તૈયારી પણ થયેલી. પ્રસ્તાવના પણ લખાઈ ગઈ. પણ ભાગ્યવશાત પુસ્તક આપ્રકટ રહ્યું અને એની પાછળથી લખાયેલું Fantastic Cases એ નામનું અદાલતને લગતું વિનોદનું પુસ્તક મને ૧૯૪૯માં બજાર પડ્યું. ત્યારબાદ તરત જ તું ન્યાયાધીશ નિમાયો. ત્યારપછીની મોટા ભાગની કૃતિઓ નીચેની વાતચીત પરથી માલમ પડશે:

"કેમ, તમારાં કંઈ લખ્યાં નથી કે શું?"

"લખું છું ને નિયમિત લખું છું."

"ક્યાંથી લખો છો? કંઈ વાંચવામાં નથી આવતું."

"આજે જ લખ્યું છું. તમે વાંચવા પ્રયાસ કરો ત્યારે ને!"

"ક્યાંથી પ્રસિદ્ધ થાય છે? શા વિષય પર લખો છો?"

"કોર્ટ માંથી જ પ્રસિદ્ધ થાય છે. વિવાદી-પ્રતિવાદી પર જજમેંટ લખું છું."

આમ છતાં પછી કેવી રીતે તો હશે કેમ કાળી? વરસોદરા આવ્યા પછી તો રાવપુરાની રાતના ઉંઘવાણી અને રમણભાઈ દેસાઈના પ્રોત્સાહનથી પ્રસંગોપાત લખવા માંડ્યું. બીજા ઇન્ગ્રેજી રેડીઓએ જાણવા વિષયો પર વાતચીત ચોડવી. એ ઉપરથી બીજા લેખોની માગણી થઈ અને તેને પરિણામે નુરતની સફેરનું ઠેરી બાંધી મૂકી છાંડિનું મેન્યુસ્ક્રીપ્ટ બહાર આવ્યું. ગુજરાત પ્રકાશને વાંચ્યું અને તેને પ્રસિદ્ધ કરવાનું નક્કી થયું. આ વર્ણનમાં કેટલાક ફેરફાર થયા છે. ઘટના બદલાયા છે કોઈની ઊંઘવણી-

માંનાં બીભત્સ તત્ત્વો અને તોફાન ઓછાં થયાં છે. શહેરની વીસ ભાગ્યે જ નીકળે છે. વધતી જતી મોટરોએ ઘોડાની સરસાઈ કમી કરી છે અને રાતોરાત આગળ જવાની તો ઓ કે આઠ વર્ષથી સામાન્ય રીતે સુરત બહારગામ જવાથી સુરતની ધમધમતી નાડી પરની પકડ ઢીલી થઈ છે પણ અંદર પડેલું સુરતીત્વ કમી થયું નથી.

પણ આ તો પ્રસ્તાવનાની પ્રસ્તાવના થઈ. એની પ્રસ્તાવના તો નીચે મુજબ છે. આ રાષ્ટ્રીય બચતના જમાનામાં એ પ્રસ્તાવનાને સમૂળગી રદ કરી આખી નવી પ્રસ્તાવના લખવાનો વખત કરવો મોજ લાગ્યો નહિ. આના નિવેદનનું આકર્ષણ હતું. તે સુરતમાં લખાયેલું હતું અને લેખમાળાને અનુરૂપ તેનો રંગ અને આત્મા હતા એટલે તેને એમ ને એમ રાખ્યું છે. તે નીચે મુજબ છે:

કાઠિયાવાડની વીરભૂમિના લાક્ષણકારે લાક્ષરસનાં કરવો આખ્યાયમાં મોહક્ય છે. સુરતના બીજી વધુ લાક્ષણિક લાક્ષણકાર સદ્ગત શ્રી. છોટાલાલ ગોપાલ ભાઈ જમીનદારે પોતાના પુસ્તકને 'ઝિંઝિયા'નું બીરૂદ આપ્યું છે. 'ઝિંઝિયું' એ સુરતનો લાક્ષણિક વાનગી છે. તેવી જ રીતે આવાજી એ પતંગપ્રિય સુરતનું માનીતું કીડાંગણ છે. એ આવાજીમાં માત્ર એક કે બે પ્રધાનપાત્રો ભાગ નથી ભજવતાં, પ્રેક્ષકો પણ આનંદ માણી શકે છે. સુવેલશાનિના સમયમાં ઉપરથી આવીને કોઈ દબાણી શકવાની કે પેટામાં ભરાઈ જાય તેવી બીતિ ન હોય ત્યારે એ કલામાં બજરવ ન કરો હોય તેમને આવવા ઓછો કરો હોય તેમને પણ સહેલ આપી શકાય છે. આ નાનું પુસ્તક સુરતની આવા-શૈલીઓની અપાતી સુરતની લાક્ષણિકતાઓ અને વિશિષ્ટતાઓની એક સંજ્ઞા છે.

સુરતના સુરની તત્ત્વને મૂર્તિમંત કરતી તેની વ્યાવસાયિક સંસ્થાઓનો આપણે અને હજારો પરિચય છે એમાં કંઈ આશ્ચર્યજનક તત્ત્વો લોપ તે સુરતનું છે, ચૂટિઓ લોપ તે મારી છે

એ સંકેત આપવા ચાર પંજામાં વર્ણવેલા એક કુટી (કાટી) પતંગ તૈયાર થયા છે. પતંગવાળાની દુકાને બાંધેલા પંજાઓમાં દેખાતી વિવિધતા એમાં દેખાશે. કોઈ પંજો 'ઝાડવેદાર' જેવો આદ્યપદાર્થોના સૂચનથી મોટામાં મોટો લાવે તેવો થશે તો કોઈ કુદરતની કોમ સુસવાટ કરતાં કુદરતના વિનાશક તત્ત્વોને રજૂ કરતો હશે. કોઈ પંચરંગી રંગવાળો હશે તો કોઈ એકરંગી અને સાદો હશે.

પંજાના પતંગોની દેખીતી એકવિધતામાં પણ તપાસીને જોનાર ભેદ જોઈ શકશે. તોસિયાર દુકાનદાર પંજાનો ઉપરનો પતંગ ઉપરથી ચાલે, સૂરંબી એકની ધણીએ વાર પાછલા પતંગોમાં કોઈ જરા ફાટલો, કોઈ ચીંથરી-વાળો, કોઈ જરા ઢકૂચો તો કોઈ ખાંડવાળા કકૂચ-કમાનનો ટેમથી દૂર છે તેમ, જો અનાયાસે આ પંજાઓમાં કોઈ ચુકસાની માલ દેખાય તો સુરત વાયદા નિભાવી લેશે. કુશળ સુરતી તો એવા પતંગને પણ સરખો બનાવી તેની મજા માણી જાણે છે છાપ ખાતો લોપ તો કકૂચો મરડીને, બદ્દુ કકૂચનો લોપ તો ઉપરથી કન્ને ખાંડ મારીને અને કન્નાનો લોપ તો સામી તરફ બારણ બાંધીને તેને સરખો કરે છે અને ન સુધરે તેમ લોપ તો છેવટે લડાવી મારે છે, જોનો કોઈ વાચકને મળી આવતાં ઉપરના જેવો કિમિયો વાચક અજમાવશે તો તેવામાંથી પણ ચોરીછૂપી સંકેત જરૂર મેળવી શકશે

બાંધેલ પતંગો સાથે બન્યા નથી જૂના પતંગોને ગાંચવીને બાંધી રાખવામાં આવે છે તેમ કેટલાંક વર્ષો પર બનેલા અને પડી રહેલા કેટલાક સુરતી કારીગરના હાથે સુરતમાં બનેલા છે કોઈ કુમળાના દબાકોર સોનેટોરિયમમાં બન્યા છે તો કોઈના કાપકૂપ માંદેસાનના ત્રિવિધિવાઓના શીતળ વાતાવરણમાં ઘડાયા છે તમામ પર ટાપટીપ થઈ પંજા સુરતમાં બંધાયેલા છે અને અનુકૂળ પવન આવતાં ચગાવાયા છે એક પતંગ બનાવો કોઈ બીજાને પતંગ ચગાવવાનું મન થાય છે તેમ મુઠ્ઠી ચગનું જોઈ એમ થયું કે પવન થઈ જાય ત્યાં સુધી દીક્ષ કરવી હવે મુનાસબ નથી.

પરની આને પછી લઈ પદ્ધતિસર પતંગ ચગાવવા લાયે સમજે ચઢું છું. કિશોર હતો અને વડીલ નહોતો ને વખતના શરૂઆતના સર્જન લઈ 'કિશોર ચકરીલ' તરીકે વિનોદવાહિકા દ્વારા નાવિન્યની અગાશીએ હું ચઢેલો. ત્યારબાદ કોઈ કોઈ વર્ષે કોઈ કોઈ વખતે બોર પતંગ અને પાકોરિયા પીંડુ લઈ કોઈ પતંગપ્રેમીના સદ્‌ભાવ અને પ્રેરણાથી અગાશીએ આવતાવર આવી જતો એવો આકાશકુસુમવત્ પતંગવિહાર ઘણીવાર દીકામાં પણ નથી આવતો અને પતંગ ચગાવનારની સંખ્યામાંથી પણ નામ કમી થતું જાય છે. હવે વડીલ થઈ કિશોર અવસ્થા પછી પાછો કિશોરાવસ્થાનો પતંગપ્રેમ જાગ્યો છે અને જૂના કીડાંગણમાં પ્રવેશ કરી આ 'સુરતની સંઉલ' વાચકના હાથમાં મૂકું છું. હવે તો કંઈ નહિ તો સંક્રાંતિ સમયે એ ભૂમિમાંથી ન ખસવા નિર્ધાર કર્યો છે.

એક બાજુનો ભાર સ્વીકાર કરવાનો બાકી છે. આ પંજીઓમાંના એક પતંગ 'સુરતની કુંડળી'નું સર્જન શ્રી. અલેક્ઝાંડર લાલશંકર પંડ્યાને આભારી છે. એ પતંગના સર્જનનો વિચાર મને સૂઝ્યો પણ તેને માટે જરૂરી કાગળ, કાપ દઈ, મારી પાસે ન હતા. શ્રી. અલેક્ઝાંડરે એ સાધનો પૂરાં પાડ્યાં અને મેં બિમાં કરી તેમની સૂચના મુજબ રચના કરી. એમાં સાધનનો જે યશ હોય તે એમનો છે, જોની બનાવટમાં જે દોષ હોય તે મારા છે.

આ પંજ તપાસી આપવા કાજે જરૂરી શ્રીગણેશ માંડી આપવામાં મારા મિત્ર રાજેન્દ્રકુમાર મહેતાએ મને મદદ કરી છે તેમનો ઋણી છું. આ પતંગોને ચગાવવામાં, કાટેલાને સાંધી આપવામાં, પતંગી પકડવામાં કોઈ આવે તેનો નિર્દેશ કરવામાં, 'કાપ્યો છે' ની ઘોષણા કરવામાં, દોરી લૂંટવા પ્રયાસ કરનારને દોરી લૂંટવાના ખરા સ્વરૂપની ઓળખાણ કરાવવામાં જે કોઈએ મદદ આપી હશે કે આપશે તેનો આભારી છું અને રહીશ."

ચંદ્રકાન્ત છોટાલાલ બક્ષી

સુરતની સહેલ

પંજો પહેલો

(૧) નામ : શહેર અને શેરીઓનાં

કોઈપણ વસ્તુ યા વ્યક્તિનું નામ તેના પરિચયનું મહત્ત્વનું અંગ છે નામમાં તો શું છે? ગુલાબને ગુલાબ ન કહો તેથી તેની સુવાસ ઓછી થવાની છે? આવી દલીલો શેક્સપિયરનું સૂરતીને કરવામાં આવતી આપણે સાંભળીએ છીએ પણ બાલકના જન્મની આગાહી થાય ત્યારથી તે બાલકનું નામ પડે ત્યાં સુધી જે ચર્ચા, મંત્રણા, વાદવિવાદ તેના નામકરણના વિષયમાં થાય છે તે જોતા નામનું મહત્ત્વ છે, એ સ્વીકારવું પડે છે મારા એક ઓળખીતા છે તે તો ઝરી અને પુરુષોનાં સારાં નામોની એક યાદી રાખે છે અને વિકલ્પે પસંદગી પણ કરી રાખે છે આ લખિત મોહન શાહીની પોતાની ખાત્રી એ બાબતમાં મેળવી નથી પણ કહેવાય છે કે લોકોને નામ શોધવાની ઝુમખના પડે એ દૃષ્ટિએ પોતાના નાટક તથા ટૂંકી વાર્તાનાં પાત્રોનાં નામ પાડે છે નામમાં કાંઈ નથી એવી દલીલ કરનારા ગુલાબને બદલે કળી જોશે તો તેથી ગુલાબની સુવાસ તો નહિ ઘટે પણ ગુલાબ પ્રત્યેનું આકર્ષણ અને ઉમળકો ઓછા નહિ જ રહે

નામમાં કંઈ અર્થ ન હોય તો એક સુંદર અને ભાવવાહી ભાષાનું નામ બોમની કે ઉલ્બ, જરી કે મારણ હોવાનું જાણી આપણી સૌંદર્યભાવનાને

આપણા શું કામ ચલાવે? સૌંદર્ય જાણે જ કોમરી જનું હોય એમ શા માટે લાગે? જો નામનો કોઈ અર્થ ન હોય તો પરણીને આવનારી છોકરીનું નામ સાસરિયાં શા માટે બદલે? જો નામ આર્યદીન હોય તો વિરોધીઓ નામ પાડે નહીં સાહસો કે રાજનીતિજ્ઞોને શા માટે ખિજવાટ થાય? જો નામમાં અર્થ ન હોય, ભાવના જગાડવાની કે દર્શાવવાની શક્તિ ન હોય તો પ્રેમીઓ નામને ફુંકણી જેનું નવસર્જન કરી પોતાનો પ્રેમ આને વહાલ બતાવવાનો ક્રમ પ્રયત્ન કરે? સુહીવાનું સુખ, સાહેબજીનું સુક, અને શોભનાનું શોભા થતું હોય તે શું બોડા શ્વાસોચ્છ્વાસ બચાવી જીવન ટકાવવાને?

વસ્તુ અને વ્યક્તિનો પરિચય તો નામથી થાય છે. કેટલીક વાર તેમને જોઈને તેમના નામની તજવીજ કરીએ છીએ. કેટલીક વાર નામ આપણે પ્રથમ સાંભળીએ છીએ અને પ્રત્યક્ષ પરિચય પાછળથી થાય છે. નામ માત્ર કંઈ કંઈ ભાવ અને ચિત્ર આપણી કલ્પનામાં ખડાં કરે છે. વિક્રમનું નામ માત્ર પરોપકાર, પરાક્રમ, પ્રીતિ અને પ્રજાવત્સલતાની મૂર્તિ રચે છે. વત્સલાનું નામ વાત્સલ્ય, ચપલાનું નામ વિદ્યુત જેવો વેગ અને પ્રભાનું નામ નિર્મિતનો નાશ કરતું તેજ મૂર્તિમંત થાય છે, તેવી જ અસર નામની આસપાસ રચાએલા વાતાવરણની છે. શરીર જોયા વિના કોઈ કન્યા રાખિવાળા શબ્દ સાથે કુસ્તી કરવાની કે કલેવાનું મન થાય કારણ કે જયેતીન્દ્ર નામ માત્રથી જયોતીન્દ્ર દવેની સુકલકડી તસ્વીર ઊભી થાય અને કર ન લાંબે પણ વૃષભ શક્તિ-વાળા માણે કે માણેકલાલ સામે લડવાની જગાએ જોયા વિના ના ચાલે. કેટલીક વાર નામમાત્રે ઊભું કરેલું ચિત્ર કંઈ ઉમેરા બદલું પડતું નથી. નામે ઊભી કરેલી કલ્પનાસૃષ્ટિને પ્રત્યક્ષ આનુભવે મજાનુત ફટકો પડે છે. કેટલીક વાર નામ હોય છે ગુલાબ પણ ન હોય સુગંધ, રૂપ કે કુમાશ; નામ હોય અમુકખરાબ પણ આવેલી હોય નાદારી; નામ હોય શુક્રિમતા પણ શરીરના વિશુદ્ધ દીવેલની ભાતેરખબરને બાકસ ગુબાકૃતિ હોય, છતાંયે નામમાં ભાવ જગાડવાની, કલ્પના ઉત્તેજવાની, મન ઝાલવાની, છાપ પાડવાની અદ્ભુત શક્તિ છે. જેમ નામ કુંકુ, ભાનવાળી અને અધુર તેમ સુંદર



સુરતનું નામ પણ તેવું જ છે, કુંડું, મધુર અને ભાવવાહી. સુરતનું નામ સુંદર છે તેવી તેની ઉત્પત્તિ પણ Romance અદ્‌ભુતતાથી ઓતપ્રોત છે. બાળપણના કીકો, બાબો, નાની બેબી વગેરે હોય છે તેમ

સુરતના નામપરત્વે સૂર્યપુર, સુરાષ્ટ્ર, સુરદુ, સુપથિક વગેરે જુદા જુદા નામો લોપાની વિદ્વાનોની અને પોતાને વિદ્વાનો માનનારાઓની અટકળ છે તેમને મતે નામને મોરપણે સ્થિર નામ ધારણ કરે છે તેમ ઉમરબાપ- થતા સુરત સુરત નામ ધારણ કર્યું છે

સુરતનું નામ માત્ર એક વિદ્યાપ્રાપ્તિ અને વિદ્વિષ્ટતા છે એવા દેખે છે કે જેના નામ વૉશિંગ્ટનની પેઠે દેશભક્ત અને દેશરક્ષકની યાદગીરીમાં પડ્યા હોય. વિજેતાઓએ નાશ કરીને આબાદ કરેલા જ વસાવેલા અમદાવાદ, મહેમદાવાદ જેવાં સ્થળો છતે કોઈ પુરાણા મુનિની યાદ આપતું ભૃગુપુર-ભરૂચ જેવું શહેર હતું પણ એક રામકથાની નામની યાદગીરી નાશવંતની અદ્ભુતતા, અપૂર્વતા અને ઉદારતા તો સુરતની જ છે પોતાનું જીવન ઓસર્યા પછી જગત પોતાના પ્રત્યે બેદરકાર બને છે એવી ફરિયાદ રામકથાની છે પણ એ સુંદરી સુરતાને દેવ પડ્યે સૈકાઓ થઈ ગયા છે છતાં સુરત સુરતાનો સ્મૃતિધ્વજ ફરફરતો રહ્યું છે ગુજરાતી ત્રીજી ભાષા હતી ત્યારે સુરતનું નામ સુરતા નામની રામકથા પરથી પડ્યું એમ જોવેલું એમ યાદ છે કોઈ કહે છે કે સુરતા શહેરના સોદાગરની પ્રેમપાત્ર હતી કોઈ કહે છે કે એ કોન્સ્ટેન્ટીનોપલના સુલતાનનું ઉપપત્ની હતી અને તે વેપારી રૂપી લાવે સુરત નામી આવેલી. કોઈ કહે છે કે એક શહેરના વેપારીની પુત્રી સુરતા ન થવી જોઈતી હતી છતાં સગર્ભા થઈ તેથી તેને પ્રસવ માટે ગુપ્ત રીતે માલીવાડે મોકલી આપવામાં આવેલી કોઈ કહે છે કે કામરેજના રાજાએ અપકીર્તિથી બચવા પોતાની માનીતી સુરતાને સુરતમાં રાખેલી ગયે તેમ હો પણ મોટું ચોકકસ છે કે ઇંગ્રેજને પગે પડેલી કોઈ સુરતા નામની સુંદરીનું નિવાસસ્થાન બની સુરતે આ નામ સપાદન કર્યું છે નરસિંહરાવના સમયથી શબ્દની વ્યુત્પત્તિ એક નદિ પણ અનેક થાય છે સુરતની આ વ્યુત્પત્તિમાં નામમ જોતા લોપ નેવા કેટલાક માણસો સુરતની વ્યુત્પત્તિ, સુષ્ઠુ સતુ રત્નાકરી ઋતુવાપુ શહેર એવી કહે છે ત્યારે બીજા સુષ્ઠુ રતિ રતા જેટલે સુરત આનંદાદક પ્રેમકીડાનું સ્થાન છે એમ કહે છે.

ગમે તેમ હો પણ સુરતના નામને ઈશ્ક, સંકેત, કીડા, ગુપ્તપ્રણય સાથે સંબંધ છે. માલવિકા કે તેવા બીજા પ્રેમપાત્રને મદારણીથી ખાનગી મળવાનું સંસ્કૃત નાટિકાઓનું ગ્રીમોદ્યાન જેવું સ્થળ તેના નામથી યાદ આવે છે. સુરતનો પ્રધાનસૂર આજે યે જીવનનો ઉલ્લાસ છે. સુરતનું સૌંદર્ય, સુરતની વિલાસિતા, સુરતની આનંદ માણવાની ધૂનિ આજે યે સુરતમાં છે.

આ અદ્ભુતતા ખુદ સુરતના જ નામમાં નથી. પણ કંઈક તેવી જ અદ્ભુતતા, કંઈક વિચિત્રતા તેના મહોલ્લા અને શેરીનાં નામોમાં પણ છે મારા એક મિત્ર છે જેમને ઓકલા ઘૂમવાની, જગાઓ શોધી કાઢવાની, નવા રસ્તે જવાની ટેવ છે. તેઓને એક નવાબ કુટુંબના નબીરા સાથે ઓળખાણ થએલું, તેમને ત્યાં જવા નીકળ્યા. બંગલો બતાવવા મેં મારો માણસ સાથે મોકલવા કહ્યું તેનાથી તેમની પોતાની શક્તિને અન્યાય થતો લાગ્યો. અને ત્રણ કલાક રખડીને પાછા આવ્યા. બેગમપરાના એકે એક ઘર આગળ થઈને અને શાહી તળાવ ખૂંદીને પાછા આવ્યા પણ તેમને જોકે બેગમનો બગલો દેખાયો નહિ કે શાહી તળાવમાં તપાસ કરતાં શાહીનો નિવાસ જણાયો નહિ. જો સુરતના રસ્તાના નામ પરથી તેનો ક્યાસ કાઢવા કોઈ અજાણ્યા માણસ જાય તો તેની આવી જ ફજેતી થાય.

ગોપીતળાવની પોળમાં કદાચ એક બે કૃષ્ણપુષ્ટ માણસો મળે, પણ બરો ઓઘો એકે નજરે ન પણ પડે. ચકલાવાન પર જઈને ખરા ગળિયાનો ભેંકાર સાંભળવાની આશા રાખો તો નિરાશ થાઓ અને એક પણ ભૂકી શકે તેવો બખેડો નમારી નજરે ન પણ પડે. ભૂતશેરી કે ભૂતફળિયામાં જાઓ તો ભૂત ન મળે ને ચકમક પણ ન મળે. સટા બજારમાં સટો કરવા જાઓ તો ચલેય ભૂવનમાં ભૂસું ખાઈને પાછા આવો અને રૂ વાળાને ઠેકરે તળાઈ ભરાવવાનું રૂ વેચવા જાઓ અને કમનસીબ હોય તો સટોરિયાના દરોડામાં પકડાઈ જાઓ. ચોટા બજાર સિવાયના કેસાપીટના ચકલામાં એક પણ કેરું વેચાતું ન મળે અને નાની અને મોટી શેરીઓમાં તીંગનો વેપારી તો ન મળે, પણ દીઠાનો દાબડો લઈ છૂટક વેચનો મારવાડી પણ ન મળે.

ઘીકાંટાની ગોલ્ડને ઘી જોઈતું હોય તો ઘી લેવા ઘીકાંટે જાય પણ તો ગુજરાતની દુકાને જાય અને દાળિયાશેરીના લોકોને ચેતવે કરે ત્યારે દાળિયા લેવા બજારે જવું પડે અંધારાની ખાતરમાં કોણ જોવા આવવાનું છે એ બધાને મુન્શી કરવા જાઓ તો અમુક એજિસ્ટ્રેટની કોર્ટમાં આરોપીના પાંજરામાં ઊભા રહેવાનો વખત આવે પોપટ મહોલ્લામાં જાઓ તો પોપટનું પાંજરું જ ન દેખાય. પોપટ મહોલ્લાનો લાખી સ્ટ્રીટમાં આવે તો પોપટલાલીને આખો લારો બોમ્બગઢ્યા રાખે પણ પાકગ્રામાંથી ઊતરેલ્યાને કાઢાકોવા જેવા પણ ન લાગે. કાણકોબરની પોળમાં જાઓ તો કાણકોબરનો જ મળે ને ધૂળાંલગાર પણ ન દેખાય અને બીજા બધેથી બધું આપે જ કરે પાણીની ગલ્લીમાં જાઓ તો ન મળે પાણી કે ન મળે કોઈ આત્મામાત્ર બધું. વળી બુદ્ધ મનુમહારાજની વર્ણોશ્રમની શોરબા પરફ્યુમ પડ્યા છે અને બાતસ્તાતીને તો શું પણ બીતરવર્ણના લગન થવા બાકી છે. કોરણે બાયોગ્રેમાં બાંધી જ, દરજીશેરીમાં દરજી, સોનીફળિયામાં સોની બાંધારપાડામાં બાંધારજ, વાણિયાશેરીમાં વણિયાજ, ભાટેલાશેરીમાં ભાટેલા જ, કુંભારવાડામાં કુંભારો જ, મકાતવાડામાં મકાતીજ શોધતા તોયાની કંપની બહાર ચાલી શકાય ? ચોરણામાં ચોરને શોધવા જાઓ તો નીકળી આવે ઘણાયેક બકરા બકાણા અને પઠાણને પઠાણવાડે શોધવા માગતા તો પણ નીકળે સોનો કૂબોએથી. કામનું ચક્ર એવું ફરે છે કે વાણિયાશેરીમાં વાણિયા કરતાં કણબીઓ વધારે છે અને નાગરના ફળિયામાં વાણિયાઓ બરાબર ભાંડવા ભાંડવા છે.

પ્રકૃતિસ્થ માન્યતાઓને અને દંતકથાઓને બાજુએ મૂકીને બાકીનો આખો કલ્પનાને બાજુએ મૂકીને તો ઘણાખરો કૂટ કોયડો ઉકેલ બીજુની મદદ વગર બધા ખાટે તેમના વિશેષણો સંબંધ બદલવા ગોપીઓ સુરતમાં વસવાટ કરવા આવી ગોપી જોઈએ અને ગોપીપરામાં રહેલી ગોવી જોઈએ. વિરહની વેદનાને શાંત કરવા અને વ્યાકુળ મનનું સ્વસ્થન કરવા જે તળાવમાં ગોપીઓ નહાવા પડેલી તે તળાવનું નામ ગોપી તળાવ પડેલું હોવું જોઈએ. વળી જે વખતે કપડાં કાપવાનું કામ માણસોને જુદા કાઢી તેમને કુંવિયામાં રાખવા પડતા હોય ત્યારે વસ્ત્રની ગોપીઓને ત્રાસ ન આપે કાણકોબરના

આપણુકનથી ઉદ્વેગ પામી ઠેર ઠેર તેઓ અટકતા ન હશે અને ઠેર ઠેર ન મળે તે માટે કોઈ દૂરદેશી રાજપુરુષોએ તેમને એક મહોલ્લામાં એકઠા કર્યા હોવા જોઈએ કે જે દરવાજે બજારનો લોક તે જ દરવાજે તે વસ્તીમાંથી પસાર થવાય. આપની ઓલાદ સુધારવાના કોઈ ધરાવતા હોઈ બીનલીધાઓ સમા કોઈ ગોલ્ડિનવિનક હાકેમે કૃષ્ણપુષ્ટ ગોવાઓને એકવાર ગોપામણીઓની પોળમાં જેવા કર્યા હોવા જોઈએ. દમયંતીના શાપથી નાસી છૂટેલો કલિ—કળાજુગ મહોલ્લામાં આવીને ભરાઈ રહેલો હોવો જોઈએ. રાવણનો વધ કરવા જતાં કોણ રામ સુરતમાં રોકાયા હોવા જોઈએ અને તેમણે જ્યાં મુકામ કીધા હશે તે વસ્તીનું નામ રામપરા પડ્યું હોવું જોઈએ. કોણ રામે આરામ લીધા ત્યારે તે વખતે કોણ હનુમાનજી જ્યાં જ્યાં કૂદ્યા તે તે જગાએ લાવના હનુમાનજીનાં મંદિરો સ્થપાયાં હોવા જોઈએ. અને નાકાવટ હનુમાનજીની પોળ, કેળાપીઠ હનુમાનજીની પોળ, ને સોનીફળિયાની હનુમાનજીની પોળ એ બધાની યાદગીરી સાચવી રાખતી હોવી જોઈએ. વળી સુરતની શેરીઓમાં છોકરાઓ હનુમાનજીના મૂછડાની રમત રમતાં તે પણ હનુમાનજીએ તે વખતે શીખવેલી હોવી જોઈએ. ખાંડવાળાની શેરીના માણસોને અસલ ખાંડ આવાની આદત હશે તેથી તે નામ પડેલું હોવું જોઈએ. દમની ઘાયલે પંચદંડ પૈકીનો તેના પાસેનો એક દંડ દોડી રાજા વિક્રમની સવારીની સામું નજર કરી બીજી ખડી કરી દીધી હતી તેમ દમનીની કોઈ બહેન પાનીએ કોઈ અદ્‌ભુત દંડની સહાયથી પાણીની ભીંત આગળ પાણીનો અભેદ્ય દુર્ગ ઊભો કરી દીધેલો હોવો જોઈએ. સમરાંગણમાં કોઈ અનાવિધના નામ પરથી નદિ પડ્યું હોય પણ ત્યાં કોઈ ઘોર સંગ્રામ બોલાયો હશે અને સંગ્રામની ઝપાઝપીમાં સંગ્રામ ઉપરનું અનુસ્વાર કપાઈ જઈ ચંદ્ર પર પડી તેને કદાચિત કમો હોવો જોઈએ. ઈમલી ફળિયામાં ગલીવર લીલીપુરના મહારાજની સાથે રહી ગયો હોવો જોઈએ. અને આજીત પાસની અનુભવતા માણસો જે પારસીપણાનું નામ અસ્તિત્વમાં લાવ્યા હોવા જોઈએ. કોઈ ધોબી કુટારના સબળોએ સુરતમાંથી નાસી જઈ કુતાર નામ પડાવ્યું હોવું જોઈએ અને આપે તો નિર્દોષ બેકુફ હોઈએ એમ બતાવવા કુતારગામની પ્રખ્યાત પાપડીનું વાવેતર શરૂ થયું હોવું જોઈએ.

સુરતની શેરીઓનાં કોઈ કોઈ નામો તેના અમુક રહેવાસીઓને બૂચે છે. કાપડિયાચરાની પોળના નામથી કેટલાક એવા ભડકે છે કે જાણે તેમાંથી પલાર થતાં કાપડા થઈ જવાનું હોય! ગોપીમહોલ્લાની પોળના નામથી કેટલાકને સૂગ ચઢે છે. ગોપીવાન નામ બોલવાથી આકડકસ ચાલી જવાનો બીક લાગે છે. શહેરી સેવકો દેશસેવકોની બદબોરીમાં નર્મદ ચકલો, કોટવાલ સ્ટ્રીટ, ગાંધી ચોક જેવાં નામો અસ્તિત્વમાં આવ્યે છે. કહે છે કે જૂના કેટલાક નામો બદલવા રાજેરજવાડાંના સત્તાધીશોને પણ વિનતિ કરવામાં આવી છે પણ નવાં નામ કયાં પાડવાં તે બાબતમાં ઝગડો પડે તે બીકે તે પ્રશ્ન હાથ ધરવામાં આવતો નથી. માત્ર શેરીઓનાં નામથી વાત નથી અટકતી. કેટલાક મોટરવાળાને સુરતના કોઈ પણ ગામેથી બહારના ઓકટ્રાયની ચુંગી છે. કેટલાકને ઘોડાની શરતોમાં બહુ દેખાય છે. ચંદની પડવાને દિવસે જલેબીમા ખાવાની પદ્ધતિમાં ગ્રામ્યતા લાગે છે. મલાઈ, ચોક, ઠંડાઈખું, બૂસું બાવુ એ પેટ બગાડવાના ધંધા લાગે છે. પનિગાના ઝોખમાં બાલિશતા જણાય છે. અશ્વિનીકુમાર લાગુ પડે છે. લગ્ન-પ્રસંગે ઠંડક કરવામાં તેડાં નોતરાં કરવામાં કાને જબાડુ વખતે શાક શણગારવા જવામાં, પાટે બેસવા જવામાં શરમનો દુષ્કાળ લાગે છે. તેમને આ બધું ફેરવવું છે. એ ફેરવાશે ત્યારે સુરત સુરત નહિ રહે.

(૨) ઉતરાણ—પતંગ

દુનિયાના જીવનમાં પતંગ માટે ચહેલો ઊડે છે. શક્તિ અનુસાર ઊંચો જાય છે, છાપ આવે છે, કપાઈ જાય છે કોનો ઊતરી જાય છે. પતંગનો કંઈ સુરતને એકલાને પરવાનો નથી. ગુજરાતમાં તેમજ બીજા ભાગમાં પતંગ ચગે છે. ઉત્તરમાં દિલ્હીમાં તો સુંદર પતંગ બને છે અને અન્ય સ્થળે વેચાવા જાય છે છતાં પતંગ એ સુરતની વિશિષ્ટતા છે.

પતંગ બીજે ચગતા હશે. નાનાં મોટાં અન્ય સ્થળોએ પતંગ પાછળ ખરચાતાં હશે. સુરતમાં જે જેમે વેચાતો પતંગ મુંબઈનો ઝોરી બની એક આનાની કિંમતનો પણ બની જતો હશે. પતંગ બનાવનારા કારીગરો બીજા સ્થળોએ વસતા હશે પણ જે નન્મથના, પતંગમયના સુરતના ગલેફીઓમાં, પતંગના દિવસમાં આવે છે તે બાગમે જ કોઈ બીજે સ્થળે દેખાતી હશે.

પતંગ સુરતમાં માત્ર છોકરાંઓની રમત નથી. સાંજનો સમય ગાળવાનું સાધન નથી, પણ પતંગ ચગાવવા એ એક કળા છે. તેનું એક આખું શાસ્ત્ર છે. બાળક, યુવાન અને વૃદ્ધને તેનાં સરખા આકર્ષણ છે. અલબત્ત્ત્રુનિએ કહ્યું છે કે ગુણવાનોને ગુણની પૂજા કરવામાં લિંગ કે વયનો બાધ નડતો નથી. પતંગની કદર કરવામાં સુરતને જાતિ કે વયનો બાધ નથી. ગોવી બાગમે જ બીજા કોઈ આનંદદાયક પ્રવૃત્તિ હશે જેમાં પ્રત્યેક વયના અને જાતિના મનુષ્યો ભાગ લેતા હોય.

સુરતની આ પતંગલગની બજારનાને તાજુબી પમાડે છે. એક વખત ઉતરાણના અરસામાં એક બજારના ગૃહસ્થ મનસુખકાકાને મળવા આવ્યા હતા. તેમનું સન્માન કરવાને મનસુખકાકાએ ચા સાથે ખોટું ખૂસું જાનીને નવાઈ મંગાવવાનો વિચાર કર્યો. સુરેશને ખૂસું લેવા મોકલવા બૂમ મારી. પણ સુરેશે અગાસીમાંથી બૂમ ન સાંભળી કોટલે "અગાસીમાં પતંગો ઓટલે બાપને પણ જવાબ દે તેવો નથી" એમ બજરના બંનેના મનસુખકાકા પોતે અગાસીમાં ગયા. ત્યાં તો સુરેશે "ભાઈ, લાલી સાથે બાવણાછ, કાચ પરતી પડશે" એમ કહી તેમની મદદ માગી. મનસુખકાકાએ

વાંસ વટીને જોયું તો કાપડિયાના દલસુખને લાવી ચમાવતો જોયો સુરેશ જો ઉસ્તાદની બ્રોડસ્ટીમાં કાયો લાગ્યો સુરેશના લાબંમાથી 'છોડી દે' કહી દોને લાયમા લઠ લીધો અને પરતી સુરેશના હાથમાં આવી પરતી છોડવા માંડી. નસીબનું કરવું ને સુરેશનું કરિયું કપાઇ ગયું દલસુખનો કાપુ તો જ માટુ નામ મનસુખ એમ કહી તે જ રાતને મનસુખકાકાએ ઓખદાર ઉઘાડ્યો. પરોઢાને બેસાડી ગોવા મનસુખકાકા નઆવ્યા એટલે સવિતાકાકી "બેનજી ૬ દે, ડુ ગોમને બોલાવી લાવું" કહીને ઉપર ચઢવા ત્યાં તો પાછી ઓખદાર અને લાકીને લાગ્યાની તૈયારી હતી અને દોરીને વળીઆ પડ્યા હતા ત્યાં ગૂંચ

આવી "હ ભણે છ કે આ ઓક ગૂંચ અને લખણું લાખી મારા પર પડ્યે" કહી મનસુખકાકાએ કાકીને કામ સોંપ્યુ સવિતાકાકી પણ આ ગોરને ગજવી ગુજરાતના બની ગયા કુસુંબી સાડી પહેરી ગુજરાતને ચમરાંબલે ઘૂમતી ગુજરાતણનું સોનું નેમની આંખમા ચમકવા માંડ્યું ને કલદી કલદી ગૂંચ

ઝડપ્યા લાગ્યાં. કાકા આમથી તેમ ને તેમથી આમ આંખદારને ફેરવીને જોવા મારી લાકડીના પંજામાંથી છટકવા લાગ્યા. દલસુખની બગાસીમાંથી 'આંખદારની પી' ના પોકારો નીકળવા લાગ્યા. 'તારી કે તારા બાપની પી તે હમણાં કર બતાવું છું. જરા ખૂંચ નીકળવા દે,' મનસુખકાકા સામો જવાબ દેવા મંડ્યા. મનસુખકાકા, સુરેશ, સવિતાકાકી—આ ત્રણે જણ આ યુદ્ધપ્રપાસમાં બનતો તમામ ફાળો આપવા મંડ્યા. ચૂંચ નીકળી. "આ જ" કહીને મનસુખકાકાએ ત્રાડ મારી. 'ચાવશો આવ' દલસુખે હુંકારો ઝીલ્યો. તેની સાથે મનસુખકાકાના સુરેશ અને દલસુખના અમન, કંચન અને ગીબલાઓ પોતપોતાના દોરવ્યાલ્ વર્ગો પૃથક્ પૃથક્ પોતપોતાની યુદ્ધપ્રપાસ કરી. પાછળથી કંટાળીને મહેમાન પણ બગાસીમાં આવીને ઊભા રહેવા તેનો ખ્યાલ ન રહ્યો. મનસુખકાકા ઝાલ્યા. આંખદારના જોરે લાલી ઢીલો પડ્યો. ધીમે ધીમે ખંધાવા માંડ્યો. ચોટલો બંધ પડ્યો અને છેવટે તેની જીવનદોરીમાં ભંગાણ પડ્યું. કાકાએ 'કાપ્યો છ' એવી ત્રાડ મારી અને સુરેશે એવી ચીસ કે મહેમાન આભા કર બની ગયા. "ઓહો ભગવાનદાસભાઈ, તમે અહીં આવી પહોંચ્યા? સાળું હું તો પતંગમાં ભૂલી જ ગયો." કાકાએ ભગવાનદાસભાઈને જોઈને કહ્યું "લો પતંગની સહેલ લો. શું પતંગ ચગાવતાં જ નથી આવડતો? તો તો તમે અવતાર જ ઓળે કાઢ્યો મારા મહેરબાન' સુરતમાં તો આઈ મંપ્યા ન જાણનાર બાલમ્ નીકળે પણ કનકવો ન ચગાવનાર માણસ ન નીકળે' કાકાએ કહ્યું.

'હું પણ મો ..મારું પાણી મૂકીને આવી છ" સવિતાકાકીને ભાન આવ્યું "તું જા તે સુરેશ પાસે બૂરું મંગાવ. હું ઉતારવા કાં જોવું? પેલ્લી બૂરી સાથે લઢાવી મારું. લો ભગવાનદાસભાઈ જરા પરતી જાવો."

કાકાએ બૂરી સાથે લઢાવી મારી. બૂરીને ઝપી. તેની નજીકના આરંભેદાર સાથે આંખદાર ગુમાવી નીચે ઊતર્યા. ત્રા થઈ ગઈ. સુરેશ આવ્યો નહિ. ચા પીને ભગવાનદાસભાઈ ગયા. સુરેશ ઘરમાં પડીકું થઈ કોક લાંબા પેચ સડક પરથી જોવામાં ઓતપ્રોત થઈ ગયો હતો કે પેચ પૂરો કપે. ભગવાનદાસભાઈના ગયા પછી આવ્યો.

સુરત હજી સુધારામાં બહુ આગળ નથી વધ્યું. કુંવારા પણ વિદ્યાદેવી પુનાને બદલે જોઈને હજી કેટલાક સુરતીઓની આંખ તેના ચોકઠામાં ઘેરિયા રમે છે સ્ત્રીના હાથમાં ટેનીસનું રેકેટ જોતાં દુનિયા ઊંધી જવા માંડી છે એમ કહેનાર સુરતમાં વધુ છે. રાત્રિના મંડળના મેળાવડામાં ગોળાકારે વર્તુળી બાજાને ફરીને પર ચરણો ગાતી જોઈને તેમાં ભાગ કરી પોતાની બોલ્ડેટ પેઠી કુમારી એમ માનનારા મહાશયો પણ છે. સ્ત્રી પુરુષ બન્ને ભાગ લઈ શકે તેવી કસરત અનીતિમય છે એમ કહેનારા બજારોમાં પોતાનાજ કુટુંબનાં ઘરની વસ્તુ નિહાળી લેનારા ગૃહસ્થોનો સુરતમાં છે. મનુષ્યની છેકરી પગના ચમકારા સાથે કે ચમકારે તેમાં મદદગારને કરવાકરે કે અજુગતું ગણાય છે સ્ત્રી જાતિ પ્રત્યે જો સુરતી સમાજે જોવી વધુ ઉદારતા બતાવી હોય તો તે પતંગની બાબતમાં પરિણામે પતંગનો ઉત્સવ એ છેકરીઓ છેકરી, બાલક વૃદ્ધ સર્વને રીઝવે એવો સર્વમાન્ય અને સર્વલોકપ્રિય ઉત્સવ છે.

સદ્‌ગત છોટાલાલ પ્રભાશંકર ઝવેરીદાસ ઝવેરાતના સુરતી હતા. કલકત્તાના ધણા શોખીન હતા. પતંગ એ સુંદર વ્યવસાય છે, ઓટલું જ નહિ પણ પતંગથી સરસ કસરત મળે છે, ચાલાકી અને ચપળતા આવે છે, આંખ કેળવાય છે અને સુધરે છે. પક્ષીની બાજ અને કોપની ચેપ્ટા નીરખી શકાય છે. એમ માનતા કુટુંબમાં કાબીલાને પોતાના નાયક દ્વારા મુલ્કાની પ્રસાદા કરી છે તેથી જ તે પતંગ ચગાવવાની ક્રિયાની કરતા. પતંગ ચગાવવાથી ચશ્મા પહેરવા નથી પડતા અને આંખની દવા નથી કરવી પડતી એમ પણ તેઓ માનતા. તેમની કેટલીક બીજાને નવાઈ ઉપજાવે તેવી માન્યતા હતી તેમાંની એક એ ખગોળશ્રી અને જ્યોતિષનું જ્ઞાન ગુજરાતી શોખીનોમાં અવશ્યનું અને આવશ્યક છે અને બીજી તંદુરસ્તીના રક્ષક તરીકે પતંગમાં કાદા

પતંગ દેખાય છે કે નહિ. પા કલે તો આંખ ચોક્કસ સમજવી અને ચશ્માની જરૂર નથી એમ માનવું. ના કહે તો પચીસ ત્રીસ વામ દોરી ઉતારવી. નિશાળોમાં અસલ છોકરાઓને જુદી જુદી સંખ્યાના અને કદના કાળા ટપકાવાળા નકશાથી દસે નંબર દૂર ઊભા રાખી કેટલા દેખાય છે, પૂછી આંખ તપાસવાની પદ્ધતિ હતી તે મુજબ ત્રીસ ત્રીસ વામ જ્યાં સુધી પતંગ ન દેખાય ત્યાં સુધી દોરી ઉતારવી. જો પાંચ વખત ઉતારતાં પણ પતંગ ન જોઈ શકે તો આંખ ખરાબ છે પણ ચશ્માની જરૂર નથી' એમ સમજવી પંદર દિવસ રોજ પતંગ ચગાવવાનું પ્રિસ્ક્રિપ્શન લખી આપી કામ પૂરું થયું. કામમાં બે ફાયદા કે પતંગના દિવસમાં આંખના ડોક્ટર પતંગ પણ ચગાવી શકે અને Kite eater ને કુદરતી દવાનો ઉપયોગ થઈ શકે અને રોગીને દવા સાથે મજા પડે. મારા મિત્રે આ નુસ્ખો હજુ કોઈ પર અજમાવ્યો કે નહિ તેની ખબર નથી

૨. જગીરદારના કથનમાં ભલે અતિશયોક્તિ હોય પણ પતંગ ચગાવવા, સફળતાથી પેચ લડાવવા એ એક કળા છે અને ઘણું વ્યવહારિક જ્ઞાન અને દિલચસ્પી એમાં ભર્યાં છે એની ના પાડી શકાય તેમ નથી. મેં જાતે અગાશીમાં ઊભા રહી સિરીપ શરદને એના પાઠ આપ્યા છે. પણ એમાં પદ્ધતિસરના પાઠનીએ જરૂર નથી પડતી. પતંગ એ એક એવી રમત છે કે જેમાં માત્ર રમનાર ચગાવનાર એકલા જ નહિ પણ તેમના ગોઠીઓ, તેમના કુટુંબીજનો અને રસ્તે જનારા ત્રાહિત માણસો પણ આનંદ માણી શકે છે ઘડીભર દુનિયાનાં દુઃખ, ચિંતા અને વિટંબણાઓને ભુલાવી તન્મયતા સાધી શકે એવી સંગીન અને બીજની હરોળમાં મૂકી શકાય તેવી પ્રવૃત્તિ હોય તો તે પતંગ ચગાવવાની છે. ઉતરાણને દિવસે અગાશીમાં વિધિસર પતંગ ચગાવવા જેકીશનભાઈ જાય ત્યારે સાથે તેમના મજાક, છગન, અને કંચન હોય, તે સાથે એમના મિત્રો મનુભાઈ અને રણછોડભાઈ અને તેમના છોકરાઓને આમંત્રણ હોય જ. તેઓ પણ તેમના પતંગ અને પરતી સાથે આવી રહે. એક પછી એક પતંગ ઉડાવે. કોઈકનો પતંગ ચગાવતા હોય તે વખતે દુશ્મન કેટલા છે, તેનો પણ હલ્લો કરવા જેવો છે, નિર્ભય અને સહેલાઈથી ઝપેટો

નાખવા જેવા કેટલા છે, આવશ્યકતા નથિ તેવાઓ તો પાછળથી લીલી આવીને પેટામાં બરાબ તેમ છે કે નહિ, કોઈ ખૂબ દોડે મૂકી અટકેપ બની ગયું બગડું ડૂમકો કરે તેમ છે કે નહિ તેની ખાતરી કરે પ્રતીકાર કરે આગળવાળો ભૂરીવાળો પેન લેવામાં બાબાર કરે તો ભૂરીવાળાની થી બધા મળીને ખોડાવે. મનન પરની પકડે છગન અને કંચન દોરી ખૂંટી વારી ઉતરાણ માટે ખૂબની પરનીનું બરનિયું કરે બગાર તો ફાટવા પર્વતને બચાવવાની મારી આપે, ઓનિની ગૂંચ પડે તો પ્રેક્ષકોમાંથી તાબડતોબ ગૂંચ ઉકેલવા બેસી જાય શાનિના વખતમાં ટેકોરાનદાસકાકાની પણ પણ 'આપે શું પાપ કર્યું, આને તો બરા સદેહ આપિ" કહી નાના વિજુને ઉંચકી બગાસીમાં આવે અને નાના વિજુને ગદોલ બપાવને બદાને પાંચ મિનિટ બગાસીમા આવી ઉતરાણ દર વર્ષ જેવી છે કે નહિ અને કેટલી આવી છે તેની ચર્ચા કરી જાય. કમનસીબે ભારત વર્ષની ચલોબલાની પાછળ આવવાની નથી એવી માન્યતા બાપણામાં મૂળ ઘાલી બેઠી છે, બોટલે ઉતરાણ દર વર્ષે બગવા વર્ષથી બાર બાનીથી દસ બાની ૮૮ થતી જાય છે. પણ ૧૫ પર્વમાં દરરોજ ચારીસ પચાસ વિમાનો નૂરતાં હોવા છતાં કાયમ પાત્રમાંથી નવાં નીકળ્યા કરે છે તેમ દર વર્ષે દસ બારબાની લેખે ઘટતી ઉતરાણ હજી સુરતમાં ઉભરાયા જ કરે છે.

[1] બધી દુનિયાદારી, વ્યવહારિક જ્ઞાન, દાવપેચ અને હિકમતો મુરતની બાબતો બગાસીમાં શીખે છે. બગલો ચતુ બચાનક હુલ્લો ન કરી જાય તે માટે ૧૦મેશ પગલા ચલાવતાં ચેતતા રહેવું પડે છે. બોટલે ચેતતો નર સદા સુખી' બો બોધપાઠ બાઠ મુરતી બાબતને બગાસીમાં બાબે છે. પાછળથી બગવાન ચતુ ખૂબ દોરી ઢીલી મૂકી આવે અને બાપણા પતંગે હજી જોર ન પકડ્યું હોય તો બાપણા પતંગને કેમ ખેંચાવવો, કેમ ચોક મરાવવી, કેમ નીચો બમાવી દેવો અને છેવટે કંઈ નહિ તો Discretion is the better part of the valour બો સૂત્રને બાધારે પતંગ કેમ ઉતારી નાખવો બે શીખી બગવાન ચતુથી છટકવાને પોરીને ન્યા ચારવા જવાના, સામસે નાસી જવાના, પારીની બહીમાં ભરાઈ જવાના પાઠો બાબા-

સીમાં મળે છે. આગળવાળો પેચ લેવા ન માગતો હોય તે વખતે નદી કિનારે બેઠેલ બગલાની પેઠે આમતેમ ડોકી ફેરવી ઘૂરકવાનો ઢોંગ કરવાના, તેના પાસેના બીજા પતંગ પર દૃષ્ટિ છે એવો આભાસ કરવાના પાઠ પણ અગાસીમાં શીખવાના મળે છે. સામાનો પતંગ દોરી મૂકી પગભર થાય તે પહેલાં જ તેના પેટામાં બરાબર તેને પૂરો કરવાની નીતિ જોઈને દુશ્મનને તો ઊભાનાં જ ડામી દેવો એ સૂત્ર મન પર કરે છે. વળી જ્યાં સુધી પતંગ અને દોરી બને સંકળાયલાં હોય ત્યાં સુધી સાધારણ રીતે કોઈ ટાંગર કે ઝોલ મારવાની હિમ્મત કરતું નથી. પણ પતંગ જ્યાં દોરી લુટાય છે તે જોઈને હિંદુ વિધવાની અસહ્ય સ્થિતિનો ખ્યાલ આવે છે. વીમા ઉતારવાનું કામકાજ કરનાર એક મિત્રનું ધ્યાન આ બાબતમાં દોરાતાં દોરી લુંટાતી હોય તે વખતે વિધવાની અસહ્ય સ્થિતિનું ચિત્ર દોરી તેઓ ઘણી પોલીસીઓ મેળવી શકયા છે. કન્ની તૂટી જતાં, ઊંચા ઊંચા ફરી ઝાડના ઝાપ્ટામાં કે છાપરાં પર પટકાઈ પડતો પતંગ અનીચ્છાએ વિધૂરની સ્થિતિનો ખ્યાલ આપે છે. કપાઈ જતી કનકવીને ઘોટીઘોટીને ઘપટાવવાનો પ્રયત્ન કરતો પતંગ સંવત્સરનો આબેહૂબ ખ્યાલ આપે છે. અને છેવટે હવે તો છૂટો પડીને જઈ શકશે નહિ એમ લાગે અને કનકવીને હાથવે ઘાગવે ઘેર લેંચી લાવવામાં આવે ત્યારે ગોરાણકેરા પૂરા થઈ ગયા બાદ વધુ વર બનીમાં બેસી ઘેર આવતાં હોય તેમ લાગે છે. આવી ઊંચકુદ કોઈ અડોશીઆને નાની કનકવી ઘપટાવી લાવતી હોય તે જોઈને વટિલ પ્રત્યેની ફરજ અને સેવાનો ખ્યાલ આવે છે. 'આને આંધે અવડ બોરવી તીરથ કરવા જાય, બાપકના આ ઉખાણો સૌને અક્ષરજ્ઞાન' ઓ પંક્તિ પાઠ આવે છે. મોટા પતંગને નીચથે કન્ને ગાંઠ બાંધવાથી યા પૂંછડું ચોંટાડવાથી સ્થિર થતો જોઈને વિદ્યાર્થી છોકરાનું મન સ્થિર કરવા તેને કન્ને ગાંઠ વાળી તેને પૂછડું લગાડી આપવું એવો સ્વોપજ્ઞ બોધપાઠ મળે છે. પંદરવીસ પતંગને કાપી જ્યારે એક પતંગને પાછો ખેંચતો જોઈએ છીએ ત્યારે ચોટરલૂની લડાઈ જીતી વેલીંગટન ડ્યુકને પાછો ફર્યો ત્યારે તેને કેવું સન્માન મળ્યું હશે તેનો ખ્યાલ આવે છે. સારો પતંગ ચગાવનાર પવન અને કપવનનો ભેદ સારી

રીતે સમજી જાય છે. પવનને પીછાની તે માર્ગદર્શક પોતાના પતંગને લડવામાં. સહાયની અને શામર્થ્ય છે. અને કપવને પતંગને લઈ જવામાં આસક્તિ અને ભોખમ છે તે ઓ સારી રીતે જાણે છે. પણ કેટલાક સુરતીઓએ સફળતાપૂર્વક દીવાનપદ સાચવ્યું છે તેનું કારણ કદાચ અજાણ્યા તેમને મળેલી ઉપલી કેળવણી હોય તે બનવા જોગ છે.

અંગ્રેજોએ હિંદુસ્તાનને નિઃસત્વ બનાવવા છતાં પણ જે કંઈ ચેતન સુરતીની જીભ અને કોમમાં રહ્યું છે તેનું માન સુરતની હોળી અને ઉતરાણને છે. વસંતોત્સવનો પ્રધાનસૂર શૃંગાર હોય તો ઉતરાણનો પ્રધાનસૂર વીરરસ છે. પેચ એટલે યુદ્ધ, પેચ એટલે બુદ્ધ બુદ્ધા બુદ્ધ, પવટા, કુનેહ, દાઉનો ઘેટ. 'પી' એટલે સંતાતા ગ્રહને બહાર લાવવાનું આવાહન. સામાનો પતંગ કપાય પડીને "કાપ્યો છે" નો પોકાર એટલે વિજય મહોત્સવ, પરની એટલે સીઝની દોરી. વળી તે ઉપરાંત જ્યારે દોરી પકડનારનો વિવિધ પ્રકારની સૂચનાઓથી સત્કાર થાય, જ્યારે નવિનમાં દીકરા દોરી પકડનારની આજાસીમાં ફૂંકાતાં આવે અને ચગતા પતંગ પર પેચ નાખનારની અને બીજી દોરીઓ પેચ લઈ લેંચમતાણી કરનારની બલોનેર પેચી ઉપેક્ષી નાખવામાં આવે ત્યારે સંગ્રામનું વાતાવરણ જામે છે. અગાસી પાસેની ઓરડી ઓ હૉસ્પિટાલનો ખ્યાલ આપે છે. તેમાં કૂટેલી ગપેચા, પથાળે કાઢેલા, કમાન ફટકેલા, કન્ની તૂટેલા, પતંગો સારવાર માટે આવતા જાય છે. ગુંદર, લાડી, બાલ વગેરે સારવારનાં સાધનો ઓ ઓરડીમાં પડેલાં હોય છે. ન સાંધી શકાય અને ન સુધારી શકાય તેવા પતંગો પોતાનું બધું ન થાય તો પોતાના હોગથી પોતાના સંબંધીઓની અંતસુધારણા થાય એ માટે દધિચિ ઋષિની આત્મસમર્પણની ભાવનાથી ઈસ્પિતાલમાં પડયા હોય છે. બેબી, બિન્નુ, ગોટુ, વિગ્રહના છેક વ્યવસાયમાં ન પડ્યા હોય તેવી વ્યક્તિઓ-ઈસ્પીતાલની નર્સો સમી સારવારનું કામ કરવા તૈયાર બેઠેલાં હોય છે. પીના હોકારા, કાપ્યોછના વિજયપોકાર, ઉતરી ઉતરી સરકતની, ઉડ્યના નભિયા! પવનમાં સુસવાટ કરી ઊડતા પતંગ મોટા ઓક પ્રચંડ સંગ્રામનું વાતાવરણ પેદા કરે છે. વળી વિશ્રુત પદ્ધતિઓ પણ સમયને અનુસાર બદલવાની જાય છે. લાલનો જમાનો ગયો છે. ત્વરિત પરિણામોનો

છે. જૂની પદ્ધતિના પરતીના ઘાબા પેર કેટલાકને ગમતા નથી તેથી તેઓએ તેમાં એક Blitz krig (બ્લિટઝ ક્રિગ) દાખલ કરી છે. પ્રથમ તૈયારી કરી ઓચિંતો છાપો મારવાની અને તાકીદે નિર્ણયાત્મક પરિણામ લાવવાની આ પદ્ધતિ છે. પત્તાં દોરો મૂકી દાવ મારનારો પાછળથી આવે છે અને તમે એમ જાણો તે વખતે તમે આંખ ચોગાનેં જુઓ કે શું થયું તેટલામાં તમારા પત્તાંના પેરામાં બરાઠ પત્તંજ તે દોરીનો વિનોદ કરાવે છે. આવા દાવ મારનારા સામે જૂની ઘરતીના પેચના નિષ્ણાતો નિઃસહાય બની જાય છે.

ચોપાટી પરથી કન્યા આંધિયો પતંગ લાવનારને જો તો આગલે દિવસે લાવેલા પાંચ પંદર પતંગો ઉતરાણને દિવસે જેમ જેમ જરૂર પડે તેમ તેમ તેની કન્યા બાંધી ચગાવનારને સુરતની પતંગબાજીનો ખ્યાલ આવે તેમ નથી. ઉતરાણ એ કંઈ સુરતમાં એક દિવસમાં બનતા બનાવો ઉત્સવ નથી કેટલો મુંબઈ અને સુરતના લગ્નની ઊજવણીમાં ફેર છે તેટલો જ સુરતના અને બીજા સ્થળોની ઉતરાણની ઊજવણીમાં ફેર છે ઉત્સવને આગળ પાછળ લંબાવી લંબાવી આપણાથી, ઉજાણીથી તેનો આનંદ લૂંટવાનું સુરતીઓને આવડે છે. લગ્નના દમામથી ઉતરાણનો ઉત્સવ ઊજવાય છે કન્યાના વૃત્તાંત ઘરેણાં દિવસોથી ચેવાતા માલમ છે તેમ પંદર વીસ દિવસ આગળ દોરીની ચીજ અપેક્ષાય છે. તેનો માંજો તૈયાર થાય છે. ઊંચીવા પુરુષો તો જાતે માંજો તૈયાર કરે છે જુવાનોય બાપ તેમ ચોક્ર પતંગ દોરી બાજબાયક બાતર બાપરી જોવાય છે લગ્નને આગલે દિવસે તૈયારીઓ પરિપક્વ બની જાય છે તેમ ઝૂંટો, નકિયા, ગુદર, ખાડી વગેરે બાપનો તૈયાર થાય છે. આગલી રાતે પતંગને કન્યા બાંધી તૈયાર કરવામાં આવે છે અને ઉતરાણની આગલી રાતે કન્યા બાંધતા પતંગો ઉતરાને મળી જઈ પુરજની તૈયારી કરતા અભિમન્યુનો ખ્યાલ આપે છે. લગ્નનાં આમંત્રણો નીકળે છે તેમ બાજીનાં આમંત્રણો પણ આગલે દિવસે નીકળી ચૂકે છે. ઉતરાણનો દિવસ જો તો આકાંક્ષાભરી દિવસોની તૈયારીનો પરિપાક છે.

સુરતીને પતંગબાજી સાથે ગાઢ પરિચય છે. તેને લાગમાં લેનાર તેની જન્મ ભૂમિ, તેનો સ્વભાવ, તેનું વજન, તેની વૃત્તિ, તેની શક્તિનો ખ્યાલ તેને

આવી જાય છે. હાથમાં લેતાં જ તે ચગતાં કુશકી જાય કે કામ પૂરું કરશે, છાપ પાડે કે ચલી જાશે, કન્નાશે કે સમદૃષ્ટિથી ચગશે, લોટશે કે ઘસડપટ્ટે ને કરી શકે છે. આટલું જ નહિ પણ પ્રત્યેક પતંગને તેના નામથી ઓળખી શકે છે આ સુરતની વિશિષ્ટતા છે. મને મુંબાઈની ઉતરાણનો અનુભવ છે. હું મારા મિત્ર બચુભાઈને ત્યાં પતંગ ચગાવતો હતો ત્યાં બાજુએ આવીને મને કહ્યું 'મેં પતંગ પકડયો.' કેવો છે એમ પૂછતાં જવાબ આપ્યો 'તેના પર લે ગોળા છે.' હું સમજી ગયો કે લાડવેદાર છે. નીસરણીનું અંગ્રેજી ભૂલી જતાં એક જણે Long long sticks with short short steps એવું વર્ણન આપ્યું હતું તે મને યાદ આવ્યું. બીજા પતંગોના પરિચય બાબતમાં પણ મારા મિત્રના ભાઈઓમા આવું જ અજ્ઞાન જોયું. સુરતનો છ સાત વરસનો છોકરો ચોત તોયે જોઈને તરત લાડવેદારને ઓળખી શકયો



ચોત. મનુષ્યના નામની વિવિધતા સુરતે પતંગના નામોમાં જાળવી રાખી છે. એ ખરું છે કે પોતાના કુતરા બિલાડી સિવાય બીજાના કુતરા બિલાડીનાં નામ જાણવા કોઈ પરવા કરતું નથી, પણ પારકાનો કે પોતાનો કોઈ પણ પતંગ સુરતી નામથી ઓળખે છે. મનુષ્યના નામમાં વિવિધતા છે, તેનાથી ઊલટતા સ્થાને જે કોઈ પણ સૃષ્ટિમાં વિવિધતા હોય તો તે પતંગની સૃષ્ટિમાં છે. મનુષ્યોમાં ગોરાને ઓરિયો અને કાળાને કાળિયો કે રૂપામણાય

કહેવામાં આવે છે. તેમ રંગ પ્રમાણે પતંગોમાં પણ કાળી, લીલી, પીળી, ભુરી, મજીઠ વગેરે નામો છે. પૈસો હોય તે પૈસાદાર કહેવાય છે. તેમ ઘાટવા હોય તે ઘાડવેદાર, પટો હોય તે પટેદાર, આડો હોય તે આડેદાર, તેમજ ટીલેદાર ભાલેદાર, ચોગોડેદાર, વગેરે નામોથી પતંગો ઓળખાય છે. તે ઉપરાંત દબિયું કામડી, આપાગોથી, પંચરંગી, અને વિવિધ નામના પતંગો છે. વળી જેમ મનુષ્ય જાતિમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર ચાર વર્ણ છે તેમ પતંગ સૃષ્ટિમાં પણ છે. चातुर्वर्ण्यं मयासृष्टं गुणकर्म विभागशः એમ ગીતામાં શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે તે પતંગને પણ લાગુ પડે છે. તાવિયો, પોલિયું, અડધિયું, પૈસાવાળો એ ચાર એના મુખ્ય વર્ણ છે. શૂદ્રોમાં અનેક જાતિ છે તેમ પોલાવર્ગમાં બે પઈ વાળી, કુરંગી, વગેરે ઘણી જાતિ છે. આ ચાર વર્ણવાળા સામાન્ય રીતે પોતાને યોગ્ય કુળની કન્યા પરણે છે. ઉચ્ચ વર્ણના પતંગ ગેડા, કીલનછાપ વગેરે કુટુંબની દોરી સાથે સંગઠિત થાય છે. છેલ્લી વર્ણના પતંગ સાંકળછાપ, સાદી તેમજ છેવટે ચાટણી પર પણ ચડે છે. કેટલીક વાર વર્ણવિકારથી જોનાવપાંચ જેવા વિકારવર્ણ પણ ઉત્પન્ન થાય છે. શુદ્ધ યોનિના અંગ્રેજી ભણતરથી ભાવ વધે છે તે પ્રમાણે મૂળ પૈસાવાળાના ભાવ ઘણા ચડયા છે. તેની કિંમત પૈસાથી વધી જે પૈસાની તણ પૈસાની થઈ જાય છે. અંગ્રેજી રાજ્યનીતિને અનુસરીને ઉચ્ચ જાતિના ગણાતા અડધિયા પોલિયા અને તાવિયાના માન ઘટી ગયાં છે. ને પૈસાવાળાથી માંડીને બે તાવવાળાના માન વધ્યાં છે. રાજ્યદરબારે માન પામેલા વર્ણ-ક્રમ પ્રમાણે ન્યાત કરી ઉચ્ચ વર્ણની કન્યા પરણવાની આકાંક્ષા સેવે છે તેમ આ પૈસાવાળાને જોનાવપાંચ વાળા પણ પ્રથમ અપ્રાપ્ય ગણાતી ગેડાછાપની કન્યાનું પાણિગ્રહણ કરે છે. મનુષ્યસમાજ અને જગતમાં જે જે આંદોલનો આવે છે તેના પ્રત્યાઘાતો પતંગજગતમાં પણ થયા વિના રહેતા નથી.

વળી પતંગપ્રેમે ભાષા પર પણ અસર કરી છે. એ અસર પણ સુરતની વિશિષ્ટતા છે. નીચેની વાતચીત પરથી સુરતની પતંગની પરિભાષાનો ખ્યાલ આપશે.

"કેમ રમણભાઈ, તમારા રમણભાઈનો પતન કેમ છે?"

"આજે સાંજે કરવા કહ્યાય છે."

"કેમ કંઈ એક બાજુ બારબાર આપવો છ કે શું?"

"નારે! મેં નાગુકાકાના ચીમનને લપટાવીને પાંચ હજારની પોલીસીમાં ભિરવેલો અને તું પેર ઉતારી લાવતો હતો તેવામાં તેણે દામર નાખવા માંડ્યું."

"પાકો?"

"હું ફંટાઈને લાપ પર ઉતરી લાવવો."

"પછી"

'એણે જે કાકાના ભત્રીજાને દસ હજારની પોલીસીમાં લપટાવેલો. તેની હું વચ્ચે પડ્યો. અમારા ત્રણના લાપના. બહુ ઊંચમતાતી થઈ. મોટું કપાઈને છૂટો પડી ગયો. ત્યારથી મારી સાથે બહુજ કન્ના ય છે.'

પતંગ ચગાવવાના પણ કેટલાક અમુલિખ પણ રાષ્ટ્રમાન્ય કાયદા છે. કેટલાક બંડખોર શબ્દોનો અપવાદ બાજુએ મૂકતાં એ નિયમો પળાય છે. જ્યાં સુધી દોરી ને પતંગનો સંપોગ છે ત્યાં સુધી તેના પર ઝોક મારી શકાતી નથી. પતંગવિહોણી દોરી કંઈ નહિ તો પોતાના સ્નેહી કોળખીતા અને પાડોશીઓનો ન જ પકડવી જોઈએ એમ ચગાવનારા માને છે અને છાતીમાની પકડી આત્મારીમાં છુપાઈ જવામાં ખોટું કે અન્યાય નથી એમ પકડનાર માને છે. કપાયેલો પતંગ પકડવો એ લાવો છે. તેને માટે દોટ મૂકવી પડે, છાપરે પર કૂદવું પડે, નળિયાં ભાંગવાં પડે, બીજાની અગાશીમાં કે તેમના છાપરા પર તેમની મેરબાનીમાં કૂદવું પડે, એમાં વાંધો આવતો નથી. પણ એકવાર કપાયેલો પતંગ બીજાના હાથમાં પકડાયો અને તેની 'હાથ પર' છે એમ તે ભૂલ મારે તો બીજા નનીબનો છે એમ સમજી મન વાળવું. અને બીજે કપાઈ આવે બોની રાહ જોવી. નામાચાર્યો આપણી દોરી પકડીને પોતાનો હાથ કાપે તેના કરતાં નળિયું મારી તેનું માથું ફોડી તેના માથામાંથી લોહી કાઢવું જો અહેતર છે એમ કેટલાકની માન્યતા છે. વળી આકાશી કાપડાના પોલીસ કોર્ટ મુજબ અંધારા પડ્યે કોઈ પણ પતંગ વિના બત્તીએ ચગી શકતો નથી. રાજદારી પત્નીઓની રક્ષામતી ખાતર આ કાયદો કરવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં જેને અંધારા પછી પતંગ ચગાવવો હોય તેમ પતંગ પર ફાનસ રાખવું પડે છે. છતાં કરવી પડે તે વસ્તુમાં આનંદ અને મોટાઈ માનવાની સુજ્ઞતીને ટેવ છે. તેથી આ કિયાને ફાનસ ચગાવવાની ઉપમા આપી તેમાં તે આનંદ માણે છે.

સ્પર્ધા કરવાનો આ પ્રયાસ નથી ? તેં આકાશમાં સૂર્યચંદ્ર અને અગણિત તારા રૂપી દીપકો ટાંગ્યા છે તો હું પણ કાગળ પતંગ દ્વારા આકાશમાં પ્રગટાવું. તારા આકાશમાં અનેક પતંગો ઊડે છે. અમે પણ અમારા નિર્મિત પતંગો ઉડાવીએ છીએ. પતંગ શબ્દ સુરતને બહુ પ્રિય નથી સુરત મોટે ભાગે પતંગને ફનકડા તરીકે ઓળખે છે. છતાં પતંગ શબ્દ તેના બીજા અર્થ પણ સાથે તેનું સામ્ય, તેની સંસ્કારિતા અને સાહિત્યપ્રિયતાને લઈને સુરતી તત્ત્વ કમી થવાને બદલે પણ આ બેબાકળીમાં પતંગ શબ્દ જ વાપર્યો છે. સરસ્વતીચંદ્રે પણ પતંગને જ ઉદ્દેશીને કહ્યું છે: "પતંગો ઊડતી જેવી, હવે મારી ગતિ તેવી."

સરસ્વતીચંદ્ર બધે માનતો હોય કે તેની સ્થિતિ પતંગ જેવી છે પણ કપાયેલો પતંગ પણ ઓમ માને છે કે તેની સ્થિતિ સરસ્વતીચંદ્ર જેવી છે. ઉત્તરાયણને દિવસે કપાતા અને કપાયેલા પતંગનો કોઈ શોક કરતું નથી, એક કપાતા બીજો ચીકજે છે. કપાયેલો પતંગ, દોરીથી વિયોગ પામેલો પતંગ પણ સરસ્વતીચંદ્ર જેવી જ મનોદશા ભોગવે છે. તેને પણ લાગે છે:

હતી જ્યમી ! હતા તાર !હતી બાંધી હતા પ્રાણ !

હું ચગતો હતો ત્યારે મારે પણ સૌભાગ્ય હતું. પિતામાંથ વરદાનકાર હતો. પ્રિયતમા રામ દોરી હતી. બીજા પતંગ ભાઈઓ પણ હતા પણ હવે તો—

દીધા છોડી પિતામાતા, તજ્યા બંધવો જુહ્યો દારા. વરદાનકારના આનંદને બદલે પેચ લડવા પડ્યા. દોરીનું કહ્યું માની નહીં ન પડ્યો, દાદુર બની લડ્યો.

" પિતા કાજે તજ્યા બંધવો, ગણી ના ઘાત મેં તાણે;

થયો દાદુર મન માન્યો,વિફળ થઈ સ્નેહની વાનો."

પોતાના બળથી દોરી નીચે પડે છે, ઘવાય છે, રૂવે છે, પોતાનાથી જે મદદ થઈ શકતી નથી તેથી કહે છે.

" હવે સુકુમાર ઉર ફાટી જશું જોતું રહ્યું બાકી,
રૂવે તો દેવી રેવારે આપિકારી ન બોલવાને
પ્રિયાના આંસુ તું બાઈ, ન રહેવાય જોવાઈ."

એને લાગે છે કે બીજા પતંગ સાથે એની દોરીને ચગાવું પડશે. ચગાવશે તેથી પોતાને ખૂબી કબાની સલાહ આપે છે. બીજા પતંગ સાથે મન મનાવી લેવાની સલાહ આપે છે.

"અલ્યા ઉદાર થવાથી રે, દયાની દેહ રાખી રે,
ન ભુલાનું તું ભૂલી રે, વિધિનું ધાર્યું વેઠી લે,
ન જોડાનું તું જોડી રે, છૂટેલાને તું છેડી રે,
છૂટે ના તે નિભાવી લે, પડ્યું પાનું સુધારી લે;
ન ભુલાનું તું ભૂલી જા, દીસે તેને નભાવી લે,
ન ભુલાનું તું ભૂલી જા, વિધિનું ધાર્યું તે થી જા."

પોતાને ખૂબી કબાવા ચમાવનાર તરફ પણ તેને સરસ્વતીચંદ્ર જેવા વિચાર આવે છે :—

"સુખી હું તેથી કોને શું ? દુઃખી હું તેથી કોને શું ?" હું દુઃખી તેથી કોને શું અને હું સુખી તેથી કોને શું ? મારી કોને પરવા છે ? એ તો બધેથી બીજે પતંગ ચગાવવામાં પડ્યો છે. હું નદીમાં પડીશ, ઝાડના ઝાખાળામાં ચડી બેસી-જાઉંશ, ધુતારાઉંશ, ઝુંપડામાંના ઝુંપડામાં બેસવાઉંશ, ઝુંડાવાળા મને પકડવા દોડશે, ઘપટાવશે, મારા દેહને ઝાંખરામાં ભેરવશે, કાપો પાડશે, હાડકાં પણ તેથી કોને શું ?

(૩) સુરતની સરસ્વતી

સૌ. હિન્દના સર્જનમાં સુરતે મોટો ફાળો આપ્યો છે. સુરતે નર્મદ જેવા કવિ લેખક અને સુધારક આપ્યા છે. નવલરામ જેવા વિવેચક આપ્યા છે. રમણભાઈ, જયોતીન્દ્ર, ઝવેરદાર અને ધનસુખલાલ જેવા સાક્ષરવર આપ્યા છે. પણ આનાથી જુદા જ પ્રકારનું એનું વાર્ષિક ઓકયોગ અને લોકસર્જિત સાહિત્ય છે. લેખક બોખિનીથી સરસ્વતીની ઉપાસના કરે છે. અપઢો બાર કરનાં સુરતનો સાધારણ શહેરી વાણીથી સરસ્વતીની ઉપાસના કરે છે.

ગુજરાતમાં, હિંદમાં કે દુનિયામાં માતીપ્રદાનનો માત્ર સુરત ઈજારો ભોગવે છે એવું નથી. પણ સુરતના માતીપ્રદાનમાં કંઈ વિષમતા છે. એ માત્ર આળ નથી, ધિક્કાર, અકુગમો, રોષ બતાવવાનું જ સાધન નથી. એ તો ભાષાનો એક ભાગ છે અને ભાષામાં ઓતપ્રોત છે. Self expression-આત્મ-નિરૂપણ નું એક આવશ્યક અંગ છે. અંગ્રેજીમાં એ અને ધી એવા આટીકલ્સ છે. સુરતના વાગ્મયમાં એવા ધાતુ છે. એનો હંમેશા અર્થ કરવાનો હોય છે જ એવું નથી. કેટલીકવાર તો તે માત્ર ભાષાના અલંકાર છે. બોલનારની ટેવ અને ઢબ પ્રમાણે એ ફક્ત ચાર શબ્દને અંતરે કે વાકયને અંતરે અથવા તો એકાંતરિયા નાટની માફક એક વાકય છોડીને તે આવે જ જાય છે. તેનાથી વાકયના અર્થમાં કંઈ ફેર નથી પડતો. કોઈને અનુકરણીને બોલવાની પણ જરૂર નથી. કાળના પ્રાસની નિયમિતતાથી તે આવ્યે જાય છે. એનો અર્થ કરવાનો છે કે તે માત્ર અલંકાર છે તેનો આધાર બોલનારની રીત, ગુસ્સો, મજાજની સ્થિતિ અને જેને સંબોધન થયું હોય તેની સાથેના બોલનારના સંબંધ પર છે.

કરેકના જીવનમાં ઉદય અને અસ્તની ઘડીઓ હોય છે તેમ સુરતના આ વાગ્મયના જીવનમાં પણ છે. ફાગણ માસમાં તેની ભરતી ચઢે છે. ધોળિકોત્સવના દિવસમાં ખાસ રીતે તેની ઘડામણી થાય છે. ગોળીના ગોળીબારોને ફાગણ સુદ ૧૧ થી શરૂ કરી ફાગણ વદ ૧ સુધી ગોળીસરજ મળે છે. તેમાં ગોળીબારોને

પણ ગુના કરવાની છૂટ વર્ષોના રિવાજ—customary right-થી મળી છે. પોલીસવાળો બજા આવતા લોકોને ગેરકાયદે wrongful restraint ગેરલાભદે રોકવાનો ગુન્હો કરી શકે છે 'માર', 'દાબ' દે મીસ્તર લોકોનો પૈસો ન આપે તો રસ્તા છોડવાનો, આડુ અટકાવવાની, આપકની પોંચ દુઃખ કાઢી લેવાની ધમકી આપી extortion—નાણા કઢાવવાનો ગુન્હો કરી શકે છે આમ કરતા પણ પૈસો ન આપવાનો દુરાગ્રહ વાત જ રાખે તો તેના પર કેસમુદ્દાની પિનકરી મારી mischief બિભાડ કરી શકે છે કદાચ પિચકારી ભરેલી ન

હોય તો શબ્દની પિચકારી મારી તેમના તથા તેમના કુટુમ્બની પ્રત્યેક વ્યક્તિનું ચારિત્ર્ય હલકુ પાડી તિરસ્કાર અને અદનકીના ગુન્હા કરી શકે છે.

હોળીના દિવસોમાં આવીપ્રદાન તો સામાન્ય વસ્તુ છે. હોળીના પ્રસંગે દરેક જોકરાઓમાં મારામારી ઝઘડે ને પગડે આવે છે. પૈસો ન આપ્યો કે મૂઆ. પછી પોતાની પાછળ ગમુઓ રામબોલો કેમ બોલશે ને સાંભળવાની જીવનાં તક પ્રાપ્ત થાય છે. હોળીમાં આજવાળાને પૈસો ન આપવા જેટલો પણ ગુનો કરવાની જરૂર નથી. ઘરમાંથી એકું પણ ન કાઢનાર નિર્દોષ નવીકાકીને તેના ઘરમાં પણ જંપવા ન દેતાં તેમાં તેમને ત્રીજે માળે જ હોવાનું કહ્યું તેમને એકની ઓઢ પ્રવૃત્તિમાં રોકાયેલી રાખવા મથે છે. અપકાર અપકારને નોતરે છે તે ન્યાયે પૂર્વાવસ્થાને ઉમરે પહોંચેલાં નવીકાકી અગર તો બધાં નવીકાકીના જૂના ફકરા આ પ્રસંગોથી ઉકેરાઈ જાય છે ન્યારે હોળીવાઓને શાલ દુપટા સાથે તેમની ભેટ બાકી આપે છે. હોળીવાઓ તે જીરવે છે અને ચકપૂર્તિ બાજ સાથે બાકી વાળે છે. આ આય લેનો વહેવાર કોઈ અટકાવનાર ન મળે તો બાંધો વખત સુધી ચાલુ રહે છે. નવી કાકી કે કાકા સાંભળીને બેસી રહે ને હોળીવાઓને ગમતું નથી. એ ખિજવાઈ ઉકેરાઈ, ગાળો દે ન્યારે જ તેમને આનંદ પડે છે, અને એ ગાળો દે અને ત્રીજે પાછી જ તેઓનું જોશ શમે છે. ગાળો દેવાની અને દેવડાવવાની અનેક તક હોળીના પ્રસંગોએ હોળીવાઓ ઊભી કરે છે. ઘાસ અને માટથી, સુતળી અને વાંસણી બાટલી બનાવી કોઈ જીવતા માણસના નામની પોક મૂકી તેને બાળવા બાઈ જતા હોય તેમ તેના નામ સાથે રામબોલો બોલાવી બાટલી કાઢવામાં આવે તો તે જીવતા માણસને સ્વાભાવિક રીતે ગાળ દેવાઈ જાય એ દેખીતું છે. પોતાના નામનાં પાટિયાં, દેવદારનાં બોખાં, દુકાન પર ચકતાનાં બારકાંનાં પગથિયાં વાને દાદર ઉંચકી બાઈ જઈ હોળીમાં પધરાવવામાં આવે ન્યારે કોઈ નહિ તો માણસ ગાળ તો દે જ. અને પોતાની માલકીનો કૂંદો, ખુદ પોતાના માથા પર પડેલી મારવાડી જતો હોય તેના માથા પરથી ઉઠાવી હોળીમાંથી દોડી જાય અને પોતાના હોળીવાળોના કુર્તામાં બરાઈ જઈ હવે થાય તે કરી લે એમ કહેતો હોય તેમ મારવાડી સામું જુએ તો બીજા કંઈ નહિ તો મારવાડી ગાળ તો દે. ખુદ સંસ્કારી મહોલ્લામાંથી પણ જ્યારે હોળીવાઓની વિજયકુચ ચાલી રહી હોય છે ન્યારે તેમાં પણ ખુલ્લી રીતે ઠગે ને પગે આજ મંત્રની ઉપાસના થઈ રહી હોય છે.

હોળી જેવા ઉત્સવને પ્રસંગે આવી રજૂઆત થા માટે એ પ્રશ્ન વકીલને મૂંઝવી રહ્યો છે. કેટલાકનું માનવું છે. અને ખુદ હોળી પ્રસંગના જોડકણાંઓ પર નજર કરીએ તો એમ દેખાઈ આવે છે કે ખુદ હોળીમાતાને ગંદુ વાતાવરણ પ્રિય છે. હોળી ઓલવાઈ જાય પછી જે ખાવાનું, પીવાનું અને વાતાવરણ હોળીવાઓના મોંમાંથી બોલાવવામાં આવે છે તેમાં પણ હોળીમાતાનું વલણ દેખાઈ આવે છે. હોળીએ પોતાને ખાવાને માટે પણ શીરાપૂરીમાં શીરો તો કાદવનો અને પૂરી તો પત્થરની જ ખાવાનું સૂચન કરવામાં આવે છે. હોળીવાઓ કાદવનો શીરો અને પત્થરની પૂરી ખાવા નારાજ છે અને ગાળો દે છે. પણ આ ખુશામત પૂરતો નથી. ગાળી-પ્રદાનને વિગ્રહી માનસ સાથે સંબંધ છે. બાજીરાવ કુશળ બાજીઓને પણ મર્દાનગીનો પાનો ચડાવવા સંગીતનું અને નૃત્યનું સ્થાન લાવવા યુદ્ધમાં પણ છે. યુદ્ધ-માર્ગ વાગે છે અને કંઈક યુવાનોનાં હૃદય ધ્રુજી ઊઠે છે. એ મર્દાનગી બીજી રીતે ન બીરદાવી શકાય તો તેનો એક રસ્તો ગાળ દેવાનો છે. ગાળ દેવાથી બોમ કરે છે કે વકરનો ગુસ્સો વધે છે અને ક્રિયા વધુ અસરકારક રીતે થઈ શકે છે. શોરો બરાબર દોડાવવાનો, ન થતી વસ્તુ કરવામાં પણ ગાળોની જરૂર પડે છે. ગાળો અને તેનો અર્થ કંઈ શોરો કે બળદ સમજે છે એવું નથી પણ ગાળિયા બળદ કે શોરાને હાંકવાના વિગ્રહમાં જે વિગ્રહી માનસ જોઈએ, જે ગુસ્સો જોઈએ તે ટકાવી રાખવાનું સાધન એ ગાળીપ્રદાન છે. હોળીમાં તો ઘણી વકત છે. એક હોળી-વાળા વિજયકૂચ કરતા કરતા બીજા હોળીવાળા પર આક્રમણ કરવા અને વિજય-ના ચિન્હ તરીકે તેમની હોળી કૂદી આવવા જાય છે. તેઓ માને છે કે તે હોળી-વાળા સામેય અત્યાચ કરવા તૈયાર હશે. અને વાડી ને ડંગો ત્યાં ઉછળશે. એટલે વાતાવરણ ગરમ રાખવું જોઈએ. જોશ અને શૌર્ય ટકાવી રાખવાં જોઈએ અને તે ટકાવી રાખવા ગુસ્સો ઉશ્કેરવો જ જોઈએ એ સ્પષ્ટ છે. તેથી જ હોળી કૂદવા જતા હોળીવાળો ગરમા ગરમ ગાળથી ગુસ્સો ટકાવતા કૂચ કર્યે જાય છે. અને બુદ્ધ વાડી અને ડંગ ઉછળવાનો સમય આવી પહોંચે તે વખતે વાડી અને ડંગ પણ ઉત્તેજન વગર કઈ રીતે ઉછળે ? વકત અને ગુસ્સો ઉત્તેજન વિના કઈ રીતે ટકી શકે? જ્યારે વાડીની સાથે જળ પણ ઉછળવા માંડે છે ત્યારે જ વાડી ફેરવવામાં ગુસ્સો આવે છે. આવો જ બીજો વકતનો પ્રસંગ ઉતરાણનો છે.

તે લાકડીની નવિ પણ દોરી અને કાગળની બનત છે. તેમાં પણ કંઈ કંઈ દાવ પેચ અને બૂકાસ્મના કરવાના હોય છે. વારંવાર ગોય મારી પેટામાં ઘૂસવાનો પ્રયત્ન કરવા છતાં જો સામો માણસ કન્નાચી અગર તો પતંગ નીચો પાડી દઈ પેટામાં ન ઘૂસવા દે અગર તો છેકચાને સદેંચ આપવાને પાટલીના હોય પર કોઈ કુંગી ચગાવી હોય અને કોઈ પાછળથી આવીને પેચ લઈને કાપી નાખે, અગર તો અડધેથી ત્રણ શેરા પર છોડી દીધું હોય અને પાછળથી કોઈ 'બે પડી' ચગાવી લાવ્યા મારી કાપી નાખે તો એને ગાળ ન દે તો શું પૂજા કરે? ગાળ વગર બરી વખતે હોટવાની ગાનાગાની કરનાર પતંગને હોટાવાય શી રીતે ? અને બાકુ પેચના ઉત્સાહને ટકવાય પણ શી રીતે? ચગતા પતંગ પર ગોલ મારી તોડી લે અને નવિપાના કકડા તે અગાશીમાં પડોશી કહે તેમ ન હોય તો ગાળ સિવાય મુસ્કો કરવાય પણ શી રીતે ?

આ વસ્તુ વકીલો સારી રીતે જાણે છે. તેઓ જાણે છે કે મારામારી ગાળાગાળી સિવાય બહુ શકતી જ નથી. અને ગાળાગાળી થવાથી મારામારી થવાનો બહુ સંભવ છે. આથી મારામારીની કોઈપણ ફરિયાદ ગાળાગાળીનો પુરાવો પણ સાથે બતાડ્યા વિના ચલાતી નથી. બાન પાટલેા મારે મારવાનો મુસ્કો ત્યારે જ આવે છે જ્યારે આરોપી પ્રથમ નારાયક અને બીજાસ્ત ગાળો મોઢાથી ઉચ્ચારે છે. ફોજદારી કોર્ટની ફરિયાદો સાક્ષી પૂરે છે કે માણસ મારતો જાય છે તેની પહેલાં ગાળો દેવાની શરૂ કરે છે, તેની સાથે ગાળો દેવાની ચાલુ રાખે છે અને છેવટે પાછો ગાળો દઈને એને ધમકી આપીને પુરાંતિતિ કરે છે ઓટલે જ ફરિયાદી ને આરોપી ફરી મારામારી કરશે એવી દહેશત રહે છે. એમ કહેવામાં આવે છે કે કાયદો ને વ્યવસ્થા સાચવવા રોકાયેલા પોલીસો અને સોજ્જરો ગાળીપ્રદાન વધુ પ્રમાણમાં કરે છે આ વાત પણ એ જ સિદ્ધાંતનું સમર્થન કરે છે. ગાળીપ્રદાન શાંતિના સમયમાં યોદ્ધાઓની લડાયક વૃત્તિ સાચવી રાખે છે. અને વિગ્રહમાં લડાયક વૃત્તિ ઉત્તેજે છે. લોકોના દિવસોમાં આ ઉત્તાર કાઢવાનો બીજો ઉદ્દેશ હોય અને તે એક વાર "હતી કાઢવાનો" કોઈપણ વસ્તુનો અતિરેક થવાથી તેના પર અણગમો ઉત્પન્ન થાય છે અને ઉબકો

કારી નાખવાથી શાંતિ થાય છે. એક વાર ગામડી દઈ નાખી કે દેવી મરી એ પારણાંએ પણ ગોળીના ગડદાકિલામાં આવો કેમ નહિ દઈ નખાની ટોચ !

રસિક ફ્રોરેન્સના મુકતને આ વાર્તાનું દુઃખદ શોખનું નથી એ બદું છે અને તે દૂર કરવાને કેટલા પ્રયાસો પણ થયા છે. પણ ચા અને સીગરેટ પીનારને તે છોડવા જેવી મુશ્કેલીઓ નડે છે તેવી આ દવા છોડવામાં પણ નડે છે. કોઈ પણ વાતનું બારપૂર્વક પ્રતિપાદન કરવામાં આવ બોજવી જરૂરી છે, કોમ રમણલાલનું માનવું હતું. પણ આમ બોલવાનું રમણલાલ કેટલે નહિ ત્યાં સુધી બાંડ ન આવાની ઈશારાબાઈએ પ્રતિજ્ઞા લીધેલી અને રમણલાલે ઈશારાબાઈને આનર આપવાનો ખાનગીરમ પ્રબન્ધ આદરેલો. બીજે દિવસે બોલ અને ત્રીજે દિવસે પણ બોલાઈ. ચોથે દિવસે સાંજ સુધી એક પણ બોલાઈ નહતી. ચોથે દિવસે સાંજે રસોઈનો ન્યાતના બોલાવની રસોઈના પૈસા લેવા આવ્યો હતો. બોલાવની રસોઈ બોલાવાથી ન્યાતમાં વધારે કચવાટ થયો હતો. રમણલાલે સાવ બાબામાં રસોઈને વખોડી. "બારે સાડેબાર બાપ તો ચબાવી ચબાવીને બાઈ બાપ અને નવી બાત નથે કબાંથી બાવ્યા ?" રમણલાલ આ સાંભળી ઉશ્કેરાઈ ગયા. તેમને લાગ્યું કે તેમની લાગણી જોરપ રીતે દર્શાવી શકાતી નથી: "ઈશારાબાઈ બોલાવાની ફોજ તો કાલથી આવા બોલશે. બાપણથી આ નહિ બને. બોલું-બોલું આ બાકરો સમજે તેમ નથી." એમ પ્રસ્તાવ કરી રમણલાલે બમકદાર બાબા રસોઈબાને સંભોધી બાપરવા બીજી ન્યાતે પોતાના જોપની લાગણી જોરપ રીતે દર્શાવાય છે એમ તેમને સંતોષ થયો અને રસોઈબાને પણ બાતરી થઈ કે રમણલાલ પોતાની બાત નજોનાત કરતા, પણ રસોઈ બાબતમાં તેમની સંગીન ફરિયાદ હતી.

ઉંચ ને નીચ, અશીક્ષ અને તવંગર કેટલેક અંશે શિક્ષિત અને અશિક્ષિતના લેદ આ બાબતમાં ભુલાઈ જાય છે. નીચ વર્ગની સ્ત્રીઓ પણ પુરુષો સાથે કો જોરમાં રમાલના કેળવે છે. પશુ અને માનવ વચ્ચેનો પુરુષોનો પ્રકૃતિ કરપ તેમાં ભુલાઈ જાય છે કારણ કે જેનાથી પશુને સંભોધી શકાય છે તે જ સંભોધન માનવ

માટે પણ કરી શકાય છે. જ્યારે એક માણસને બીજાની વાંદરી કે ગધેડા સાથે સરખામણી કરતી સાંભળીએ અને જ્યારે એક સ્ત્રીને બીજાને કૂતરી કે બિલાડી સાથે સરખાવતાં સાંભળીએ ત્યારે મનુષ્યો પોતાનામાં તેમ જ પ્રાણીઓમાં રહેલી આત્માની સમાનતા અમુક વખતે તો ઊલટાની થઈ છે એવું ભાન થાય છે. એ પણ બળ છે જ્યારે મનુષ્ય પોતાના ચારિત્રાતાપણાની ખુમારી ખૂલી જઈ માણસ , પશુ, કરતાં પણ નીચેમાં રહેલી સમાનતા નીરખી શકે છે. વિદ્વત્તા અને રસિકતા ગાળીપ્રદાન સાથે અસંગત નથી. સરકારી અને અસરકારીના માત્ર ઉપયોગના પ્રકારો જુદા છે. એક ગામડાને બીજાને આમોચિયું તરીકે વર્ણવતા સાંભળો, ગાડિયાની કટારોમા થતું વાગ્યુદ્ધ વાંચો, અને સોરઠારે બાપામાં દેખાતી અસરકારી ગાળો સાંભળો તો તમને લાગશે કે આના કરતાં ખુશાલ કાકીઓ વધુ પ્રામાણિક અને વધુ નિર્દોષ છે.

ખુશાલે જ્યારે જ આ વાત માથા પર ઠસાવેલી. ખુશાલને આંતરી બાપા બોલવાની ટેવ હતી. એક દિવસ એક સારા કુટુંબના ઘરાકે ચોળી તોળાવવા માંડતા પહેલે કહ્યું છે એમ કહી ડચકારો બોલાવી પાછી નાખી દીધી ત્યારે ખુશાલે એ કેવી ચોળી બારો તેનું અર્ધાંગિક બાપામાં વર્ણન કર્યું. તેમ કરતાં કરતા ચોળીને છેકાટી, પોતાને પણ છોકાટી, અને ઘરાકને પણ છોકાટી. પેલા ગૃહસ્થ માણ એક વખતના શિક્ષક હતા એટલે ગુરુ પ્રત્યેના માન તરીકે મેં તેમનો પક્ષ તાણી ખુશાલને ખખડાવ્યો ખુશાલે પોતાનો બચાવ કરતા કહ્યું "ઓમાં મે કું કહી લાખ્યું ! મારા દિલમા કઈ છે? હોય તો કું મંગાને એમ કહું ! મારા કાકીપાને કહું ? મારી જાતને કહું ?" દલીલ સબળ હતી. જે ગરીબી ગુસ્સાની બાદબાકી વિના માણસ પોતાના ઘરમા પોતાના સગાને સંબોધે તેમા કઈ પણ અપમાન કરવાનો ઇરાદો હોવાનું કેમ માની શકાય ?

આ વસ્તુસ્થિતિ જોઈને જ આજાગાળીની કુશિયારો માનદ મેજીસ્ટ્રેટોને ત્યાં મોકલવામાં આવતી કારણ કે તેઓ તેનું ઘાર્દ બરાબર સમજતા. છેવટે "બે બાપા માણસ વચ્ચે પડવાથી પક્ષકારો વચ્ચે સુલેહ કાયમ થવાનો બહોળો અનુભવ" મળ્યો. આવો બંદોબસ્ત એક વખત મારી હાજરીમા થયેલો. કુશિયારીને

એક બીજા માણસે કહ્યું "એમાં તું કોઈમાં શું દોડી આવશે ? તારે દેવી હોય તો બે તું આવ દેખતી અંને દઈ લાખ. એને કંઈ લાખી બરાબર નથી." આશ્વેષીએ કહ્યું ,'લા, દઈ લાખ" આનાથી કૃત્રિમાદીને દઈ લાખના સમાન સંતોષ થયો અને કૃત્રિમાદ બેંચાઈ ગઈ. આ પુસ્તક છપાવતાં પહેલાં મેં એક મિત્રના હાથમાં લખાણ મૂક્યું. તેમણે આ લેખ કાઢી નાખવા કહ્યું: "એ ઠીક દો. સુરત માટે બીજા લખવાનું બહુ છે" મેં તેમ કરવા ના કહી. "એના વિના તો સુરતનું દર્શન અધૂરું રહી જાય" મેં કહ્યું. તેમણે મને કહ્યું 'સુરતની આવી વગર પણ તને ચાલતું નથી ?' મેં જવાબ આપ્યો કે તમારે જેમ જે અર્થ કરવો હોય તો તેમ કરો. શ્રી. રામચંદ્રજીએ સીતાજી માટે કહ્યું હતું તેમ હું પણ સુરત માટે કહું: **ત્રિમસ્યા મ શ્રેયઃ**

(૪) ધી સ

મુંબઈથી ટેવાયલા આપને સુરતનો દર વર્ષનો ફાગણ વદ પડવાનો ધીસનો વરઘોડો બધે અપૂર્વ ન લાગે પણ સુરત બહારનાને તો એ દૃશ્ય અપૂર્વ અને લોભ પમાડનારું લાગવું જ જોઈએ. એની વિલક્ષણતા સમજવી હોય તો મુંબઈના કોઈ ધનાઢય શેઠીઆને, કોઈ ન ઓળખીતા કે પાળખીતા, કોઈની દુકાના કે ઘાટીના છોકરાઓનો વરઘોડો કાઢતા કરવો. વરઘોડાને બોખરે મુંબઈના ધનવંતીઓ, મીલમાલિકો, મોટી લિમિટેડ કુંપનીના ડિરેકટરો અને શેરબજારમાં રોજની હજારોની ઘેવેચ કરનારાઓ ને કારકુનો, દોટવાળાઓ કે પટાવાળાઓના સંગાથમાં છૂટાછૂટા કુંપળાં રચી આવે સુરતી પાયડી, જરીકોર સાપમંડ જરપુનિશીમાં પોવડવેલા કડકડતા અંજરખા અને કોરવાળાં પોતીયાં પહેરી, અને મોટા ઝાલરવાળા નગારાં ત્રાંસાં ભેરવી તેમને નેતરના સોપિયાથી આવેશમાં આવી ગયા હોય તેમ વગાડતા કરવો, તેમની પાસે તેમના સે કેટરીઓને તેમના કોનો જ વેષ પહેરી નાનું ઢૂંમકું ગળે વળગાડી સોરીઓના ઠનનનન ઠનનનન, ઠુમ ઠાવે ઠુમ ઠુમ ઠુમનો ,ઘાસ મેળવતા કરવો, મુંબઈના કોઈ રાજમાર્ગમાંથી આ વરઘોડો પસાર થતો હોય અને તે જોવાને પાડોશીઓ, સ્નેહીઓ, ઝરૂખા અગાસીઓમાં, સ્ત્રી પુરુષ અને છોકરાંની મેદની મળેલી હોય બોમ કરવો તો સુરતના ધીસના વરઘોડાની અપૂર્વતાનો કંઈ આછો ખ્યાલ તમને આવશે.

તમે ધીસ કોઈ દિવસ જોઈ જ નથી ? કેવી છે તે જાણતા જ નથી? સુરત તો ખેપું છે ને ? ઘરિપરામાં તો હવે બહુ આબીશાન મકાનો બંધાયાં છે. માની લોને કે તમે એવા કોઈ મકાનની બારી નજદ પડોશે એવા ઝરૂખા, અટારી, રવેશ, અગાશીમાં કે ઓટલા પર ઊભા હો. દરદૂરથી પ્રથમ ગોરબકોર, ધમાલ થતી લોય તેમ સંભળાશે. જાણે કોઈની વિજય યાત્રા આવતી હોય અને તેના પાસે આવવાનો અવાજ સંભળાતો હોય. કોઈ પ્રખ્યાત દેશનેતા કે ધર્મગુરુની પધરામણી થવાની હોય તેમ તમામ ટોક અને નજર આવતા અવાજ તરફ વળી હશે, તેવામાં આઘેથી મશાલોના અજવાળાં અને તેમાં ઝબકતી રહેલી

છત્રીઓ દેખાશે, ઠમ ઠુમ ઠુમ ઢોલ સંભળાશે ઝોક વાગતાં હોય તેવા અવાજો અને ઉઘરાણ સંભળાશે. વાઘની ચામડી ચખશો નહિ આમચો કંઈ વાઘને બિવડાવવાને નથી પાસે આવશે ત્યાં તો તમને દાત આઠ દસનાં કુંડાળાં દેખાશે, માથે સુરતી પાઘડી, દીલ પર કટકડના ઝીણરખાં કે કોટ, ગળે સુશોભિત ઝાલરવાળી દોરીવાળી વટકાવેલી નમાની, ચાલ્યાં કે ઠુમકું કે ઠોલકી જેવા માનુષ છે તેવાંજ

સુશોભિત અને સુસજ્જ તેમનાં ચાયનો છે. નગારાં, ટોચકાં, તેમને વગાડવાનાં ચોપિયા બધા સુંદર ઝરદારીવાળા વસ્ત્રોમાં સજ્જ થયા છે. જાણે કોઈ ધાર્મિક ઉત્સવમાં નીકળવા હોય, જાણે કોઈ પુત્રની કૂચકીની આગેકૂચ થવી હોય, તેમ તેમના હાથ ચોપાંથી, જુસ્સાથી ફરી રહ્યા છે. તાંબાકડીના આકારના નગારા પર દનનનન દનનનન દનનનન દમ આવાજ નીકળી રહ્યા છે. તેની સાથે ટુમકું વગાડનારા ત્રણ ચાર ડમ ડમ ડમ વગાડે છે પણ પાસે આવતાં તેમનાં મોઢાં જોઈને તમને શું થઈ જાય ? તમે ડરી જશા ? આમાંના કોણ મંજુભાઈ શેઠ શહેર સુધરાઈના મેમ્બર છે તે ? તેમની જોડે કોણ જરીવાળા અપર્ણના મનમુખભાઈ શેઠ તેમની સોબત , મકુભા, હિંદવી, મદ્રાસમાં કુટુંબનો છે અને ઉત્તર તથા દક્ષિણમાં ઠેકઠેર આડતિયા છે તે ? તેમની સાથે કોણ છે ? નાગરિક બેંકના સંચાલકકાર સમિતિના ગભ્ય મહાજનના પ્રમુખ છગનલાલભાઈ અરરર, પણ તેમની પાસે કોણ છે ? પાછળ જુઓ. અહીં કાયે દીલાવર ગ્રાહકોના નવા ટોપી શીવનો જોયો તે તો નહિ ? છેલ્લો ટુમકું કોણ વગાડે છે ? ભગત કીગાભુ ! પરબાપ પણ છે ? કયાં ગોનો શેલનો પછેરવેશ ! અને નગરશેઠનો ગાર્ડન પાર્ટીમાં જતા હોય તેવો આજનો ભપકો ! મહાજનને શું કરે છે ? ચોરી ચોરી પારે નગારાંને મઢાવો પર પડીને નવાવે છે. જરા પણ ઢબાવવો ઢીલો કે પોચો અવાજ આવે નગારામાંથી નીકળે તે ચાલે તેમ નથી. આ હોબું તો તમારા ઘર આગળ જ લિબું, તમારી નજર આગળ જ ઢબાવટ થવા માંડી, છોકરાં વગાડે તેવાં સાધારણ નગારાં વગાડતાં નથી. આવી ધાવત કે આવાજ નથી, તેમાં પણ સિસ્ટમ છે. કઈ ગેમઅવર, સિસ્ટમઅવર, પેરાનિક કયે વાગવું હોય તેમ વાગે છે. ને તમારા વજમાન મુંઝાઈ ગયા છે. તેમણે તો હાર કાઢી. બધાં ટોળાને ઘર પહોંચવા. જ્યાં હવે કુટાવું આગળ ચાલ્યું જાઓ ત્યાં તો કોઈ બીજું આવે છે.

આ બીજું કુટાવું આવ્યું, તેમાં પણ તેમજ, પણ ઝાકઝોળ રંગ જુદો છે. નિશાન જુદાં છે. ઝાંખ તો કંઈ જુદી જ શૈલીના લાગે છે. મંજુભાઈ શેઠની જોડેના મહોલ્લાના માણસો છે. તેમાં પણ મોટા મોટા વેપારીઓ, ધનિકો ને નાના કારીગરો છે. આ ટોળું લિબું તમારા ઝરૂખા

નીચે ૭. સુંદરબાઈએ પાછા હાર પહેરાવ્યા. આ તો દોઢાં આપ્યા ૭ કરવાનાં એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ. પણ આ કોનો વરઘોડો હતો? તમને ખબર પડતી કે કોઈ લખપતિનો, નગરશેઠનો કે સ્થાનિક મોટા અમલદારનો દીકરો પરણતો હશે. નહિ તો વળી આ મોટીઆ બધે નગારાં બેસવી ગેના વગાડતા નીકળે? આ કંઈ જાતનો વરઘોડો, જેમાં માણસના હાથમાં કલગી નથી, આગળ ચાલતી રાનેલાની પર પરા નથી દેખાતી. મોટા વરઘોડાની ગેરહાજરી પૂરવાને અનિવાર્ય મનાતો અમલદાર વર્ગ નથી, રસાક બેંડ નથી, છબન ઢોલી નથી પણ તેને બદલે અનેક પીપી વગાડતા ઢોલીઓ છે. આ તો કંઈ અજબનો વરઘોડો છે. કેવો હશે અજબનો વર કે જેના માનમાં આ અપૂર્વ મેદની જામી છે.

આ ઊભું ટોળું પૂરું થયા આવ્યું ને વરરાજા દેખાયા. પણ આ વર આટલો નાનો કેમ? શારદા એકટનો ભંગ તો નથી થતો? અઢાર વર્ષ પૂરાં થયાં હશે? એમને ફોજદારીની બીક નહિ લાગતી હોય? એને માથે લાલનો સાપારણ પહેરાવો સાહો નથી. પણ લપ્પાની સુરતી પાઘડી છે, લપ્પાનો જામો પહેર્યો છે. આંખમાં મોંઘના લપેડા છે, કપાળે સાજરિયું છે, હાથમાં કીરકૂચ છે, બગલે બાંડું છે, માથે ચમ્મર છે.

આ બધો વરરાજા કે બીજો? હાથથી મુઠીવાળી ગંદી ચેષ્ટા કરે છે! બોકેથી કેવું ગંદ ને બદબોય બોલે છે! સૃષ્ટિને ટકાવી રાખનારા સાર્જનની કેવી મશ્કરી કરી રહ્યો છે? ને બોકોને પણ શું થયું છે? તેમનું પણ ભાન ગયું છે. કેવું બિભત્સ બોલે છે? વરરાજાને ગાળો દે છે! અરરર હવે તો હદ થઈ ગઈ! વરરાજાના હાથમાં પૈસા આપ્યા અને પળ દઈ બેલાઓ એને ધક્કો મારી પૈસો પણ બોલતો નથી! એના બાપા પણ એને બચાવતા નથી. પાનનો ડૂચો ખવડાવનારા મિત્રો પણ તેને બચાવતા નથી, ઉલટા મારવા લાગે છે. આ તો મોટો બાબો જણ છે અને કુચેષ્ટા કરતો કરતો બોકોને જમવાનો નોતરું આપતો જાય છે. બધુંએ નમારા મોં રાખ્યું. તમનેય નેવી જ ચેષ્ટા કરી? કોણ છે બોલાવ્યો? નાલિયો કુબજો; પરમ દિવસે સાહેબને ત્યાં ઘર બંધાય છે ત્યાં મજૂરીએ આવેલી તેનો છોકરો છે. પાછળ જાદરણી દેખાતી નથી. વરરાજાની

આ દીવડે થઈને ચાવતી નથી. માંડવામાં ન સમાય એવી જનને લઈ નીકળેલા કેજરીઆનું કોઈ ગીત પણ ગાતું નથી. મોટા જનોયા માટે પાણીના લોટા ભરી રાખવાની સૂચના પણ કોઈ આપતું નથી. વધેલાઈના ચૂંપડા જેવા ઝપરાની મરકરી પણ કોઈ કરતું નથી. શું આબરૂદારીથી ગભરાઈને, મુંઝાઈને બદ્રલોકો નાસી ગઈ ? તો બારીઓથી ઘીસ ખુલ્લે કાને જાએ છે શું કરવા ?

તમને એમ થશે કે સુરતને કઈ જાતનું ઓંડપણ લાગ્યું છે. આ ગરીબ, અપશકુનો, આબરૂદારીનો કયો જાહેર અને સામુદાયિક રોગ લાગુ પડયો છે ? અઈ કાલ તો લજ્જા હોળી ગઈ, મરકરીમાં બાટલીઓ નીકળી, રામમોહો બાઈરામ થઈ ગયા, પોકો મુકાઈ ને બીજે જ દિવસે આ સામુદાયિક વસ્ત્રોત્સવ નીકળ્યો. નમે પૂછે સુંદરબાઈ સોહેલે કે આ શું ? સાન ગઈ કે લોકોની ? શું કહે છે તે સાંભળો ! અરે બાઈ કપા છે જૂની ઘીસની મજા ! આ તો ફાટ ગયા અને લીમેટા રહ્યા. બધું ઓછું થઈ ગયું. પરોક્ષાનો વરરાજાને માટે ઘોડોય કયાં હતો ? ગધેડું આવ્યું. તેના પર આવ્યો મોટો વરરાજા બેસતો. માથે ચમ્મર નહિ પણ સાવરણી ફરતી.

તમારી આકાંક્ષા વધશે, આ ઘીસ કયારથી શરૂ થઈ, કેમ શરૂ થઈ ? એનો ઇતિહાસપૂર્ણ અહેવાલ જોવો છે ? તો જાઓ રા. નટવરલાલ વીસપાળાને ત્યા આંતિમ પ્રેમમાં, કલાકોએ ચકલે. ત્યારા માસ્તર છે. એનું પાકીટ કાઢજો. એના પર લખ્યું છે "આ એક જ નકલ છે. ગુમ ના થાય તે જોજો જ. વી.." અંદરથી નીકળશે "ઘીસના વસ્ત્રોત્સવ પરનો વાર્તાલાપ અખિલ ભારત આકાશવાણી તા. ૫-૮-૪૦ ને રોજ કરીશું." તેમાંથી તમને માહિતી પૂરી પડશે.

૧૯મી સદીની શરૂઆતના સૌકામાં અસ્ટેસ્ટર કોટવાળ નગરપાલિકાની પદવી પર આવ્યો. જેણે હોળીને બદલે થતી બદોબ્યા બદોબ્યાની બારામારી ઠેરવી, ઠેબાણા, બાઈઓ વેંચણ, ઘાસડીઓ ચાકુ અને સળીઓની મારામારી પર શાંતિ વેરાતી જોઈ. તેમણે શેરીઓનો ને ઓટલાઓને ઓવાળી આવી મારા-મારી બંધ કરવા કહ્યું. તેને બદલે ઠોબ નજારાના વસ્ત્રોત્સવ કાઢવાનું, નગરમાં

વખારવાની કળા બીજવરાનું કહ્યું. તેમાંથી બીસ્તની-ધીસની શરૂઆત થઈ. નર્મદના વખતમાં ધીસ હતી. જેમ તેણે ગંગાજીમાં બેસી કુપથી ગંગાજીના વખાણ કર્યાં છે તેમ તેણે ધીસનો પણ પોતાના ટોયમાં આર્ય આપ્યો છે.

એમની પાછે તરતને બંધ વખતી બીજી ધીસોનો ઉલ્લેખ મળશે. બીજ-ત્યની પરિસ્થીમા સમી માણીઓની ધીચનો ઝઘડવાદ મળશે. વત્તે વત્તે નીકળતી ધીસમાંથી ચાર ધીસ થઈ અને ચારના અવશેષ રૂપે એક રહી તેનો ઇતિહાસ મળશે. માણેની ધીસમાં નીકળતા વરનું રસિક વૃત્તાંત મળશે.

નથી કહેવું કે ધીસની શરૂઆત બધે સરખારૂ થઈ હોય પણ હવે આ આકર્ષીવનના ઉત્સવને લંબાવવાની જરૂર છે ? આ બાકુની વરરાજાનો વરઘોડો કાઢવામાં આટલાં નાણાં અને ઘડિત ખર્ચવાની જરૂર છે ? જે ઘણી ને મારામારી અટકાવવાના ધીસની પ્રથા અસ્તિત્વમાં આવી તે મારામારી અને ઘણવટી કરવાનું જોર અને શક્યતા પણ હવે આપણી પાસે રહ્યા નથી. તો તેને અટકાવવાની પ્રથાને બળવાની શી જરૂર છે ?

ધીસનાં કુપણોનાં વર્ણન કર્યા પછી તેમાં રહેલા એક મહાન તત્ત્વનો નિર્દેશ કરવો ઘટે. તેમાં રહેલી સામાજિક સમાનતાની ભાવના. ચારેપાસ કર્યાં ન્યાતનાં, વર્ણના, પૈસાના,કુલાભિમાનના ભેદ ને પાસરો પાસ્યા છે. ત્યારે ધીસ એવી એક જ સંસ્થા છે જેમાં દાખલો બેસે તેવી સમાનતા સધાઈ છે. સાદિલના નિર્મળ ક્ષેત્રમાં પણ વાદ અને મારામારી, કલાના ક્ષેત્રમાં તેમજ સામાજિક વર્તાવારોમાં ધનવાન અને મોભાવાળાઓને આવડી ખુશી, વરમાં ચાર ચાર જાતની કંકોત્રી, નાના મોટા કદની. ધીસમાં એવું કંઈ ન મળે, જેઠ વાણિયાની સાથે બાંધુ વધારે, મોચી વાણીઆ સાથે ટોળામાં નીકળે. ધીસ અનેક કુપણવાળો પણ સામાજિક સમાનતાનો ઉત્સવ.

બાકુની વરરાજાને આપણે વડીઓ છીએ પણ એમાં આપણી આની વરનપદ્ધતિનો, આપણા પહેરવેશનો ઉપહાસ નથી ? ચોવા ચંદન બોધપાઠ તેમાં નથી ? જે વરપાની પાઘડી અને જમો પહેરીને નીકળેલા છોકરવાદ જુવાની-

આને હસીએ છીએ તે તો દસકા પહેલાંના વરરાજાનો સામાન્ય પહેરવેશ હતો. આજે ય આપણા વરરાજાનો પહેરવેશ જુઓની. એક માથે કોઈ મહારાજાની અદાથી ભાતીગળ માણસોને બોલાવી આકુતી સાફો બંધાવે છે. શા માટે? કયા દરબારના એ મહાનુભાવ બાપાત છે? કોઈ બાકુની સરસ્વતીબો નીકળ્યો હોય તેમ નથી લાગતું? જો ઓ મહાનુભાવ આ લગ્ન નિવાસને અવસરે આઠ દાયકે એ હૈયો ને પગમાં મોજરી પહેરીને નીકળે તો સ્ટેશન પર નિવાસ કરી પહેલી કંપનીમાંનો કોઈ ઘોડેસ્વાર ફરવા નીકળેલો નટરાજ ન લાગે? ઓળખાય તો થોડો હસ્યા વિના રહે ખરા? ત્યારે તો સાપારણ દિવસે ઉપલાતપાત્ર તે લગ્નના દિવસનો આદર્શ પોશાક!

એ ક્રમમુજબ ઘોડાના વરરાજાની આંખ અને મોં પરની મેંશના લપેડા તમને ડરાવે છે, પણ પીળી પીઠી ચોળીને તાબૂતનો વાઘ બનતા ખરા વરરાજાને જોઈ તમને શું થાય છે? આપણા વરરાજા હજી મેંશ કયાં નથી આંજતા? આપણા વરરાજા પણ નજર લાગવાથી બીએ છે. વૃદ્ધ ઊતરાવીને ઘોડે ચડે છે. ઘોડાના વરરાજાના હાથમાં ખાંડું છે. હસો છો એને જોઈને પણ આપણા વરરાજા લગ્નના કીકૃતની અસવડ વેઠીને પણ ખાંડું ઘાલીને નીકળે છે તે જોઈને કેમ હસવું નથી આવતું? ઘાડીનો એક દાવ પણ ન આવડતો હોય તેવા મોટે ઘાડિયાનો દીકરો દૂધી પણ સમારવી મુશ્કેલ પડે તેવી, ઘાટડીમાં છુપાવેલી, કટારલી તલવાર હાથમાં પકડી વરઘોડા નીકળે એની પાછળ કેવું કરુણ હાસ્ય છુપાયેલું છે? પારકે કે સગપણે પરણાવવાની ના પાડે, પાડે કે બીજો વર આવીને માંડવામાં પેસી જાય તે વખતે, એનો કંઈ ઉપાય ખરો? સોકાઓ પર એ તલવારથી કન્યાઓ જીવાતી, રમાતી, પરણાતી, સચવાતી સોકાઓ પર શ્રી કૃષ્ણે એ જ તલવારના પ્રભાવથી રુકિમણીનું હરણ કર્યું હતું અને રુકિમણીને પાછી લઈ જવા પાછળ પડેલા રુકિમેયાનો પરાજય કરી અધવચ દાઢી ને મૂછ કાપી તેને પાછો મોકલ્યો ત્યારે જીવન ચક્ષુ સાહસ અને રોમાંચ-ભર્યું હતું અને ત્યારે કાપડાનું નિયંત્રણ નહોતું તે વખતે તલવાર વરની શક્તિની અને ચક્ષુને રક્ષણ આપવાના સામર્થ્યની પ્રતીક હતી. આજે એ શક્તિ અને સામર્થ્ય નથી છતાં વરરાજા ખાંડું પકડીને પરણવે જાય છે.

ધીસની અશ્લીલના સંસ્કારી માણસને સાલે છે છતાં લગ્ન પ્રસંગે આવું કેમ નિભાવી લેવાય છે ?

હોરે બકુમાં વેચતો તો ખાસડાં ;
હોરાઓ ફોડ્યા છે કૂંડ પાંસડાં ;
હોરાને કોઈએ ન દીધી દીકરી ;
ત્યારે .... બાઈએ દીધી દીકરી.

.....

બદરાણીની કૂખે કચી; વહેવાઈ કરતાં વહેવાણ ઊંચી.
વહેવાઈને ઘેર ચોપટનું પાંજરું, વહેવાણને છોકરું આવે તે માંજરું.

.....

ઘરમાં તો ભંગીસેન મડીયા મચાવે;
બિચારી બહી વહેવાણનું કૈં નહિ ચાલે.

.....

અધેડે બેસણે રે પેલા ભાઈ કાળા,

.....

અને પાનના ડબા ? આપણા વરરાજાને શાને આટલા બધા જોઈએ ? ભાઈબંધો, બિરાદરો, ઘોડાની પાસે ચાલનારા શા માટે કઠનબંધ પાન વરરાજાને ખવડાવ્યા કરે ? કેમ, બીડી ને સીગારેટ પી પીને કાળા પડેલા ઓઠની શરમ લાગે છે તેને ઢાંક કરવા છે ? પાનનો ડૂચો ભરી, બે મિનિટમાં થૂંકી પાડવું બધું એ વરરાજાની મહત્તા છે ? તો પછી ભલે આ મજાકના વરઘોડામાં ધીસનો વરરાજા પણ મોઢે પાનના ડૂચા ભરે ! ધીસનો વરરાજા અને ધીસનો વરઘોડો એ આપણા લગ્નના રીતરિવાજ અને પહેરવેશની એક અત્યારની અને સચોટ બનાવટ છે.

પાછે કે હોળી ને ધીસની અશ્લીલતાના ઉત્સવ નીકળી જ ગયા તો કંઈ ઉત્સવોથી અપાઠ માસ સુધીનો ગાળો ચાલે ? સુરતનું ઉત્સવપ્રિય ને મોજીલું માનસ કોઈ બીજો ઉત્સવ શોધી જ કાઢશે. પણ તેમ થશે તો

વર્ષોથી કેળવેલી આ નગારાંબાજની કળાનું શું ? નગારાં સમુદ્રમાં વગાડવાની કળાને સુરતે રોકાની જરૂરિયાતથી કેળવી છે, એને કલાની કક્ષાએ પહોંચાડી છે. તેના પર સમય, શક્તિ ને પૈસાનો વ્યય થાય છે. ધીસનાં ટેબાં, ટોઠે અનુભવી અને પીઢ વયના વાસપીઠ પર અમે ત્યારે ચડીને ગમે ને વિષય પર ચુકાદો દે તેમ ધીસમાં નથી ચુકાવતાં. એની પાછળ કૈક દિવસોની બેઠક અને જમાવટ હોય છે. ઓમાં વે રીહર્સલ થાય છે. આ કળા તો મરવા ન જ દેવાય. ભલે એની આર્થીકતા મટી જાય, ભલે ધીસનો વરઘોડો ધુમ થઈ જાય, પણ જો નગારાંબાજ નર્મદના સમયનાં સંભારણાં સમી તેના શુદ્ધ કલા-સ્વરૂપમાં જળવી જ જોઈએ.

હજી યે જ્યારે હું ધપ્પાની પાઘડી અને ધપ્પાનો જમો પહેરી ખરા વરઘોડાને પરણવા જતો જોઉં છું, તેની આંખનું કાજળ અને મોના પાનના કુચ્ચા જોઉં છું, તેના હાથમાં આસવના વરઘોડાની કૂર મદકરી સમું ખાંડું જોઉં છું, વરઘોડાની પાછળ ચાલતો ફટાણાં ને ગેડકલાં સાંભળું છું ત્યારે, મને હસવું આવે છે. મન કહે છે: "ધીસના વરઘોડા" ત્યાં તો આખું પ્રાચીન વીસરી જઈ યાદ આવે છે પેલી નગારાંબાજી.

ડનન ડનં ડનનનન ડૂમ ડનનનન — ડૂમ ડૂમ ડૂમ.

[૫] પુરાણું સુરત

"અમે તે શા તુજ હાલ સુરત સોનાની મુરત્ય થઈ જઈ બે હાલ, સુરત તુજ રૂડી સુરત" એ પદ્યિત અભ્યાસક્રમમાં દીધા પછી એ સોનાની મૂરત જેવીક હશે તે જાણવાની બહુ ઉત્કંઠા થતી. મારા કુતૂહલને બૂટકળામાં બુટ્ટો મારવો તેમ મને પણ કોઈ પુરાણા સુરતમાં ઉઠિયું કરવે તો કેવું સારું એમ મને થતું.

* * *

કોઈ રાજમાર્ગ હોવા પણ પૂળિયા રસ્તા પરથી હું પસાર થતો હતો. કોઈ અજાણ્યા જગાએ હું આવી ચઢ્યાનો ભાસ થતું હતું. એક તરફથી કોઈ આંતરરાષ્ટ્રીય વસ્તીવાળા શહેરમાં જગાનાનમાં હોઉં તેમ લાગતું હતું. ઈરાનીઓ, આરબો, તુર્ક, ફ્રેન્ચ, આર્મીનિયન વગેરે જુદા જુદા દેશના માણસો અવર-જવર કરતા હતા. બીજી તરફથી પૂળિયા રસ્તા ને મકાનોની બાંધણી અને જનસમૂહ જોયો હતો કે કોઈ યુરોપીય હદેરમાં નહિ પણ આસપાસ વસ્તિવાળ કેંદ્રમાં હોઉં તેમ લાગતું હતું.

એવામાં આઘેથી રાજાની ઓટીનો અવાજ સંભળાયો. કોઈ અદ્‌ભુત દૃશ્ય હું જોઈ રહ્યો હતો. એક સુંદર અરબી ઘોડા પર કોઈ સત્તાશીલ અધિકારી આવતો દેખાતો હતો. તેની આસપાસ સંખ્યાબંધ ધનુષ્યો હતા. ડાબેવાડ પાસે ને ઉપરાંત ઢાલો અને ધારુક હતી. બીજા પાસે ભાલા, તલવાર, બખ્તર અને ચોકાંટની બાંધ હતી. દહેકની કેડે કટારો લટકતી હતી.

એવામાં એક પરદેશી જેવા માણસે નવાબી ઢબે ચેલા અધિકારીને કનૌજ બજારી દેશી માણસ પર પાકીટની ચોરીનો આરોપ મૂક્યો. તુરત ચેલા અધિકારીની આજ્ઞાથી ચેલા દેશોની ફરજી ચેલામાં આવી અને એક પરદેશી બનાવટનું નાગ વગેરું પાકીટ ચેલા ફરીયાદીને અપાવી દેવાની બંદોબસ્ત થઈ અને આરોપીને જાહેર રસ્તા પર પાંદર કટકા લગાવવાનો હુકમ થયો.

મારે બ્રિટીશ ન્યાયથી ઓતપ્રોત થયેલો વસેલ આત્મા કકળી ઊઠ્યો, ભભકી ઊઠ્યો. મેં નુસ વિરોધ કર્યો કે હજી આરોપી undertrial કેદી છે. એ ક્યાં સુધી એના પરનો આક્ષેપ પુરવાર ન થાય ત્યાં સુધી એને સજા થઈ શકે નહિ. સજા ફરમાવવાનું કામ ન્યાયાધીશનું છે. હું એગ્રીકસ કાયદી તરીકે હાજર થઈ એનો બચાવ કરવા માગું છું.

આ ઉપરથી મને ઉડ્યગ કાઠીયના ખિતાબની નવાજેશ થઈ. મેં વાંધો ઊઠાવ્યો કે બોલનાર પક્ષના ગુન્હાને પાત્ર છે. તે ઉપરથી બાલમાવાળાઓને આરો સન્માર કરવાની સૂચના મળી. મેં ચેતવણી આપી કે પક્ષ ઉપરાંત

કરી ઉભો ગુન્હો પાર થયે ને મહાવ્યથા ટળવી શકે તેમાં લશ્કરીનું અસ્તિત્વ જોતાં ૩૦૪ પાર થયે કે કેમ તેનો આધાર પરિણામ પર રહેશે. તેમ છતાં કેદે ચાબુકો મારવા જેટલી જ હતી તે શરીરને પીડાકારક અસર કરી શકે તેવી હતી તેની બાતરી મને કરાવવામાં આવી. મને કહેવામાં આવ્યું કે કોટવાલ સાહેબનું બહેરમાં અપમાન કરવા બદલ હવે મને સજા થશે. મને વસ્તુસ્થિતિનું બોધ ભાન થયું કે સામાન્ય કાપડિયા કોઈ કાયદાનુસર અટકી નાખે હશે અને કંઈક ઊંડા ભાવનાને બાદર બહારની વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા કોઈ ન આપેલો વટહુકમ બહાર પડયો હશે આ ઉપરથી વાસ્તવિકતા કરવી મને બોધ લાગી. મેં કહ્યું કે, મારે પત્તર નો લાખ જોઈએ છે

આ લાખણીને કોટવાલ સાહેબ વિચારમાં પડયા મારી જાત પૂછવામાં આવી તેમ જ વતન પૂછવામાં આવ્યું. મેં પ્રામાણિકપણે મારું વતન સુરત અને જાત વણિકની જણાવી જે ઉપરથી કોટવાલ સાહેબે મને તેમના એક અનુચરને સોંપ્યો અને બીજે દિવસે તેમને મુકામે હાજર માટે બોલાવ્યો. કોટવાલ સાહેબની સવારી આગળ ચાલી.

મારો ચાકર ભલો તેમ જ બોલકણો હતો. તેને મેં ગામનું નામ પૂછ્યું ત્યારે માલમ પડયું કે એ તો સુરત બંદર હતું. એ બંદરમાંનું એનો શોક એ કયા પ્રકારનું બંદર હતું એ પૂછતાં માલમ પડયું કે એ તો કોટવાલ પાને વડા પોલીસ અધિકારી હતા. શહેરની શાંતિ, કાયદો અને વ્યવસ્થાની જવાબદારી તેમના પર હતી. પરગણાની સુબેદારીની જવાબદારી બીજા અધિકારીની હતી. તેમને હોજદાર કહેતા. ચોર, લૂંટારા અને બદમાશી કરે તેવાં તત્ત્વોથી પરગણાને બચાવવાનું કામ હોજદાર સાહેબનું હતું. શહેરમાં બે નવાબ હતા. એક કિલ્લાના રાજકીય અધિકારી હતા. બીજા શહેરની અદાલતના વડા હતા.

મેં કોટવાલ સાહેબે કાયદો હાથમાં લેવા બાબતમાં આશ્ચર્ય વ્યકત કર્યું., તે ઉપરથી જાણવાનું મળ્યું કે હું કોઈ બીજા જ દેશકાળમાં હતો. અંગ્રેજ બેપરવાઈની કોઠી હતી. તે કોઠીમાં તેમની હકુમત હતી, પરંતુ તેઓ માત્ર

વેપારી હતા. અને મોગલ સરકારને તથા તેમના શહેરના પ્રતિનિધિને ખુશ રાખીને વેપાર ચલાવતા હતા. તેમની પાસે કંઈ રાજ્યાધિકાર નહોતો. હિંદુસ્તાની ફોજદારી કાયદો અગર તો ફોજદારી કાયદાનો પ્રોસીજર કોડ જેવી કંઈ વસ્તુ જ અસ્તિત્વમાં હતી નહિ. તે છતાં પકડનો લાભ આપવાની વાત ઉપરથી કોટવાલ સાહેબ અટકયા તે જોઈને મને નવાઈ ઉપજી.

મારા રસકે પુછાસો કર્યો કે કોટવાલ સાહેબ પકડ સોનાના સિક્કા સમજ્યા હોવા જોઈએ. પણ મારી જાતિ પરિચિત સાંભળીને તેમને લાગ્યું હોવું જોઈએ કે હું તેમને બનાવીને ઓઝમાં છટકી જવા માગતો હતો. સુરત—મોગલ એરી નીચે કચરાતું સુરત-પણ તે વખતે ખુબ તાજેવંત હતું. તે ચોરાસી બદરનો વાવટો ફરકતું. નવેમ્બરથી એપ્રિલ સુધીમાં વહાણો પરદેશથી સુરત બંદરે આવતાં અને જતાં. દુનિયાની વાણિજ્યપ્રિય પ્રજાઓ હિંદુસ્તાન સાથે વેપાર કરવા આવતી, તે સુરત આવતી. દેશપરદેશના માલનું સુરત બજાર હતું. હિંદુસ્તાનનો માલ સુરતથી પરદેશ જતો અને પરદેશનો સુરતથી દેશમાં આવતો. સુરતમાં સંખ્યાબંધ ધનાઢયો હતા. તેમનાં મુખ્ય વખારો-ગોદામ, વાડીઓ હતાં. તે મોગલના કોટવાલનો ધનવૈભવ અંદાજી લાખથી પણ અધિક હતો. છતાં ધનને સોના સૌન્દર્યની પેઠે છુપું રાખવામાં આવતું. શહેરના વૈભવના પ્રમાણમાં શહેરનાં મકાનોની ભવ્યતા નહોતી. પરિચારિકાના વેશમાં સૌન્દર્ય સંતાડતી સોરઠી સખી બનાવટ શોકિયાઓની ઈમારતો પોતાના અંતર્ગત વૈભવ ઢાંકવા પ્રયત્ન કરતી.

આરોપીને પકડવાનો કોટવાલ સાહેબનો અધિકાર હતો તેવો જ સજા કરવાનો પણ તેમનો અધિકાર હતો. એ સજા ત્યાં ને ત્યાં બોલ્યે કે ગુન્હાના સ્વરૂપે ચાબુકના ફટકાથી થા તો બાંધીના ઝપાટાથી જ આપવામાં આવતી, થા તો કોટવાલ સાહેબને ત્યાં પણ અપાતી, આપી શકાતી. એમ કહેવાય છે કે ઘેર અપાતી સજામાં સંજોગવશાત ગુસ્સો ઉતરવાનો, સજા નરમ થવાનો, વધુ માનવતાનો અવકાશ રહેતો.

ઘેર કામગીરી કરવાની પદ્ધતિમાં માનવતાને ઘણો અવકાશ રહે છે. અને તેની તરફેણમાં કેટલુંક કહી શકાય તેમ છે. જ્યારે કોઈ અધિકારી સાથે કામ

પાડ્યું છે તે બહુ છે કે અધિકારીમાં ઓફીસમા દોષ તેના કરતાં તેમના બંગલે વધુ નરમાશ દોષ છે. કોટવાલ સાહેબે મને ઘેર બોલાવ્યો ત્યારે એક રીતે મને ઠીક લાગ્યું. તે દરમિયાન તેમને છોકરો છે કે નહિ, કયાં, કેટલા છે. તે કયા અવસ્થે વગેરે પૂછપરછ મેં કરી લીધી.

મેં મારા રસોઇને જણાવ્યું કે હું આ સ્થળ કાયમનો નથી અને સુરત બંદરની આજીની જગાએ મને ફેરવવા વિનતિ કરી. સાહેબને છ સાત દિવસમાં હવા ખાવા જવાનું હતું. ત્યાં સુધીમાં ચોકીદારો રાખવામાં આવશે. પરિચય વિનાના માણસની પૂછપરછ પતી અને જરા પણ શંકા ઉપજાવે તેવા સંજોગો લાગે ત્યાં ઝીણવટભરી તપાસ થશે. સાહેબનાં આ શાન નાકો હતાં અને જરા આવવાનાં એ સાધનો હતાં.

અજંપરજન માટે ચાલીનો બાગ હતો. તે મોટામા સમારની બહેનોને હતો. બહેનને ચાલી ન કહી શકાય એટલે એ શાકભાજી બાગ કેમ ન કહેવાયો અને ચાલીનો બાગ કેમ કહેવાયો તે બતાવવાનું મને ઘણું કુતૂહલ થયું પણ કોટવાલ સાહેબ જેવા બાદશાહના બુખ્ત બુલ્ન પરિચારક બુલ્ન બુખ્ત- ના અપમાનના અંજામમાંથી છટકવા નથી; તો વળી બાદશાહની બહેનનું આ સવાલથી અપમાન થાય તો મારું શું થાય એ વિચારે અટકી ગયો. તમામ રાજ મોરીની એક દેહાંત દંડની- બાદશાહ સલામતની અનુમતિથી જ થઈ શકતી હતી.

સાંજે મેં મારા રસોઇને પૂલ પર ફરવા લઈ જવા કહ્યું. તે ચિમ્મય પામ્યો. શહેર અને સુરતને જોડતી નાળી પર કોઈ પૂલ નહોતો પણ બારેવાર જતી અને આવતી નૌકાઓ માલ અને માણસની અવરજવર કરાવતી. કરવા જવાની એક સુંદર જગા હતી અને તે ગોપીતળાવ.

ગોપીતળાવ દમણ દરવાજા બહાર આવેલું મનોહર, આનંદ અને વિલાસનું સ્થાન હતું. દમણને દાદુરીવા સાથે કંઈ સંબંધ નહોતો. અને દીવ, દમણ અને ગોઆનું રાજનું મહત્ત્વ તેઓએ સંપાદન કર્યું નહોતું પરંતુ વેપારીઓના આસપાસ અથડાયેલો માણસ સુરતની નૌકાથી દમણને દરવાજે પહોંચતાં શાંતિ અને વિશ્રામ અનુભવે છે તેમ આ દમણ દરવાજાની બહાર આવેલા ગોપીતળાવે કરીને આખા દિવસનો થાક અને ચિંતા સુરતી તે વખતને ઉતારતો.

દમણ દરવાજાને ફરી વળેલું વિશાળ પૂજ્ય ગોપીતળાવ જનારને છાયા અર્પનું સોજે કળાનું પ્રતીક હોય તેમ વિશાળ ગોપીતળાવ પથરાયેલું હતું અને તેની એક એક બાજુ સો સવા સો ફૂટથી લાંબી હતી તેને ત્રણેય મોટા સ્વચ્છ પત્થર બાંધેલા હતા. અને બધી બાજુઓથી પગથિયાંની હાર નીચે ઉતરતી. એક એક પગથિયું એક એક ફૂટ જેવા આભાનના સ્વેત કટકાનું બનાવેલું હતું. તળાવની મધ્યમાં રમ્ય ટૂંક બાંધ્યું અને તેટલું જ ઊંચું અને પહોળું સુંદર અને સ્વચ્છ શિલ્પાગૃહ હતું તેના પર ચઢવાને બે નીસરણી હતી. તળાવની પાળેથી હોડીમાં બેસીને એ શિલ્પાગૃહે જવાનું. સમુદ્રની મધ્યમાં આવેલા નાનકડા બેટ સમુ એ રમ્ય શિલ્પાગૃહ એની શિતળતા, સ્વચ્છતા અને શાંતિથી આહ્લાદ આપતું. ચોમાસાનું આસપાસનું પાણી તળાવમાં વહેતું અને તળાવને ભરી દેતું.

પ્રથમ પ્રહરને વેકુંઠથી પાર પડાવું ગરુડનાર પણ પાછળથી વ્રજના વાતાવરણ અને દિલ્હીની નીકટતાથી કંટાળેલી કોઈ ગોપીએ દ્વારિકાની દિશા તરફ પ્રયાણ કરી પોતાના નંદકુંવર માટે એક શિલ્પાવદન સર્જેલું હોય તેમ એક મનોહર વસ્ત્રિક ગોપીના વૈભવથી જનકલ્યાણ માટે આ તળાવ બંધાયું હતું. અને તેના સંભારણામાં ગોપીતળાવ કહેવાતું. આ ગોપી એ સ્ત્રી નહિતી, પણ પુરુષ હતો પણ તે રામનની ભક્તિ ફિલસૂફીમાં પુરુષ કોણ કોણ હતું? પુરુષ તો એક કૃષ્ણ જ હતા. બાકીના બધા ગોપીઓ હતા.

પ્રથમ તો ગોપીતળાવનું જ પાણી સહેજ પીનું પરંતુ કેટલાક વખતથી પાંચ કુવા ખોદાયા હતા અને એ પાંચ કુવા શહેરને પાણી તે વખતે પૂરું પાડતા હતા.

ગોપીતળાવ પર ઊભા ઊભા સર્જન અને સંહારની પ્રકૃતિની લીલા મને દેખાઈ. આ સુરમ્ય ગોપીતળાવના બાંધિ વનની આજી નિશાનીઓ ઝીલ્યટથી જોવા જવાની હતી. લખલૂટ પૈસાથી બંધાયેલો આ કળાકૃતિના સંરક્ષણ માટે જ જાપ્તની વ્યવસ્થા કરાતી ન હતી અને તેની દેખરેખ પણ તેવી રખાતી ન હતી. પાણીની વ્યવસ્થા થયા પછી તેની ઉપયોગીતાની

દૃષ્ટિએ કિંમત ઓછી થઈ હતી. છ કૂવા કે બોટલું તળાવ માટીથી પુરાતું હતું. મને થયું કે બને દિવસે આ બિચારાનાં પુરાઈ જશે. ગરીબને પાણી પૂરું પાડતા બંધ કરવા પડશે નિરર્થક થતાં પુરાઈ જશે. કંઈ નવાં ખિકાનિસ્થાન, કંઈ નવીન જ પાણીની વ્યવસ્થા હસ્તિમાં આવશે.

એ વિચાર કર્યા પછી પાણી કાઢતી સુરતની નારીઓને જોઈ. સૌંદર્ય એ જ, પણ શરમ—ઢબરજા વધારે. રામજ અને સંજોગને લઈને સૌંદર્ય દબાવવાની અને બને તેટલું ઓછું બતાવવાની વૃત્તિ. નાજુકતાભરી ફૂલની કળી સમ સુકુમારતાભરી, પણ લાજ પણ અને અંગ પણ સભર.

તરત જ મને મારા સુરતનાં પાણીની નદીનાં દૃશ્યો યાદ આવ્યાં. કયાં ગ્રામ્ય લાજે ચડે સટાસટ પાણી ખેંચી કાઢી બેડું માથે ચડાવી ઠમક ઠમક કરતી પુરાણા સુરતની સુંદરી, કયાં ઓટલા આગળના સ્ટોવ કોક નીચે પાણી ભરવા ઘડે મૂકીને જાણે પાણી ભરતા સ્ટોવ કોકના ધાકથી ચકેલી હોય તેવે ગુસ્સે ઓટલા પર બેસી પાડોશણ સાથે ગપ્પાં કરતી લાવણી સુંદરી.

મારો રફીક મને તેને ઘેર લઈ ગયો અને તેને ત્યાં મને રાખ્યો. તેના ઘરની જોડે હમામનું ઘર હતું. કહે છે કે વર્ષો પર તેના કુટુંબનો બંધ ઘણો પીઢતો ચાલતો હતો. હમામ ઉપરાંત તે વેઢ પણ કરતો અને પાનો કરવામાં ઘણો કુશળ હતો. સૂતાં સૂતાં તેની છોકરીના કંઠની મધુર બંકિતઓ મને સંભળાઈ.

"ઢાકીતાજા રે તેં તો ઢાકી રે દીધી મોટી
હજમને દાખ દીધું રે, તારા રાજમાં."

બીજે દિવસે મને કેટલાક સાહેબ પાસે તેમને ઘેર રજા કરવામાં આવવાનો -હતો. પણ વિધિના લેખ કોણે વાંચ્યા છે. અકસ્માતનો કોલાહલ થયો. ભૂમરાહ થઈ. દોડાદોડ થઈ. ઘોડાની એડીઓના અવાજ સંભળાવા લાગ્યા. લોકો ચોમાચીસ કરીને ઘરમાં ભરાઈ ગયા. બારીબારણાંઓ પટાપટ બંધ દેવાવાં માંડ્યાં. અવાજનાં પડ્યાં શહેરમાં ઘૂસી આવ્યાં હતાં. શિવાજીની લૂટ શરૂ થઈ હતી.

ચાર દિવસ સુધી શિવાજીએ પેટભરીને સુરતને લૂટયું-કરે પેટ ભરીને નહિ પણ આડું અને ઊંટ ભરીને લૂટયું. સુરતના શ્રીમંતો અને ગરીબો સર્વનાં ઘર બારણાં તોડીને પ્રવેશ્યાં અને તમામ કિમતી માલમતા ચોરાઈ ગઈ. જે ચોરી, એ લૂટનો બ્યાલ જોયા વિના કાઢવો સંભવ નથી. આ દોડાદોડીમાં આ ચોરાચોરીમાં ગોરખના પ્રબંધથી સોનાની ઈંટ પણ નાખી દઈને બધમુક્ત થવા મનસૂબેન્દુસમો હું બધુ ફરીફરીને નિહાળી રહ્યો. માત્ર એક વાણીઆના ઘરમાંથી શિવાજીએ ૩૦ કરોડનું સોનામહોર અને જવાહીર અને બાવીસ શેરના વજનની મોતિની માળા લૂંટી. આખું સુરત લુંટાયું, ન લૂંટી શકાઈ એક કંપની સરકારની સુરક્ષિત કોઠી અને તેની આસપાસનાં વસ્તિત સ્થળો. શિવાજી મહારાજનાં આદેશ હતા. તેમણે વિના વિરોધે જેટલું લુંટાયું તેટલું લૂંટયું હતું. પોતે ન લૂંટાતા દોષ તે વખતે બીજાની લૂંટ પર બહુ લક્ષ ન આપવું એવી તે વખતે પણ બીજાની, અંગ્રેજ કોઠીના અધિકારીઓની નીતિ હતી. પરિણામે શિવાજી નિશ્ચિંતપણે લૂંટી લૂંટીને . ચાલતો થયો. આસપાસ ચોમેર બધ વિપત્તિઓ હોવા છતાં અંગ્રેજ કોઠી સુરક્ષિત અને સલામત રહી.

આ લૂંટ નજરે જોયા પછી મને શિવાજી મહારાજને પૂછવાનો વિચાર આવ્યો: 'સુરતે શું કસૂર કરી હતી? સુરતના સુબાની, અધિકારીની, રાજ્યના પ્રતિનિધિની જોરજોરી લૂંટોને કેમ સંતોષ ન પામ્યો. સુરતના નિર્દોષ રહેવાસીઓને કેમ લૂંટયા? આપ તો મોટા ધર્મનિષ્ઠ હતા. છોકરાઓ તો રામાયણ અને મહાભારત તો નાનપણમાં શીખ્યા હતાં. આપે સુરતની જનતા જે મોટે ભાગે ગરીબ હતી તેને કેમ લૂંટી?' આ લૂંટ નજરે જોયા પછીનાં સુરતના રહેવાસીઓને દુઃખ કે ત્રાસ કરતાં શિવાજીની બહાદુરી, શિવાજીની નીડરતા શિવાજીનો કોપિતો છાપો, સુરતના અધિકારીઓને મહાત કરવાની તેની શક્તિ અને બુદ્ધિ—જોવાજ વધુ વિચાર આવતા. આ લૂંટ જોયા પછી એ બધા લુંટારાઓની આર્ત ચિચિયારીઓના પડઘામાં પડયા.

પણ માત્ર શિવાજીની શું વાત કરવી? સુરત તો ઘણું લુંટાયું છે અને ઘણાએ તેને લુંટયું છે. શિવાજીના પહેલાં તેને લૂંટનાર હતા. શિવાજી પછી પણ

ઓફ્સ બીજે સ્વરૂપે તે લુંટાયું છે. છતાં સુરતને કોણ પૂરું લૂંટી શક્યું છે? સુરતનાં ધન-તેનાં અલંકાર-તેના સોના-ચાંદી લુંટાયાં છે. પણ વિદ્યા સાથે સુરતની કોઈ આબરૂ, કોઈ અક્કલ, કોઈ અનર્થ અને કોઈ આબરૂ-સુરતની સિદ્ધિ ચોરાઈ નથી. એ સિદ્ધિ તે તેનું સુરતીપણું, જેણે લોપ કે નકોપ-તેને મોજ માણી શકવાની તેની શક્તિ. તેનો જીવનનો ઉલ્લાસ. લુંટારાઓ વૈભવ કયાં નથી તેનાં નામનિશાન બાકી નથી. પણ લુંટારા સુરતનો સ્વભાવ, તેનો જીવનનો ઉલ્લાસ તો આજે પણ તે જ છે. તે લુંટારો તો સુરતમાં પહેલો કોઈ લુંટારો નહિ રહે.

કોટવાલ સાહેબ અને તેમના અનુચરો તો કયાંય પણ જડ્યા નહોતા કદાચ તે કોટવાલ સાહેબ પોતાને ત્યાં કોઈ લૂંટારાને પકડીને તેનો ન્યાય કરતા હોય. યા તો પ્રજા કમાણ માટે કોઈ બીજાના થઈ રહ્યા હોય. આ અવસરે મેં મારા ભ્રમણ માટે યોગ્ય ધાર્યો. કયે દરવાજેથી બારું અને કયું બારું તેનો વિચાર કરતો હતો, તેવામાં "એ પૂલ પર લાંબા ટાંટિયા મત પસરો" એમ પોથીસદાદાની આજ્ઞા સંભળાઈ. મેં આંખ ફેરવી તો સુરતના ગોપ-ક્રીક પર પાણીની નળી પર બેસી લાંબા ટાંટિયા કરી મેં ગુનાગારો જુદ્દો મારી વિચારવમ્ન જોયું હતું.

બંગલે બીજો

[૧] અન્નની પડવો (આકાશનો પડવો)

પુરાણ કાળથી ચંદ્ર પ્રત્યે અને રસની મૂર્તિ તરીકે પૂજાતો આવ્યો છે. એની શીતળતા, એની શોભકતા, એની પ્રેરકતા, એની મીઠી આહ્લાદકતા, એની ઉન્માદકતા પર કંઈ કંઈ કવિઓ અને લેખકોએ પોતાનાં હૃદય અને કલ્પના ઠાલવ્યા છે. એની વધતી ઘટતી કળા, એનો ગ્રહણ, એની રૂપેરી ચાદર રાખી પથરાતી ચાંદની અને એના ગાઢવે કંઈ કવિઓની કલ્પનાશક્તિ ઉત્તેજી છે. ચંદ્ર અને એના કુટુંબીઓ કાળ, વસંત, કુસુમ, મદન અને કામિનો વર્ણોથી કવિઓનો એવો ઇજારો લીધો હતો કે બીજી ઔદિક વસ્તુની સર્જકતા કવિઓને સ્પર્શી શકતી નહિ.એ કુટુંબના ચંદ્રોદય અને કર્તા પુરુષ ચંદ્ર છે એ કુટુંબનો બધો વૈભવ એને આભા કરવાનો છે. સૌન્દર્ય અને સુધામયી વસંત વાતાવરણમાં અનનાનાટ ઊભો કરે છે. પોતાના સુધાની દેવતી પ્રથમ દૃષ્ટિ હતા આદિન્દુને મુગ્ધ કરી કુસુમધનુ કરે છે. પ્રફુલ્લગીત આવા માંડી કોયલ મન દાય ઉત્સવો કરે છે સખી આંબે મોર્યો બાગોદાર શીતળ સમીર બારણ પડે છે સ્પર્શેન્દ્રિયને નાબે કરી સારા શરીરને સ્પર્શી સકળ કાલિદાર અને બંડખોરની માદક અવસ્થાની આત્મવરણા પ્રથમ ઉપજાવી અશક્તતા ઊભી કરે છે અને છેવટે બારણ પડે છે સૌનો સિરોમણિ ચંદ્ર-વસંતનો હસતો, મીઠા કરસ્પર્શથી સ્પર્શનો સ્પર્શનો, માદક શીતળતા પાથરતો પાથરતો, સૌનાં અપૂર્ણ એ પૂર્ણ કરે છે. એની પૂજા તો એ છે કે રંજાડે છે તો યે લોકો તેને પૂજે છે.

એ ચંદ્રદેવનો ઉત્સવ-ચરુદાસ પાડ તો કેટ કેટ ઊજવાય છે. ગુજરાત-ભરમાં ઊજવાય છે. સુરતમાં તો એ વર્ષોથી ઊજવાતો આવ્યો છે. નાનકે ઓને પોતાની નવાજીમાં લીધો છે. માનાજીના પવરાત્રના રમારંભથી શરૂ થઈ ત્યાં ત્યાં માતૃપૂજા છે, યૌવન છે, પુરાણ હૃદય છે, ત્યાં ત્યાં શેરીઓમાં, અગાસી-ઓમાં, વિશાળ ઓટાવાળામાં સ્ત્રીઓ ગરબે રમે છે રંગબેરંગી વસ્ત્રમાં સજ્જ થયેલો સ્ત્રીમૂર્ત હૃદયમાં આનંદ, ઊર્મિ, અને બાળોને પગના ઠેકા અને તાળીઓના તાલ સાથે કૃષ્ણપ્રાર્થના વ્યક્ત કરે છે.

ત્યારે પુરુષ ચન્દ્ર એ સૌન્દર્ય નિહાળી માધુર્ય ચાખી, આંખની મૂંગી પ્રશસ્તાથી ઉત્તેજન આપે છે. હવે તો એ સ્વયંભૂ શરદ ઉપરાંત વસંતોત્સવો અને ગરબાના સો સંસ્થાના વ્યવસ્થિત કાર્યક્રમ પામ્યા છે. ચોકડાઓ, ગાડીઓ, અને ઘોડાં વગેરેથી મોટરો, એ ચટ્ટિકાને ઝીલવા રાતે રીવર વ્યૂ પર કે ઘાર્ડનના રસ્તા પર નીકળી પડે છે માલિકદારી પુનમ દૂધપૌંઆથી હજી યે આગાહીઓ ઊજવાય છે. સર્જનકૂનો પ્રશ્ન હજી યે એ ચંદ્રને જોઈને પૂછવા કરે છે કે આ વધુ મધુર કે તે? શરદ પૂર્ણિમા એટલે ગરબાનું, માધુર્યનું, મીઠી ચીનળનું પર્વ, એ ગરગુજરાતમાં ઊજવાય છે તેમ સુરતમાં પણ ઊજવાય છે.

છતાં યે સુરતની વિશિષ્ટતા છે ચાંદની પડવો. શરદ પૂર્ણિમાને દિવસે શરદોત્સવ ગરગુજરાતમાં ઊજવાતો હશે પણ શરદ પૂર્ણિમાને બીજે દિવસે ચાંદની પડવા જેવો સામુદાયિક ઉત્સવ ભાગ્યે જ બીજે કોઈ ગરબાઓ ઊજવાતો હશે. એ પણ શરદોત્સવ તો છે જ, પણ લાક્ષણિક, વિશિષ્ટ, ખરેખરો સુરતીનો એ સુરતી ઉત્સવ, એનો પ્રધાન સૂર છે નહિ રચર્યા, નહિ ચાદ પણ સ્વાદ. મહાન વિગ્રહમાં ઈંગ્લંડ અને અમેરિકાનાં શસ્ત્રોત્પાદનનાં કારખાનાં કામ કરતાં હશે, તેનાથી યે વધુ ત્વરિત ગતિએ સુરતના ઘારી, સુતરફેણી, ઘેબર વગેરેનાં કારખાનાં ચાંદની પડવાના પાંચ સાત દિવસ આગળથી દિવસ અને રાતપાળી કામ કરે છે. કારખાનાંમાં રજા નામંજૂર થાય છે. કુટુંબજીવન જડું કરવું પડે છે. સુદર્શન ચક્રધારીના ઉત્પાદન, ઉત્પાદન, ઉત્પાદનનો જુસ્સો કારખાનામાં પ્રસરી રહે છે. જમનાદાસ ઘારીવાળા, દેવશંકર હરિશંકર, મનજીભાઈ, અલ્લેબક્ષુપન વગેરેની દુકાનો ચોકની મીઠાઈ કે ફરસાણની દુકાનો મટી લડત સમયનાં પ્રજાકીય શસ્ત્રસંગ્રહનાં કારખાનાં અને શસ્ત્રાગાર બની રહે છે. ચાંદની પડવાને દિવસે દુકાળ પડ્યો હોય, ખાવાનું ખાંડપણ ખાવું હોય છતનનું એક જ કાર્ય ખાવાનું હોય તેમ દુકાનો પર માલ ખંખોળવા રાવારથી રાત સુધી લોકોની ઠઠ જામે છે. લડતને પરોક્ષ ચાલવા બોલાવેલ કિલ્લો સમા સાધારણ રીતે ઘડિયાળીનો, દવાનો નોકરીનો ધંધો કરનારાં દુકાનદાર મિત્રોનાં ઘરોમાં ચાળવા બેસી જાય છે. બહાર ખાધું, બહાર સહેલગાહે જવું, એ આનંદ બહારનો છે. આજે સારે યે સુરતનો પુરુષ વર્ગ રાતનું ચાળુ કરવા સહેલગાહે

નીકળ્યો છે. રાતે આઠ વાગ્યાથી શરૂ થઈ દસ વાગ્યા સુધીમાં સારું યે સુરત બહાર નીકળી મુખ્ય સ્ટેશનથી તે પીપળાદત્ત તળાવ સુધીનાં સ્ટેશન પર ચોપાડી પર, ટક્કર પર, ખાઈ-રાના રસ્તા પર, બંને બાજુનાં ખેતરમાં, જ્યાં જ્યાં ખુલ્લી જગ્યા હતી ત્યાં ત્યાં નાના ઝુંપમાં પડીકાં ને ટોપલીઓ થઈ બેસી જાય છે. બેકરા, ઘોડેસવારી, મોટરો આવતાંને જાતે થઈ જાય છે. સાંજે ચારે તમારાં તમારાં તો સારું યે શહેરમાંથી ગામોગામની ગામોગામ રેલ્વે પણ ભરાતી સંભળાય છે. બૂરા ને બારીને બાય આપેલી જ પૂરું નથી થઈ જતું. ઠરવા સાદરી શરૂ થાય છે અને સાદરમાં પહિલમે છે તેમ ઉપરકે બારીને બાને બૂરાને ફરમ પાડવા સ્ટેશને ચા પીવા જવું પડે છે.

પ્રશ્ન એ થાય છે કે શરદ પૂર્ણિમા પછી આ ચાંદની પડવાનું શું પ્રયોજન ? બાકીએ ઉત્સવો કેમ ? એકડી ન ચાલે ? વિવિધ જગાઓ જોવા વિવિધ જનાવર જોવે બુલાવા મળે છે. એક તો એ કે સુરત ઉત્સવપ્રિય છે. જોવે એક ઉત્સવથી ચાલતું નથી, જોવે એક ઉત્સવથી ચાલતું નથી. માટે વાની ઉત્સવો ઊજવે છે. અને આઠમીનો તહેવાર પૂરતો નથી માટે છઠ્ઠે જોમની રજા પાળે છે. એને એક બહેન બસ નથી બોટવે બાહ્યની અને બાહ્યેતરની બે બહેન બનાવી પડવાને દિવસે બહેનનો મેળો ઊજવે છે. ઉત્સવ એક દિવસમાં ન પતાવતાં આગળથી શરૂ કરી પાછળથી લંબાવી ઊજવે છે. આમ અને શરદપૂર્ણિમા બસ નથી બોટવે તેની પાછળ ચાંદની પડવો પણ જોઈએ છે.

પણ ચાંદની પડવાની જુદી ઊજવણીનો બા બુલાવો પૂરતો નથી. શરદપૂર્ણિમા મુખ્યત્વે સ્ત્રીઓનો ઉત્સવ છે. ચાંદની પડવો મુખ્યત્વે પુરુષનું પર્વ છે. સુંદર રાત્રિએ સ્ત્રીઓને ઘેર મોકલી મૂકી નીકળેલા કુંવારિયા પર ચોપ કરી બારાબંધ કરતી ઊજવે તેમ સ્ત્રીઓ ચાંદની પડવાને દિવસે દેર છે. શરદપૂર્ણિમા અને ચાંદની પડવો બંનેનાં સ્વરૂપ જુદાં છે. બંનેના કાર્યક્રમ જુદા છે. જો શરદ પૂર્ણિમાને દિવસે પુરુષો બારી અને બૂરું કાકડા બહાર નીકળી પડે તો સ્ત્રીના કુટુંબપ્રેમી સ્ત્રીવે કોણ ? અને ઉલ્લેટે

કોણ ? પુરુષો સાબળવાના ન હોય અને બેવાના ન હોય તો માધુર્ય ઠલવ્યા શા કામનાં અને શણગાર સજ્યા પણ શા માટના ? જો ચાંદની પડવાને દિવસે પણ સ્ત્રીઓ સાથે મળીને ગરબા આવાની હોય તો ચાંદની પડવાને દિવસે પુરુષોનો શરદુત્સવ ઉજવાય છે તેવો ઓઢવાને નિરાળો નડતર વિનાનો ઊજવાય પણ કેમ ? એકમા સ્ત્રી પોતાની પૂર્ણ કળાએ પ્રકાશે છે બીજમા પુરુષ સીતા પછી રામ, રાધા પછી કૃષ્ણ તેમ શરદપૂર્ણિમા પછીનો આ ચાંદની પડવો છે

કોઈ પૂછશે કે શરદુત્સવને આવાની સાથે શો સંબંધ છે ? શું શરદુત્સવ એ આદ્યોત્સવ છે ? શું આવું એ ચાંદની પડવાની સંદ્રિકા માણવાની રીત છે? હૃદયના ભાવોને સ્પર્શે અને aesthetic sense રસવૃત્તિથી ઊલટાય તેવી ચંદ્રિકાનો ઉત્સવ આવી સુલ્લક રીતે ઊજવાય ? જીવનનો ઉલ્લાસ માણસ પોતાની વૃત્તિ અનુસાર માણે છે કોઈ કવિરાજ જો ચાંદનીમા બેસી ચંદ્રને વિશાળ કાવ્ય રચતો જુઓ છે કોઈ ચિત્રકારને મન જો મહાન ચિત્ર સરજી રહ્યો છે અને પોતાની કળાની દૃષ્ટિએ એમાં આનંદ માણે છે સંગીતકારને મન ચાંદનીમાંથી કંઈ અપૂર્વ માધુર્ય ઝળહળ આવે છે શાંતિ અને સુલેહના પયગંબરને એ વિશ્વશાંતિનો આદેશ આપતો લાગે છે પણ ભૂખરવાના મિત્રની પેઠે કોઈ સ્વાદેસને (સ્વાદ—ઇંય) જે મન તો એ મધુરમા મધુર સ્વાદ ઝરતું ખાદ્ય છે આવાને સુરને કલા ગણી છે, ઓને બહાવી છે, તેવી ચાંદની પડવો એ મહાન આદ્યોત્સવ બન્યો છે

ચિત્રકાર, કવિ, સંગીતકાર કે કલાકારની માફક સુરતીઓ પણ એ રસરાજ ચંદ્રને પૂરેપૂરા ઝીલી લેવા માગે છે પણ ચાંદનીને ઝીલી લેવાની મુશ્કેલી ખુદ કવિઓ ન્હાનાલાલે પોતાના નીચેના મધુર રાગમા વર્ણવી છે કઈ નહિ તો કવિઓ ન્હાનાલાલને એ મુશ્કેલી આગેવી એવું સદ્‌ગત નરસિંહરાવભાઈએ સમજાવ્યું છે —

ચંદ્રીએ અમૃત મોકલ્યાં રે બેન;
ફૂલડાં કટોરી પીલી લાવ, જગ માયલી રે બેન;
અમૃત અંજલિમાં નહિ ઝીલ્યું રે બેન.

અંજલિમાં ચાર ચાર ચાળણી રે બેન;
અંજલિમાં ફૂટલાના પ્રહ, જગ માયલી રે બેન
અમૃત અંજલિમાં નહિ ઝીલ્યું રે બેન.

ઝીલ્યું નહિ તો કમી કરતાં રે બેન;
ઝીલ્યું તો અરે દશ પાર જગ માયલી રે બેન;
અમૃત અંજલિમાં નહિ ઝીલ્યું રે બેન.

સુરતી આંખો જ ચંદ્રીને ખાયથી નથી ઝીલતો, માત્ર આંખથી નથી ઝીલતો, ફૂટલાના પ્રયથી નથી બગડવા દેતો. આંજળીઓની ચરબેથી નથી ઢળી જવા દેતો. સીધા પેટમાં જ પધરાવી દે છે. સુરતી ચંદ્રને જ ખાઈ જવા માગે છે. ચાંદનીને પી જવા માગે છે. ચંદ્ર સુધી પહોંચી ન શકવાથી તેણે તેના પ્રતીક ઊભાં કર્યાં છે. સફેદ દૂધ જેવી પૂર્ણ ચંદ્રાકારની થાળી, રસરાજના આકારનાં સુનરફેણીનાં સ્વેત ચકરડાં, ગોળ બેબરનાં ચકતાં, કચોરી અને રતાળુની પુરીઓ એ ખાવાના પદાર્થો નથી, પણ ચંદ્રની પ્રતિમા છે. સુરતી ખાવાના પદાર્થો ચાંદનો પડવાને દિવસે ખાઈ રહ્યો નથી પણ વિવિધ પ્રકારે એ ચંદ્રને સીધા ઉદરમાં ઊતારી રહ્યો છે. પ્રભુ પણ રીઝે છે ત્યારે ભક્તને પોતાનામાં સમાવી દે છે, મીરાંને પોતાનામાં સમાવી દીધી હતી. તેમ ચંદ્ર પર ફીદા થયેલા સુરતીઓ ચંદ્રને પોતાનામાં સમાવી દે છે. પૃથ્વી ગોળ છે, ચાંદનો પડવાનો ચંદ્ર ગોળ છે, ઉદર ગોળ છે, ખાવાની મુખ્ય વસ્તુઓ ગોળ છે. પૃથ્વી, ચંદ્ર અને ઉદરે એક મહાન સંવાદ (harmony) સમાનતા, તદ્રુપતા સાધી છે. એ તદ્રુપતાને સ્વીકારી પૃથ્વી પર જેવી સુરતી ચંદ્રને, ચંદ્રની ગોળ પ્રતિમાઓને ઉદરમાં ઊતારે છે.

ઉત્સવની ઊજવણી માટે કોઈ અવગતિયાના કારખાનામા પડેલા મનુષ્ય-પ્રાણીઓના અપવાદ સિવાય તમામ વેપારો બંધ પડયા છે વકીલોની ફ્રીફ્ની દોરી તે રાતે છૂટતી નથી દાક્તરોની વીજીટો બંધ છે શું કરે? વકીલને મળવા કે દરદી થઈ દવા લાવવા તૈયાર કોણ છે? નસીબ અજમાવનારાઓ પણ નસીબ અજમાવવાનું મોકૂફ રાખે છે ચોટલો રાતભર ખુલ્લી છે જીવનની કોઈ ઉજવણ ઘડી તમી વર્ષની રાત્રીઓમાંની ઉજવણ રાત છે

કેવું સુરતી પર્વ છે તેનું સુરતી નામ છે કવિની જ્ઞાનાશાયે બાંધેલા માટે ચંદ્રી શબ્દ વાપર્યો તે માટે કવિકુલ નરસિંહરાવે વાપર્યો ઊઠાવેલો કે ચંદ્રો શબ્દ બરાબર નથી, એટલ જોઈએ સુરતીઓએ તો કો ચંદ્રીમાંથી પણ આકાશ ર ઉડાવી દીધા છે ચાદની પડવો સામાન્ય રીતે ચંદની-ચંદી પડવો કહેવાય છે કોઈ તો વળી ચન્દીપડવો કહે છે સામાન્ય સુરતીઓ ખોટા વિવેકમાં બિન-જરૂરી શિષ્ટાચારમાં નથી માનતા સટોડીઓમાં તો બાપુભાઈ કાકાભાઈ—બાપુ કાકો, અને નાનાચાર મમળાદાય, ન્યાનો કે નાનકો ભેદો બની જાય છે વ્યાકરણમાં નામ ડૂબાય છે ચાદની પડવો એમ ડૂબાડીને ચદની-ચન્દી પડવો બન્યો છે

કવિકુલી જ્ઞાનાચારની પંક્તિઓ સુરતીની નજરે પૂરી કરું તો:

ઓ! મારી ચારી સુનરફેણીમાં રે બેન,
ઓલ્યુ કચોરી ઘેબર માલ્યા જો,
ચન્દ્રી ઓ! સીધી માસ પેટમાં રે બેન

———

[૨] સુરતનું જમણ અને સુરતનું મરણ

સુરતનું જમણ અને કાશીનું મરણ એ કદાચ જ મને તો અનુચિત લાગે છે. એક તો જમણ જેવા આનંદ અને ઉલ્લાસમય પ્રસંગની સાથે મરણ જેવો શોક અને ગમગીનીભરેલો પ્રસંગ જોડવો એ જ બહુ અજુગતું છે. સુરતનું જમણ એ સહોદ્યાર ગાત્રથી રસોદ્રિય ઉદ્દીપ્ત થાય છે. પાટે બેસવાના અને પીરસવાના નોતરાથી માંડીને જમી રહ્યા બાદ તે ઊઠ્યા સુધીના દરેક સ્વવિત્તો રામા પસાર થાય છે. રંગબેરંગી વસ્ત્રો, અંજરના અલંકાર, પીરસનારાઓની પીરસવાની ધમાચકડીનાં સંસ્મરણો બધાં થાય છે. તેની સામે ધરીબર જીવનની અસારતા દાખવી જીવન પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન કરનાર રૂદન શોક, અને ખરખરાનાં દૃશ્યો ખડાં કરનાર મરણનો નિર્દેશ અને સરખામણી અત્યંત અસંગત છે.

આમ છતાં જમણ અને મરણ બંનેને સરખાવવાં હોય તો સુરતના જમણની વિશિષ્ટતાની સરખામણીમાં મરણની વિશિષ્ટતા માટે કાશી સુધી જવાની આવશ્યકતા નથી. સુરતનું મરણ એ કાશીના મરણ કરતાં કોઈ પણ દરજ્જે ઊતરતું નથી. મરવાની કે મરતાં અટકવાની કંઈ પણ સગવડ કાશી કરતાં સુરતમાં ઓછી નથી. પ્રાણવાયુ દેહનો ત્યાગ કરે ત્યારથી માંડી વૈતરણી વગેરે સ્થળોથી પસાર થઈ ધર્મરાજાના દરબારમાં જાય તે સમસ્ત મુસાફરીની સગવડ માટેનાં સાધન સુરતમાં તૈયાર જ સુલભ છે. એટલું જ નહિ પણ જે કવિ કાલિદાસે મેઘને બતાવેલા રસ્તા જ સ્વર્ગનો નિર્ગમિત રસ્તો હોય તો સુરતનું સ્ટેશન કાશીના સ્ટેશન કરતાં ધર્મપુરીના ટર્મિનસથી વધુ સમીપ છે. એટલે મુસાફરીનો થાક પણ સુરતથી ઓછો લાગે તેમ છે. જો કાશીના તીર્થધામની પવિત્રતા મરણ માટે શોધવાની હોય તો સુરત પણ તેવા જ બદકે તેથી પણ વધુ યશસ્વી તીર્થધામ અશ્વિનીકુમાર ધરાવે છે. જો મહાદેવની જટામાંથી નીકળી અધ:પાત અનુભવની સ્નાનથી પવિત્ર કરતી જાહ્નવીના પુલિત તટ પર કાશી ઊભું હોય તો સૂર્યની પુત્રી અને યમરાજ ભ્રાતાથી વિમળ કરતી તાપીના પુલિત તટ પર સુરત ઊભું છે. તેમ જ તે જ તાપીના તટ પર અશ્વિનીકુમારનું ધામ છે.

જો કાશીમા બાલ પર અર્ધચંદ્ર ધરાવતા શ્રી કાશીવિશ્વનાથ હોય તો સુરતમાં બારીસમા પૂર્ણચંદ્ર ધરાવતા દેવશંકર છે, તેમ જ બાલાજીરોડ પર બુદ્ધ કાશી-વિશ્વનાથ અને નજીક કતારગામમા સ્વયંભૂ કતારેશ્વર છે કાશીમા પ્રખર પંડિતો હશે તો સુરતમા પણ પાકશાળાઓ છે અને વગર પાકશાળા એવે, વિના પરીક્ષા આપે દશાથી તેરમા સુધીની ક્રિયા, માસીસા તથા શ્રાદ્ધ તમે અમને પણ નહિ તેટલી ઝોકોસીથી અને અનુભવથી કરાવનારા જોશો છે જો બ્રહ્મભોજનની અનુકૂળતા કાશીમા હોય તો તેથીયે પ્રબળ ઉત્સુકતાથી ઘરઘર બ્રાહ્મણનાથની ઘોષણા સાથે બ્રહ્મભોજન કરી અતિમ શ્રેય અર્પનાર ભૂદેવો સુરતમાં પણ છે

કાયદાની દૃષ્ટિએ મરનારના મરણ બાદ કંઈ મિલકત પર હિત રહેતા નથી એ વિસરે મરનારની દૃષ્ટિ છોડી જીવતાની દૃષ્ટિએ તપાસીએ તો પણ સુરતનું મરણ પખાણવા જેવું છે સુરત મરણને ફિલસૂફીની નજરે નિહાળે છે, કવિ કાવિદાસની પેઠે મરણને દેવીની પ્રકૃતિ લેખે છે કોઈ પુરાનના પા દ્વારમા મૃત્યુના અપવાદ સિવાય ભૂલ્યા ચૂકે ચાપાણીના જીવન સાથે વણા-યેલા કાર્યક્રમ અગ્નિસસ્કાર પછી પાણીની ડોટલમા અમલમા આવે છે મરનારનો પ્રતિનિધિ એ સાચવવા આપવાની પોતાની ફરજ સમજે છે એટલું જ નહિ પણ ઘણા કલાક દરમિયાન સાહિત્ય, સમાજ, રાજકારણ, વગેરે અનેક રસપ્રદ વિષયો પર, જ્ઞાતિના છેલ્લા છેકરીનાં ચારિત્ર્ય પર ચર્ચા કરવાની તથા વિચારોની આપ લે કરવાની સુદર તક સ્મશાન પૂરી પાડે છે કહે છે કે અમુક જ્ઞાતિમાં તો પત્ની મરી ગઈ હોય તો પતિના બીજા લગ્ન વિવાહનુ પણ ત્યાં જ ગોઠવવામાં આવે છે

મરણ જેવા અનિષ્ટ બનાવમાથી પૂરેપૂરુ ઈષ્ટ કાઢવાની અજમેલની સુરતીઓએ વાપરી છે. તીર્થરાજ અશ્વિનીકુમાર સુરતથી માઈલો દૂર છે અને સુરતના સુકુમાર પુરાનને જે કસરતની ખાસ જરૂર છે તે પ્રસગે આપોઆપ સ્મશાન જતાં મળી રહે છે

કાશીનું મરણ સુરતના મરણ કરતા ચડિયાતું છે એ તો બને જગાએ કહેશે

મરી જાવું હોય તે જ માણસ ખાતરીપૂર્વક કહી શકે. કમનસીબે જીવનમાં એક જ વાર મરી શકાય છે અને એક જીવનને અંતે મરી ગયા પછીની ઘટનાને બીજા જીવનમાં યાદ રાખવાની શક્તિ મનુષ્યને બક્ષવામાં આવી નથી. એટલે જાતઅનુભવથી સુરત અને કાશી બંને જગાએ મરણનો અનુભવ કરી કાશીનું મરણ ચડિયાતું છે એમ કહેવું શક્ય જ નથી. આમ છતાંયે કાશીનું મરણ ઉંચું છે એમ માનીને ચાલીએ તો પણ કાશીમાં મરવાનું ધ્યેય રાખવું એટલે જિંદગી વેડફી નાખવા જેવું છે. વકીલો જીવમાં લખે છે તે મુજબ મરવું એ મનુષ્ય માત્રનો હક છે અને જિંદગીનો ભરોસો નથી એટલે કાશીમાં જ મરવાનો મનસુબો કર્યો હોય તો કદાચ વખતે મરણ આવશે એ નિશ્ચિત ન હોવાથી કાશી છોડી શકાય જ નહિ. આમ કાશીમાં મરવાને બાતર કાશીને જ વળગી રહી સુરતના જમણને ગુમાવવા કરતાં મૃત્યુને હસ્તામલકવત્ ગણી સુરતમાં જમ્યા જ કરવું એ જ ડાહ્યા માણસનું લક્ષણ છે. સાધારણ રીતે જોતાં આકાશવાતી અનિયમિતતાને લઈને થતા હોવાથી અને અનિયમિતના મનુષ્યની પ્રકૃતિ હોવાથી સુરતમાં જમ્યા કરવાથી કોઈક દિવસે વિકાર થશે અને તીર્થંકર સમીપે દેહ પડશે એ સંભવિત છે.' લટ્ટે લોકોક્તિ એમ હોય કે સુરતનું જમણ અને કાશીનું મરણ પણ હું તો અદ્યતિશ એમ જ માનું છું કે સુરતનું જમણ અને સુરતનું મરણ.

કદાચ સુરતનાં મરણ બાબત બે મત હોય તો પણ સુરતના જમણની શ્રેષ્ઠતાની બાબતમાં તો બે મત નથી જ. પણ એ મત ધરાવનારી પ્રત્યેક વ્યક્તિ એ એ જમણની શ્રેષ્ઠતાનું સાચું સ્વરૂપ નિહાળ્યું હશે કે કેમ તે શંકાસ્પદ છે. સુરતના જમણની સાચી વિશિષ્ટતા શી છે? એનાં તાજાં શાકભાજી? એની રસમય ચાનીઓ? કતારગામની પાપડી, ભાઠાનાં રવૈયાં, વરાછાનું રતાળુ, જમનાદાસ અને દેવશંકરની ઘારી કે શાંતિની બરફી? વિશિષ્ટતા એની સુપ્રમાણ અને બહેજાતદાર રસોઈમાં છે કે પીરસતી રમણીના હાથમાં અને અવાજની મધુરતામાં છે? આ બધામાં કંઈ કંઈ અંશે સત્ય છે પણ પૂરું સત્ય નથી. સુરતના જમણની વિશિષ્ટતા માત્ર જમણના ચાખનમાં નથી, માત્ર રસોઈ કરનારામાં

નથી, માત્ર જમવાની જ આને જમાડવાની પદ્ધતિમાં નથી, પણ ન્યુયોર્કના બૅકગ્રાઉન્ડ સંગીત સમી જમણની પાછળ રહેલી ભાવનામાં જમણનો આનંદ માણવાની, રસોડાવારા શીખવાની અને બતાવવાની શક્તિમાં છે. સર્વશ્રેષ્ઠ વાનગીમાં કે સાદામાં સાદા જમણમાં પણ એ વિશિષ્ટતા ગાજર જોપ છે.

સુરતને મન જમવું એ કંઈ જીવન નભાવવાની આવશ્યક ક્રિયા નથી. પેટનો ફર ઠારવાનો યાંત્રિક ક્રમ નથી. પણ જમણ એ જીવનનો આનંદનો ક્રમ છે. રસોઈ એ કળા છે. બહેનો રાંધે ઓ કહેતા જોય કે જીવવા માટે ખાવાનું છે, ખાવા માટે જીવવાનું નથી, પણ ઓ તો પોતે પશુ કરતાં ઘણો વિકાસ સાધ્યો છે એમ બતાવવાનો પ્રયાસ છે. સુરતને મન ખાવા માટે જીવવાનું છે, તરતના ન્યુમોનિયામાંથી સારા થયેલા દરદીને ડૉકટર એમ કહે કે ચાંદની પડવાની રાત્રિએ શરદીમાં બહાર ન નીકળતા તો દરદી માનશે? મોં આવી ગયું જોય એવા માણસને જમણના એક મુખ્ય અંગ સમાં ઘેકળાં ન ખાવાનું યા તેલ વિના ખાવાનું ડૉકટર સમજાવશે તો તે દરદી માનશે? જીવનમાં ચાંદની પડવો ન ખીલી શકાય તો જીવીને શું કામ છે? અને સ્વાદરહિત જીવન જીવવાનું જોય તો જીવીને શું કામ છે?

સુરત બહાર ઓ ભાવના, એ વાતાવરણનો અભાવ છે. જમણ પાછળની ઓ ઉન્નતિ નથી, એને સફળ કરવાની તમન્ના નથી, સફળ જમણનો આનંદ લેવાની કે કદર કરવાની શક્તિ કે ઇચ્છા નથી. લગ્નિમ કોયા ચીજો ચીજોને આલેખવા ભિન્ન આલેખક રસોઈયો અચાબ રીતે સમારીને બગાડે નહિ તે આટકાવવા સાધન સંપન્ન શેઠ બીજે છડી બાઈને શાક સમારવા બેસતો નથી. નાનું શાક ચાવવાનું કામ ઓ તો જાણે કોઈ પણ કરી શકે તેવી ચલ્લુ જોય તેમ ધારીને કે આલેખક માણસને સુરતમાં સોંપાનું નથી. જમણ માટે સામગ્રી લાવવામાં, રસોઈયો રોકવામાં, વાડી રાખવામાં માલિક સુરતની પેઠે અંગત ધ્યાન આપશે? મુંબઈમાં તો જમણ માત્ર એક યાંત્રિક ક્રમ થઈ પડયો છે. નથી તેની પાછળ આત્મ ઋણનો પ્રબોધ, નથી તેનું, નથી અભોટિયું, નથી જમણ પાછ-

ળનું આનંદમય અને ઉલ્લાસમય વાતાવરણ છવાયેલા મનમને માન આપી ઘરમાં પડોશીઓ નેતુ પિતિયું અને અમીસ પડોશીને નિયત સમયે કરવા બેસી જવાનું આને આહુતી પ વિધા મંત્રની જેમ આહુતી અદાથી પીરસી જાય તે આવાનું અને આ વખતે મંત્રી નણાવાયનું 'ચટ્ટીને અમુત પોરસ્યાં રે લોલ' એ ગાવ્ય યાદ આવ છે તે મનમા બોલાઈ જાય છે 'મલબાએ અમુત પોરસ્યાં રે લોલ'

ખરી આ પારિવારિક રનહીન માણાના ઉંચાર જેવું કમણ અને કયા દનન રી સુરતનું કમણ ! કયા સુરતનો ઉલ્લાસ, આનદ, મેદનો તેની પાછળ શમ અને શેવા ! કમણની ગમ ચાર દિવસ આગમથી તો ખબર પડી જાય કે અમુક કહુને ત્યા કમણ છે કમણને દિવને નવારે તો શાક સમારવાના અને પાટે બેસવાનાં, પીરસવાનાં પણ નોતરા મળી જાય, વગીક અને ગ્રેડર, વેપારી અને વૈદ્ય, જરીવાળા ને ચોકસી, રોકીઓ ને કારીગર સાથે બેગી શાક સમારે ને પબ્બે પાન બનાવતા જાય, વચ્ચે ખ્યાત જાતની અને દેશપરદેશની ચર્ચા કરતા જાય પછી સાંજે કમાગ્મા પુરાવશ્યા અબોટિયા અને રેશમી ખમીસ બાદર નીકળે જીવનમાં પ્રાધાન્ય અનુભવતી, સ્ત્રીની પ્રથમ પગત પડે, અને પીરસવા નીકળે નવિ આહુતી પનેવિધા પણ ખ્યાતનેા મેાટીવેા પુવકવર્ગ અને પ્રૌઢ છતાં મુવાન એવેા પ્રૌઢ વ ર. એ પીરસવામાં આગ્રહ છે, વેાગ્યતાની કદર છે ન જાડવાનેા નિશ્ચય કરીને આવેલા તો દનિ છ ટાવવાની શકિત છે એમના ઘરમા માના કમ એ માત્ર મુખમા પિરસાય છે તેવા પાડ્રો નથી પણ 'પાડ્રી મીના એ ॥ કમ' છે ઉજાણીના સમયે જીવનના કે ઈ કે ઈ પુસ્તકો ઉઘેવાય છે અને હદયના મર્મ સમજાય છે હદય આંખે ચડી બેસે છે, સ્ત્રી અને પુરુષના સમાગમમા સકુચિતતા અનુભવતા સિદ્ધ સમાજમા કમણ એક ઉત્સવ બનીને સપર્ક સાધવાની તક છે પીરસનારના મેા ઉપર સ્મિત છે એના શરીર પર પનેવિધા પેાતિયુ અને બંડી નથી પણ શ્વેત અબોટિયું અને રેશમી ખમીસ છે એ માત્ર કિમતી વસ્ત્રો નથી પણ એના ઉમગ અને ઉલ્લાસના પ્રતીક છે ઘણા સુતરાઉ વસ્ત્રના હિમાયતીઓએ સવાલ ઉઠાવ્યો છે કે સ્ત્રીઓ તમામ વસ્ત્ર પરિધાન કમણ વખતે રેશમી કરે છે ? ન હોય તો સમાનતાના કમાનામાં



પુરુષ પર નિર્બંધ કરી તેમને કેમ અન્યાય થાય છે? શું પુરુષોએ રેશમી વસ્ત્રો જ પહેરવાં અને સ્ત્રીઓ એટલી વિશુદ્ધ કે તે સુતરાઉ કપડાંથી અલિપ્ત છે? એનો જવાબ એ કે સ્ત્રીઓએ રેશમી કપડાં પહેર્યાં છે એમ દેખાય છે તો રેશમી કપડાં નથી એમ શા માટે માની લેવું? બુદ્ધ ભગવાનો કહ્યું છે કે નિર્વાહિક અને વણનિ તો સદા પવિત્ર છે. આમ જ હોય તો ઈર્ષાની આગ જેમાં અહર્નિશ બળે છે તેને વળી રેશમી વસ્ત્રનાં બંધન શાં?

સુરતના જગદ્‌ પાછળ માત્ર કુબેરનો ઉલ્લાસ નથી પણ મહાન યોગીની, તત્ત્વચિંતાની ફિલસૂફી છે તેની ચોટલામાં માણસને લટકાવવાની કરોટી છે ઓકારાના ગાંઠે ચિત્તવૃત્તિ નિરોધનું જગદ્‌ ગુરુ છે. બીજે બધે માત્ર જગન્નાથજીને જ આમંત્રણ આપવામાં આવે છે. સુરતના લગ્નના જમણ પાછળ મિરાતવાના ઓઠ્ઠે કે જ્યાં માત્ર જમવાની ઉજાણ તેની આગળ માટીની

પાટ પર પાથરી પહેરી, દપટ્ટો ઓઢી, બેસીને બીજાને જમતાં નિહાળવાનાં પણ આમંત્રણ નીકળે છે. આ માટે બેસનારનું કાર્ય તપોનિધિની તપશ્ચર્યા કરતાં પણ વિકટ છે. પોતાની સન્મુખ બીજાના ભાણામાં ભાતભાતની વાનગી પીરસાય તે જોયા કરવી, તેનાથી રસેન્દ્રિય ઉત્તેજાય તેનું નિયંત્રણ કરવું, વાનગીઓની સુવાસ ઘ્રાણેન્દ્રીયને ઉશ્કેરે તેને કાબૂમાં રાખવી, આનંદથી જમતા—જમનારાઓના ફડાકા સાંભળવા, આસપાસ વાગતું રજાક બેન્ડ 'મેરી સાથ સાથ રહો તુમ કદમ કદમ' વગાડીને ઉશ્કેરે તે વખતે પણ પાટને વળગીને બેસી રહેવું, બાકી પેટે બીજાનાં પેટ ભરતાં જોવાં, બેપરિણામીવાળા પતિની પ્રથમ પત્નીની પેઠે બીજાનાં સુખ જોઈ પોતાના દુઃખમાંય રાચવું, અને આવા પરિતાપના સમયે શરીરે જામા પાથરીનો ભાર રહેવો એ મહાન તપ છે, મહાન ત્યાગ છે, વિકાર અને વિક્ષોભન ઉપરની મહાન જીત છે. ખુદ ખંગન પૂરી થયા પહેલે કોળ રહ્યું સહ્યું ઉઠાવી જાય છે પણ આ યોગીઓને તો ઠસ્કિકા પણ ત્યાં મળતી નથી. કહે છે કે વિશ્વામિત્રો અને વસિષ્ઠો આ યુગમાં નથી. હું કહું છું કે સુરતના પાટે બેસનારા વિશ્વામિત્રથી પણ અદકા છે. મેનકાને વીસરીને વિશ્વામિત્રે તપોભંગ કર્યો પણ કોઈ પાટે બેસનારે નથી તેવી રસપ્રદ ઉજાણીમાં પણ પાટ પરથી ફૂદડો મારી કોઈના ભાણા પર યા પીરસનારા પર તરાપ માર્યાનું હજી સાંભળવામાં આવ્યું નથી.

આ યોગ માત્ર પાટે બેસનારે જ નથી કેળવ્યો, જમનારાઓએ પણ કેળવ્યો છે. સુરતમાં મરણ અને લગ્નનાં જમણો ઘણીવાર જમાડનારની શેરીમાં જ તેના ઘર આગળ થાય છે. પાસે પાસે જકડવાળી સાંકડી શેરીઓમાં ખાળકૂવા અને ઉકરડાની નજીકમાં મચ્છરોના ત્રાસમાં સાપનને અભાવે જમણો જમાય છે. આવા વાતાવરણમાં પણ જો નવે સુરતના સહેલાણીઓને પત્રાવળી પર બેસી પાછળ બોટા મૂકી જમતા જોઓ, તેમની જમણની એકાગ્રતા નિહાળો, તેમના ફૂંચપાક, શ્રીખંડ કે કઢીના ફડાકા સાંભળો, તેમની જમતી વખતની સ્વસ્થતા પરખો તો તમને જરૂર ખાતરી થશે કે કાર્પસાધનામાં વાતાવરણને ભૂલી જઈ, તમામ ચિત્તવૃત્તિનો નિરોધ કરી સુરતીઓએ મહાન યોગ સાધ્યો છે.

કમઠ માત્ર કમઠુ નથી, કવા છે. કેટલીક રમત ગમતના પ્રવીણો તેમાથી જીવનનિર્વાહનાં સાધન પણ મેળવે છે સુરતમાં ઓવા રમોઈ—નિષ્ણાતો થઈ ગયા છે જેઓ ન્યાતના ગોવિંદજી સાથી તેમાથી બચાવ કરી એક માસની રોજી કાઢતા. વળી કમઠુમા કેટલીક દોષનિવારણ કરવાની પણ શક્તિ છે. ન્યાતના કેટલાક ગુનાના કેવા કે બીજી ન્યાતમા કન્યા આપવી, સમુદ્રગમન કરવુ, ન્યાતનુ અપમાન કરવું વગેરે બદલામાં કમઠુ એ એક સુંદર શિક્ષા છે. દોષનાં પણ વર્ગ થાય તેમાં ઉત્તરજનનું તો બાપ મિષ્ટાન્ન જ ગોય છે. એટલે બીજી ન્યાતમાં કન્યા આપવાનો દોષ સ્વાભાવિક રીતે કમઠુ આપવાથી નષ્ટ થાય છે. સમુદ્રગમન કરવાના દોષનું મૂળ એ છે કે સમુદ્રગમન કરનાર પરદેશ જઈ સ્વાર્થી બની પરદેશની સારી સારી વાની ઓરોગ આવ્યો છે તેનો બદલો ન્યારે વળે કે સહી સલામત સ્વાતિબંધુઓને પણ તે ખવાડે. ન્યાતના અપમાનથી ન્યાતને ક્રોધ થાય છે અને ક્રોધ માત્ર કમઠુથી શમે છે, એટલે કમઠુ એ તમામ જાતિઅપરાધ ગમાવવાનું સાધન છે. કવિનભાઈનું દરેક સાંકળમાં એજ સૂત્ર હતું 'કમઠી થાય એટલે પત્યું.''

સુરતના કમઠુનો આ રહસ્યોદ્ઘાટ બે પ્રકારના માનવીને ખાસ પ્રાપ્ય છે. બોજન તો માનુષસ્તોથી મળે તે કા તો પોતાની કે કોનો પત્નીની. કા તો સુરની માતાને ત્યાં જન્મ લેનાર કા તો સુરતી સુંદરીનો હસ્ત ઝાલનાર સુરતી કમઠુનો બરો આનંદ મેળવી શકે.

એક વકીલના વકીલ પુત્રને વકીલાત પર વૈરાગ્ય આવ્યો. કુશળ પિતાએ તેને જુદાજુદા દાખી દેવાને બદલે બોલે બોલે બધાત બીજા ધંધાનો અનુભવ લેવા કહ્યું. પોતાના ચેકદાર, વેપારી, પોલીસ બાતાના અમલદાર વગેરે મિત્રોને ત્યાં તેમનો ધંધા કેમ ચાલે છે તે જોવાની તક આપી. છેવટે બધે ફરીને આવીને છોકરાએ કહ્યું 'પપ્પા, મેષ કરવત વકીલના વકીલ.'

જો આવતા જન્મ માટે કાશીએ કરવત મુકાવવાનું હોય અને બારી કળાએ આવતે જન્મે જન્મ મળવો હોય તો હું તો જરૂર કરવત મુકાવુ, 'મેષ કરવત સુરતના સુરત.'

[૩] ભૂસું

એક મકાનબાદથી જયંતીલાલ અમારે ત્યાં આવ્યા હતા. શુરત પહેલી વાર આવ્યા એટલે વેપાર રોજગારના મંત્રીની અદાથી એમણે મને પૂછ્યું: 'તમારો મોટો અને મુખ્યલક વેપારી કોણ?'

"ડરિંગકર" મેં જવાબ આપ્યો.

"કુલ્લ માણસોનો કામ કરતા હશે?"

"બહરથી વીસ માણસો" મેં કહ્યું.

"ઉપરો મોટો હશે."

"જબરજસ્ત."

"પેરી કપાસી કયાં શુધી કામ કરે છે?"

"રાતરે બારથી છનનન અવાજ બંધ થાય છે તે પછી બાર વાગ્યા સુધી."

"બધો સોનો ચરાકોનો હશે?"

"ના, ભૂસાનો" મેં કહ્યું.

"ઉં, ભૂસામાં પરોડિયાથી મધરાત સુધીનો વેપાર કેવો? એ બધું ભૂસું કયાં જાય છે? અહ્ન તો આઈસ ફેકટરીમાં કે દીવેલી અને દવા બનાવવામાં વપરાતું હશે."

"પેટમાં" મેં જવાબ આપ્યો.

"શું કહો છો બાઈસાબ, તમે ભૂસું ખાઓ છો? જયંતીલાલે પૂછ્યું.

"તમેય ખાશો." મેં કહ્યું અને જયંતીભાઈને ભૂસું ખવડાવ્યું.

"ઓનારીની! આ તો ચવાયું" જયંતીલાલે આશ્ચર્યમાં દીકરા કરી.

આ ભૂસા બાબતના શુરતના અને ઉતર ભારતના દૃષ્ટિકોણમાં ફેર. ભૂસું એ શુરતમાં માત્ર કડીબા પશુઓને ફાડવાની વસ્તુ નથી. માત્ર ઢોરઢાંકર નાખવાનું કે બાળકને દીજવવાનું સાધન નથી. એ તો એક ધંધાનું સાંપ્રિય બાધું છે. બાઈબન દોસ્તદારની સરભરા કરવામાં, બજારમાં નવીન વસ્તુ

મોકલવામા, મોટુ આપુ લોય ત્યારે પેટને આશરો આપવામા, વહેનું આપુ લોય ત્યારે સાંજ સુધી ભૂખાને નભાવવામા એનો ઉપયોગ કરવામા આવે છે

ખરું આ સુરતમા સ્વાતંત્ર્યપ્રેમી પુરુષોની સ્વતંત્રતા અને સ્વમાન જાળવવા આનુ અમોઘ સાધન છે ૬ તો સ્ત્રી પુરુષના કર્તવ્યવિભાગનો સુક્ષ્મ વિચારતી છુ મારો દઢ મત છે કે પુરુષોનું સ્થાન આફિસોમા, કારખાનામા, મિલોમા, ઓફિસ્વેનોમા, વહાણ પર, અને લડાઇના મેદાન વગેરે પર છે સ્ત્રીઓનું ઘરમા, ઈસ્પીતાલમા, કન્યાશાળામા, રસોડામાં અને એવા બીજા ક્ષેત્રોમાં છે

કદાચ શમય બળને માન આપી સુભાષને નવડાવવા કે ધોકરા રૂપરે લાવ્યા બાદ સુવાડી દેવા સુધી જે કર્તવ્યશીલ રહ્યા છે પણ એટલું તો ચોક્કસ કે સગડીમાં કોલસી મૂકવા સુધીનું કે બાબરી કે બીચરી બનાવવા સુધીનું આ કલમથી કાંઈક થા કરી શકનાર હાથનું પતન થયું નથી. ચાર વર્ષના કર્તવ્ય વિભાગમાં પણ આવું ને આવડવું એ વૈશ્યની ફરજ નથી. બાગ્વૃત્તિ યાને બોલવું અને બોલાવવું એ વણિક ધર્મ છે અને કુલધર્મ પણ છે. તેને વાણીથી કલમ સુધી પહોંચવા દઉં છું પણ કડકી અને માર કરતના પ્રતિલોમ સંગમથી બીનાબાબ્યું વર્ણસંકર પરિણામ હજી આવવા દીધું નથી અને એટલું અધઃપતન હજી સુધી થવા દીધું નથી. અને પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે કે જીવનભર એ ટેક સાચવી રાખે. મારી એ ટેક જાળવી રખાવનાર બૂસું છે. અકસ્માતને લઈને, કુદરત યા માણસના કોપને લઈને, વાકને લઈને, જાદને લઈને, બંડ, તટાવ કે વિપ્લવને લઈને જ્યારે જ્યારે રસોડું બંધ પડ્યું છે ત્યારે ભાગ્યના ભેરુ સમા, આસરાના સહારુ સમા, દુખીઓના વિસામા સમા, ઉદરશંકર, કસનજી કે જાની મારી વ્હારે ધાયા છે. આર્યનિવાસ કે સાબરકાંઠાના પ્રતિનિધિને અભાવે બૂસું એ વિપુરનું આસ્વાસન, એકલ દોકલનાનો આધાર અને ભૂખ્યાનું સૌન્યન છે. સવારના પહોરમાં બંધાતી પડીકાં ગણતો, ન્યું જ ચેલી પાસેની ચોટલની ધાના સહકાર સાથે બૂસું આરોગતા માણસોની સંખ્યા ગણતો અને સવારથી સાંજ સુધીની બૂસાની દુકાન પરની ઠક નીરખતો તો એમ માનવાને તમને કારણ મળશે કે સુરતનો એક મુખ્ય ધંધો મમરા સેવનો છે.

પ્રથમ ચોક દાણા પર ઓપીપુરામાં એક સેવઉંડીઓની દુકાન હતી અને એક બાજણ પર હતી એમ વડીલો કહે છે. મૂળ બૂસાનું કુટુંબ નાનું હતું અને તેમાં મમરા, સેવ અને ગાંઠીઆ એ ત્રણ જ વ્યક્તિઓ હતી. સુરતની વસતીની પેઠે એ કુટુંબ પણ બહોળું થવા લાગ્યું. ભજીયાં, પાતળાં, ખમણ, ઢોકળાં, ઓપાપુરી, કણી, પાપડ વગેરે પુત્રપુત્રીનો પરિવાર વધવા માંડ્યો. નાજેનરમાં તો દર વર્ષે રેસ્ટોરાંના નવા મોડલ સાથે નવી નવી વાનગી પેટીસ, મકાઈનો ચેવડો વગેરે વધતી જ જાય છે. હું એ મુબ દિનની વાટ જોઈ રહ્યો છું કે જ્યારે તેટલાં જ સ્વાદિષ્ટ દાળભાત રોટલી ને શાક એ મમરા

સેવવાળા બનાવશે અને પુરુષોની પરતંત્રતા પર જોર છે-ચોક કલા ! મારો

મારા બૂબ્બા એકલ દોકલ અને શાકેબાની આગતા સ્વાગતા કરી મમરા સેવવાળાઓ બેસી રહ્યા નથી, પણ ધાર્મિક અને ખાવિક ઘરાકોની તૃપ્તિ ખાન પૂરી પાડવા પણ તેઓએ બનતું કર્યું છે તેમના ધ્યાનમાં આવવું જોઈએ કે કૃપણ કરી આપનારને આભારે કેટલાકની અભિલાષા તૂટી અને પૃથ્વી પરના પુરુષમાં ઊણપ આવી તેમણે જાણવું જોવું જોઈએ કે કૃપણ ન બાવવાને બદલે કેટલાકે અભિલાષ કરવી ત્યજી અને પુરુષ ઘટ્યું એ પુરુષની ઊણપ આવતી અટકાવવા, કૃપણ કરી આપનારની ખામોટ પૂરવા અને ધર્મના કાર્યમાં મદદ કરવા કેટલાકે કૃપણની ચેવડો બનાવવા સુધીનો ભક્તિભાવ અને ધાર્મિકતા પણ બતાવ્યા છે

મમરાસેવવાળાઓએ સાધેલા વિકાસ અને કરેલી પ્રગતિનું મૂળ પણ એ વિશ્વાસ ભક્તિભાવ અને ધાર્મિકતામાં છે શરૂઆતમાં જ્યારે ભૂખ્યું લોકપ્રિયતા માટે નવ કરવું પડતું તે વખતે સેવમમરાવાળાઓએ કેળનું પાણી પણ સાથે વેચવા માટેનું કેળના પાણીથી બનાવેલા સેવ ગાંઠીઆ તેઓ વેચતા એટલું જ નહિ પણ શીખ્યા પાપડ વગેરે તમે ઘેર બનાવી શકો તે માટે દુકાનેથી કેળનું પાણી પણ વેચતા કેળનું પાણી તેઓ વેચે છે તેની આપ કરવા તે બાબતનું પાણિયું પણ દુકાને મારતા. મોગરો પીપ, તપેલાં કે તગારામાંથી કાઢતા ઘડતા ગર્ભના ઝીણા કટકાથી અલબત્ત સુવાસિત જળ તામડો ભરી બજાર બાવવામાં આવતું પર્ણ ધર્મને જાગૃત કરે છે, ભક્તિ પેદા કરે છે ઉચ્ચ ભક્તિની બાબતમાં ક્ષત્રિઓએ પણ આવી ધર્મપ્રવૃત્તિવાળી દુકાનોમાંથી મમરા સેવ ખરીદ આવ્યા આવા સ્વાદ અને શુદ્ધિ એમના મુદ્રાલેખ હતા તેમાં સુરતની શાન ત્રીજી ભળી. સ્વાદ, શુદ્ધિ અને શાન્તિએ ગાંધીના ભારતની ઘરમાં રહેતા મમરા સેવ વાળાઓની દુકાનોને પોતાના સુંદર ઘરમાં રહેતા વેપારીઓના મંડાણમાં ફેરવી નાખી

અમદાવાદ નાગરિકો અને સંસ્કારીઓના ગુમતા ધર્મ અને શાન્તિને હજમ કરવા પડ્યા છે આજની વધુ કાવ્યના તે બનાવમાં પણ શાંતિ અને કુતૂહલ

કરનારા માણસો હતા. આટલી નામચી કૅનનું પાણી કયા ભરી રાખતા હશે? રોજ કેટલાં થડ પીવીને આટલું પાણી કાઢતા હશે? આટલી કૅનનાં થર કઈ વારીમાંથી રોજ ને રોજ આવતાં હશે? આટલા માલની વજનીઆતને સુરત એકલું કેવી રીતે પહોંચી વળતું હશે? આવા પ્રશ્નો ને શંકાઓ કરનાર પણ ઘણા હતા એટલું જ નહિ પણ ખુદ કૅનનું પાણી લીધા વગર આવા પ્રશ્નો ખુદ મમરાસેવવાળાઓને પોતાને પૂછવાય પણ રાખ્યા હતા. પણ જવાબ ન દેવા પોતપોતાની રીતે કરી હતી રાખવાની મુત્સદ્દીઓની મુત્સદ્દીગીરી મમરાસેવવાળાઓમાં હતી અને તે દલીલ કરતાં વધુ સટોટાઈથી કુશંકા, કુતર્ક અને અશ્રદ્ધાને મદદ કરતી. એક ભાઈએ તો પોતાના વાડામાં મને લઈ જઈને પાણીના તળાવ પાસે પડેલું કૅનનું એક થડ મને બતાવેલું. એટલું મારે આજે આટલે વર્ષે પણ કબૂલ કરવું પડે છે. મને તો ખાતરી છે કે ગુજરાતના કોઈ ભાગમાં કૅનલીનગર વસાવી ત્યાં કૅનનું વાવેતર ને લોકોએ કર્યું જ હોવું જોઈએ. ત્યાર બાદ મમરા સેવનો ધંધો એટલો વધ્યો કે કૅનનું પાણી વેચવું બંધ કરવું પડ્યું. પણ શુદ્ધિની રીતિ તેમણે સંપાદન કરી તે આજે પ તેમણે જાળવી રાખી છે. માત્ર કોઈ ઘેર પાણીમાં બાંધેલા ચોટના પાપડ કે પૂરી બીજાનાં આડકેલાં ખાતાં નહોતાં. અને એ કે અમુકના વાવેલા મમરાસેવ ખાવામાં વાંધો લેવો પણ પોતે વાવેલા કે મારી પાસે મંગાવેલા મમરાસેવ વિના વાંધે ખાતાં. વિજ્ઞાનની દૃષ્ટિએ પણ કોઈના આ સિદ્ધાંતને નકારી શકે તેમ હતું. વિજ્ઞાનમાં ગરમીના બરાબર અને સારા વાહક Good conducter of heat અને Bad conducter of heat હોય છે તેમ શુદ્ધિ અશુદ્ધિનાં પણ હોય છે. કોઈબાના મતવા પ્રમાણે અમુક અશુદ્ધિનો ઝાપો વાહક હતો અને કૅનાપીઠનો પાણીની લીંક સુધીમાં સમસ્ત અશુદ્ધિઓ પડીકાને ભરી દઈ શકે તેમ હતો. એટલે તેના હાથના વાવેલા મમરાસેવ શુદ્ધિની નજરે ખાઈ શકતાં નહોતાં. બાકી કુકાનની શુદ્ધિને માટે તો તેમને માન હતું. આ બધા તેમની આસ્થાને ન હતી. મમરાસેવવાળાઓને મળી બાનગીમાં પૂછતાં મને માલમ પડેલું કે [illegible] કામ કરનાર પ્રત્યેક માણસ સવારે ચાર વાગે ટાઢે પાણીએ ન્હાઈ

લે છે, સંધ્યાપાઠ કરી લે છે, અને ત્યાર બાદ દુકાનનું કામ કરે છે, અને અશુદ્ધિની કોઈ પણ શંકા, લઘુ કે દીર્ઘ થતાં નહાવાનું ચૂકતો નથી. વસ્ત્રો-લણતાં, સાપારતાં, કામ કરતાં, ઉંઘ્યા ખાતાં તાપીમાતાને યાદ કરે છે અને માત્ર સ્મરણથી પુનિત કરતી સૂર્યપુત્રી ખરી કે માની લીધેલી અશુદ્ધિનો નાશ કરે છે.

